એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૩ અંક-૨
ડિસેમ્બર '૦૭ - જાન્યુઆરી '૦૮

મુખ્ય તંત્રી
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭ ૨૩૫૦

તંત્રી મંડળ
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
કુ. એક્તા કક્કા ૯૮૭૯૧ ૯૪૩૩૪

જાહેરાત, લવાજમ, નાણાંકિય વ્યવસ્થા
જયમીન સોની ૯૮૨૪૫ ૪૬૬૫૦

ડિઝાઈન, મુદ્રણ
જયેશ ઘડિયાળી ૯૮૨૪૦ ૪૮૪૮૭

વિતરણ વ્યવસ્થા
પ્રશાંત બિજલાની ૯૪૨૮૩ ૫૬૬૪૬

વેબ સાઈટ
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૮૯૮૬ ૩૦૧૨૯

કાર્યાલય વ્યવસ્થા
રાજેન્દ્ર સોની ૯૮૨૫૦ ૧૮૩૧૮

માનદ્ સલાહકાર
મનુભાઈ કોટડીયા અમદાવાદ
તુલસીદાસ કંસારા અમદાવાદ
સૂર્યકાન્ત સોની અમદાવાદ
શૈલેષ કંસારા ભુજ
કાન્તીભાઈ કંસારા રાજકોટ

માનદ્ સંયોજક (ભુજ)
પી.જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

કાર્યાલય
ધવલ જ્વેલર્સ
ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ -૧
ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

વેબ સાઈટ
www.gnyatisetu.com
ઈ-મેલ
editor@gnyatisetu.com

છૂટક કિંમત રૂા. ૨૦/-
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજુ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી



વહાલા વાંચકોનો ઈશુના નવ વર્ષ - ૨૦૦૮ની હાર્દિક શુભેચ્છાઓ. ગત વર્ષ ખરેખર અનેક રીતે અનેરું અને આગામી વર્ષ માટે શુભ સંકેત આપનારું નીવડ્યું છે. એના પર સરસરી નજર દોડાવીએ તો વર્ષાંતે, આપણા અમદાવાદ સમાજનું સ્નેહ મિલન. જૈન સમાજનો ખીચોખીચ ભરાયેલો હોલ, કચ્છમાંથી આવેલા અને અમદાવાદ ખાતે ભણતા વિદ્યાર્થીઓનો પરિચય, વેબસાઈટની જાહેરાત, કેન્સર હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓને સહાય કરતાં જ્યોતિબેનનો પરિચય અને ગાંધીધામ મંડળના પ્રમુખ શ્રી બગ્ગાના સંદેશ સાથે મેડિકલ ક્ષેત્રે દાનની જાહેરાત. આ વખતે કચ્છથી આવેલા બીજા અનેક મહાનુભાવોને પણ હાર્દિક નિમંત્રણ હતું. એટલે એ બધા સાથે થયેલો પરિચય. કહેવાય છે કે, 'all well that ends well.' આપણું ગત વર્ષ ખૂબ જ ગૌરવમય રહ્યું. તેની છાપ 'સેતુ'નો પ્રત્યેક અંક આપે છે. આ અંકના અંતિમ પૃષ્ઠ પર આપેલ 'સેતુ'ના સભ્યોની વૃધ્ધિ – 'સેતુ'ની વધતી લોકપ્રિયતાની શાખ પૂરે છે અને પ્રથમ પૃષ્ઠમાં શ્રી કાંતિભાઈ કંસારા - રાજકોટની 'સેતુ'ના સલાહકાર તરીકેની નિયુક્તિ તેમજ સુધાબેન બુધ્ધભટ્ટી - રાજકોટની માનદ્ સંયોજક તરીકેની સ્વીકૃતિ અને આ અંકના વિશિષ્ટ લેખો પણ એ જ બાબતની પુષ્ટી કરે છે. આગામી વર્ષના શુભ સંકેતો આપણે સહુ સમજીને બિરદાવીએ અને આપણા સમસ્ત જ્ઞાતિ સમુદાયમાં 'ઐક્ય'ની ભાવનાનું સિંચન કરીએ એવી શુભેચ્છાઓ.

અસ્તુ.

| અતુલ સોની | મનુભાઈ કોટડીયા | હંસરાજ કંસારા |
|---|---|---|
| માનદ્ મંત્રી | પ્રમુખ | મુખ્ય તંત્રી |

# સુભાષિત ચિંતન

*"आशा नाम मनुष्याणां काचिदाश्चर्य शृङ्खला ।*
*यया बद्धां प्रधावन्ति मुक्तास्तिष्ठन्ति पङ्गुवत् ।।"*

અર્થાત્, "આશા તો મનુષ્યો માટે કોઈક આશ્ચર્યજનક સાંકળ છે. જેનાથી બંધાયેલા જોરથી દોડે છે અને છૂટા રહેલા પાંગળાની જેમ ઊભા રહે છે."

ઉપરોક્ત સુભાષિતના અર્થમાં વિરોધાભાસ દેખાય છે. સામાન્યતઃ કોઈપણ વ્યક્તિ કોઈપણ પ્રકારના બંધનથી અવરોધાય છે, અટકી જાય છે અને બંધન વગર ગતિશીલ બની જાય છે. એટલું જ નહીં, પ્રાણીમાત્રથી લઈ પાણી જેવી નિર્જીવ ભૌતિક વસ્તુ પણ અવરોધાય છે. સામાન્યતઃ "બંધન" શબ્દનો સંદર્ભ પણ વિનાશ કે વિકૃતિ જ પ્રકટ કરે છે. ગંગાજળ જેવું પવિત્ર પાણી પણ ઘડારૂપી બંધનથી વિકૃત બની પોતાની પવિત્રતા ગુમાવે છે.

કોઈપણ વ્યક્તિ જ્યારે બૌધ્ધિક, માનસિક, આર્થિક, ભૌતિક કે આધ્યાત્મિક પ્રકારના સંઘર્ષરૂપી બોજ તળે દબાયેલો હોય છે, ત્યારે તે સંઘર્ષથી ઝઝુમવા હવાતિયા મારતો હોય છે. પરંતુ, આ બોજને દૂર કરવા કોઈપણ પ્રકારની 'આશા' દેખાતા જ, તે સંઘર્ષનો સામનો કરવા વધુ મજબુત બની, પ્રવૃત્ત બને છે, દોડે છે. એ આશારૂપી બંધન તેને વધુ પરિશ્રમ અને ત્યારબાદ સફળતા માટે આશ્વસ્ત બનાવે છે અને કૌતુક તો ત્યારે ઉદ્ભવે, જ્યારે તે આશાના આ બંધનના કારણે અશક્ય તેવી સફળતા મેળવી જ ઝંપે છે. સફળતાના માર્ગમાં આવનાર તમામ વિકટ પરિસ્થિતિઓ તેના આશાના આશ્વાસનથી મહદ્અંશે તેને સરળ દેખાય છે. પરિણામે, તે તેની મંઝીલ મેળવી શકે છે. કદાચ એટલે જ સુભાષિતકારે આશાને 'આશ્ચર્યજનક' સાંકળ કહી છે.

હવે, આની વિપરીત, જો એ વ્યક્તિ નિરાશ બની જાય તો તે બોજ તળે દબાયેલો ત્યાં જ ઊભો રહી જશે અને સંઘર્ષો સામે શરણાગતિ સ્વીકારી અસફળ સિધ્ધ થશે.

આ જ છે આશાના બંધનનું આશ્ચર્ય. બંધન દ્વારા સફળતારૂપી વિકાસ અને બંધનમુક્તિ દ્વારા અસફળતારૂપી વિનાશ! માટે કોઈપણ પ્રકારના સંઘર્ષ સમયે પ્રથમ 'આશા'નો કિરણ શોધવા મનોમંથનરૂપી દૃષ્ટિપાત અવશ્ય કરવો જોઈએ.

*કુ. એકતા કટ્ટા - અંજાર (કચ્છ)*

## ચિંતન

ભગવાનને પાંચ મુખ છે. ભગવાન પાંચમાં મોઢાથી ઉદાર થવાનું કહે છે. આમાં ભગવાનને કંઈ લેવું દેવું નથી. ભગવાન ઉદાર થવા એટલા માટે કહે છે, જેટલા તમે ઉદાર બનશો તેટલો તમારો જાત ઉપરનો વિશ્વાસ વધશે અને પ્રભુ ઉપરનો વિશ્વાસ વધશે. આ બંને બાબતો અધ્યાત્મમાં આવશ્યક છે.

ભગવાન પાંચ મોઢાથી પાંચ વાતો સમજાવે છે. ભગવાન કહે છે, 'તારે જો મારી પાસે આવવું હોય તો તું પાંચ વ્રતો રાખ. તારી પાસે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ હોવા જોઈએ. આ પાંચ વાતોમાં આખું વિશ્વ આવી ગયું. આ પંચાક્ષરી ઉપદેશ છે. ભગવાન પાંચ મોઢે આ પંચાક્ષરી કહે છે. જેમ પંચાક્ષરી એટલે 'નમઃ શિવાય' છે તેમ આ પંચાક્ષરી ઉપદેશ છે. આ પંચાક્ષરી ઉપદેશ આપણે જીવનમાં લાવીએ તો બધા પિશાચો ભાગી જાય.

ભગવાનના પાંચ મોઢા છે. જીવ ભગવાન પાસે જાય ત્યારે ભગવાન એક મોઢાથી જીવને બોલાવતા હોય. બીજું મોઢું ખાવા માટે છે. જીવ જે સારી સારી વાતો લઈ આવે, જેમ સુદામા પૌંઆ લઈ આવ્યા હતા, તે ભગવાન ખાય. ત્રીજું મોઢું ભક્ત સાથે વાતો કરવા માટે છે અને ચોથા મોઢાથી ભગવાન ભક્તને બચી કરે છે અને પાંચમું મોઢું આનંદ માટે છે. તેથી ભગવાન 'સદાનંદ' છે.

ભગવાનના પાંચ મોઢા છે. તેથી ભગવાનની ભૂખ પણ જબરદસ્ત છે. થોડાથી ભગવાન સંતુષ્ટ કે પ્રસન્ન થતા નથી. આપણે તો એક કપ ચા મળે તો પ્રસન્ન થઈએ. ભગવાનનું એવું નથી. આપણે ભગવાનને કહીએ કે 'ભગવાન તારા કામ માટે સાત દિવસ આપ્યા તે કંઈ ઓછા છે? હા. ઓછા છે. એનું કારણ ભગવાનની ભૂખ જ જબરી છે. આપણે એક મોઢાથી કેટલું ખાઈએ છીએ? તો ભગવાન પાંચ મોઢાથી બધું ન ખાય? ખાય જ. તમે આપતા જાઓ અને ભગવાન ખાતા જાય. આપણે ગમે તેટલું આપીએ પણ તેને ઓડકાર જ નહીં. તે માટે અન્નપૂર્ણાને નમસ્કાર કરવા જોઈએ. તો જ પાંચ મોઢાવાળા ભગવાનનું પેટ ભરાય અને ઓડકાર આવે. **सदानंदमीडे प्रभु पंचवकगम् ।**

*પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીના પ્રવચન પરથી સંકલિત*
*પ્રેષક : બિહારીલાલ બુધ્ધભટ્ટી - રાજકોટ*

# મહામંડળનો મર્મ

**• સોની હરિલાલ લખમશી (અંજાર) •**

અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળની સ્થાપનાના એક વર્ષ પછી યોજાયેલ પ્રથમ project અને આપણા સમગ્ર સમાજને આવરી લેતો 'પ્રથમ પરિચય મેળો ૨૦૦૭' જ્ઞાતિના સહકાર અને જ્ઞાતિના સહકાર્યથી સફળતાપૂર્વક પાર પડી શક્યો. સર્વેને અભિનંદન.

સેતુના માધ્યમથી પરિવાર સાથે મહામંડળ અંગે વાત કરવાનું સદ્ભાગ્ય આપવા માટે સેતુ તંત્રી મંડળ અને ખાસ કરીને મુ. શ્રી હંસરાજભાઇનો આભાર.

પ્રતિભા પરિચય મેળો યોજાયો. સ્થળ પર જ કાઉન્સેલિંગ સેશનમાં ૩૧ જેટલી યુવા પ્રતિભાએ પરસ્પરનો પરિચય મેળવવા માટેની મીટીંગ પણ થઇ અને સંબંધો પણ બંધાશે. આજે જ એક મહામંડળનો આભાર માનતો ફોન હતો કે ભાઇની સગાઇ, પરિચય મેળાની માહિતીના આધાર ગોઠવાઇ છે - તેમને સમગ્ર જ્ઞાતિ તરફથી અભિનંદન અને શુભેચ્છા. સાથે સાથે કચ્છમાં જ દસેક જેટલા સંબંધોનું કાઉન્સેલિંગ ચાલુ છે. તેની માહિતી ભુજથી મળી.

પરિચય મેળાની સફળતા જ્ઞાતિની મહામંડળ તરફની લાગણી અને માન દર્શાવે છે. તંત્રીશ્રી હંસરાજભાઇના શબ્દોમાં કહું તો 'મસ્કતથી મસ્કા' સુધીના ઉમેદવારોએ ભાગ લીધો અને એથી વધારે જ્ઞાતિનાં આટલા મોટા ફલક સુધી મહામંડળનો એક અવાજ પહોંચ્યો અને એને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો. સાથે હજુ ઘણી જગ્યાએ જ્ઞાતિ પરિવારો સુધી આપણે પરિચય નથી કેળવી શક્યા એ પણ આપણી અધૂરાશ છે. સમય, સંપર્ક સૂત્રોનો અભાવ પણ અલબત્ત કારણભૂત છે.

પણ એનું નિરાકરણ હાથવગું જ છે. આજે જે પણ જ્ઞાતિજન સુધી મહામંડળને સંદેશ પહોંચ્યો છે તે તમામ જ્ઞાતિથી દેશ પરદેશમાં રહેતા તેમના Counter part સંબંધી સગા પરિચિત સુધી આ સંદેશ પહોંચાડે અને આપણે દરેક જ્ઞાતિજન સુધી પહોંચાડી શકીએ. તો જ સાચા અર્થમાં 'અખિલ ભારતીય' શબ્દને સાર્થક કરી શકીએ. દુનિયાના કોઇપણ છેડામાં રહેતો મારૂ કંસારા સોનીનો સદસ્ય મહામંડળ સાથે સંપર્ક સેતુથી જોડાયેલો હોય તે જોવાની ફરજ દરેક જ્ઞાતિજનની છે.

પરિચય મેળાની સફળતા પછી, હવે પ્રથમ પ્રોજેક્ટની સફળતા પછી મહામંડળના નેજા હેઠળ જ્ઞાતિના સર્વાંગી વિકાસ તરફ આપણું સમગ્ર ધ્યાન દેવું છે. હવે બીજા પડાવો તરફ વિચારીશું અને એ છે 'શિક્ષણ'. ફક્ત પુસ્તકોનું શિક્ષણ જ નહીં, વ્યવહારિક અને વ્યવસાયિક શિક્ષણ. જ્ઞાતિના યુવકો યુવતીઓને વ્યવસાયીક રીતે 'સેલ્ફ મેઇડ' બનાવવા માટેનું શિક્ષણ. આપણી જ્ઞાતિમાં શિક્ષણનો વિસ્તાર તો થયેલો જ છે પણ હવે વ્યાપ વધારવો છે. વ્યાપનો અર્થ હું 'ગુણવત્તા' લઉં છું. ગ્રેજ્યુએશન પછી પણ ઘણા પાસે પ્રેક્ટીકલ, વ્યવહારીક આવડત ઓછી હોય છે. એક સર્વસામાન્ય નિયમ છે કે પુત્રને પિતાની કોલેજમાં અને પુત્રીને માતાની કોલેજમાં જે શીખવા મળે તે શિક્ષા દુનિયાની કોઇ કોલેજ નહીં આપી શકે. અને આપણી જ્ઞાતિનું મહામંડળ પિતા અને માતાનું શિક્ષણ આપણા પુત્ર-પુત્રીઓને આપવા વિચારે તે માટેના સૂચનો હું જ્ઞાતિના શિક્ષણશાસ્ત્રીઓ પાસે માંગું છું. શું અને કેમ કરી શકાય તે માટે તમારા અનુભવો - તમારા મૌલિક વિચારો આપો અને આપણે સાથે મળીને તે માટે કંઇક કરીએ. જે સાર્થક થશે.

## પરિવાર કેવો હોવો જોઇએ?

| | | |
|---|---|---|
| બંધારણ ન હોય | - | વ્યવસ્થા હોય |
| ભય ન હોય | - | ભરોસો હોય |
| કાયદા ન હોય | - | અનુશાસન હોય |
| મદદ ન હોય | - | પ્રસાદ હોય |
| સંપર્ક ન હોય | - | સંબંધ હોય |
| આગ્રહ ન હોય | - | આદર હોય |
| શાસન ન હોય | - | સહકાર્ય હોય |
| શોષણ ન હોય | - | પ્રેમ હોય |
| સૂચના ન હોય | - | સમજણ હોય |
| કલેશ ન હોય | - | કદર હોય |
| ફરીયાદ ન હોય | - | કર્તવ્ય હોય |
| અવલંબન ન હોય | - | આત્મિયતા હોય |
| સત્તા ન હોય | - | સમજણ હોય |
| શરણાગતી ન હોય | - | સર્જન હોય |

પરિવારમાં પ્રેમ, પ્રભુ અને પ્રસન્નતાનો ત્રિવેણી સંગમ હોય.

પરિવાર એટલે શિસ્તબધ્ધ, સંન્નિષ્ઠ, સહયોગી અને સમર્પણ યુક્ત લોકોના ચતુષકોણ એનું જ નામ સાચો પરિવાર

***સંકલન : બીના હેમેન્દ્રભાઇ કંસારા - નખત્રાણા***

# અહીં બંધાયેલો એકપણ સંબંધ તૂટે નહીં

પ્રતિભાશાળી યુવક-યુવતીઓ યોગ્ય જીવનસાથીની ખોજમાં આંતરજ્ઞાતિ તરફ ન ફંટાય અને તેમનો સમાજને લાભ મળે તે હેતુથી પસંદગીની તક પૂરી પાડવા અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળે પ્રથમ યુવા પરિચય મેળાનું ભુજમાં આયોજન કર્યું હતું, જેને દેશભરમાંથી આવેલા ૨૦૦ જેટલા ઉમેદવારોએ ભાગ લઈ સફળતા અપાવી હતી.

> *યુવા પરિચય મેળા દરમ્યાન જ્ઞાતિના આગેવાનો, યુવા કાર્યકરો તેમજ મહિલા મંડળની સંગઠીત શક્તિનો પરિચય થયો.*
> *બિહારીલાલ બુદ્ધભટ્ટી - રાજકોટ*

આ યુવા મેળાને મૂર્તિમંત કરવા 'યુવા પ્રતિભા પરિચય પુસ્તિકા'નું ગઠન કરાયું હતું જેને ઢોલ શરણાઈ સાથે બાલિકાઓ છાબમાં લઈ આવી હતી ત્યારે જ્ઞાતિના કુલગુરૂ સુમનભાઈ વ્યાસે આશીર્વચન આપી મહામંડળના પ્રમુખ પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી સાથે વિમોચન કર્યું હતું. જેમાં મંચસ્થ અગ્રણીઓ જોડાયા હતા.



આ પ્રસંગે મહામંડળના પ્રમુખશ્રી ગુજરાતીએ મહામંડળ અને પુસ્તિકા સંદર્ભે માહિતી આપી સહયોગીઓની મહેનતને બિરદાવી સમાજના જાહેર કાર્ય માટે ઘરદીઠ ફંડના વિચારને આવકારી ઘટકના મહિલા મંડળને જવાબદારી સોંપાશે તેમ જણાવ્યું હતું. તેમના વડીલોના સ્મરણાર્થે ટ્રસ્ટ દ્વારા શિક્ષણક્ષેત્રે સ્કોલરશીપ અપાય છે તેનો વિસ્તાર વધારી જરૂરતમંદ તેજસ્વી છાત્રોને સહયોગી બનવાની ઉપરાંત જ્ઞાતિ ગ્રંથ માટે આર્થિક સહયોગની જાહેરાત કરી હતી. સમાજ અને વ્યવસાયના વિકાસ માટે શિક્ષણને જરૂરી ગણાવ્યું હતું.

અહીં બંધાયેલો એકપણ સંબંધ તૂટે નહીં તેવો અનુરોધ કરી સમિતિના કન્વીનર હરિલાલભાઈ એલ. સોનીએ સમાજમાં લગ્ન સંબંધો તૂટવા જેવી ઘટનાઓથી મુખરિત થવા કરાયેલા આ આયોજનમાં ૪૫૦ ઉમેદવારોએ નામાંકન કરાવ્યું છે. જેમાં ૧૩૫ સ્નાતક, ૨૫ અનુસ્નાતક, ૧૩ બી.ઈ., ૧૨ કોમ્પ્યુટર એન્જિ., ૧૨ મેડિકલ, ૪ સી.એ. વગેરે જોડાયા હોવાની વિગતો આપી સમૂહલગ્નનો વિચાર વહેતો મૂકી કન્યાઓની નોંધણીને પ્રાયોજિત કરી હતી. માનદ્‌મંત્રી પ્રેમજીભાઈ સોલંકીએ મહામંડળના નેજા હેઠળ સમાજ એક પ્રવાહમાં જોડાઈ રહે તે માટે સાત સમિતિ રચાઈ હોવાની વિગતો આપી હતી.

> *યુવા પરિચય મેળાનો આખોય કાર્યક્રમ શિસ્તબધ્ધ હતો.*
> *ચંદુભાઈ સોની- જબલપુર*

જ્ઞાતિના અમદવાદથી પ્રસિદ્ધ થતા મુખપત્ર સેતુના મુખ્યતંત્રી હંસરાજભાઈ કંસારાએ સ્વત્વની છણાવટ કરી જ્ઞાતિનું પ્રથમ પુસ્તક બહાર પાડ્યું છે તેમ પૂર્વના ઈતિહાસને ગ્રંથસ્થ કરવા સૂચન કરી જ્ઞાતિમાં મહિલા સશક્તિકરણ વિશે વિગતે વાત કરી હતી. પ્રોજેક્ટ મંત્રી સમીર કંસારાએ પુસ્તિકા માટેના સહયોગીઓનું મહામંડળની આગામી કારોબારીમાં સન્માન કરાશે તેમ જણાવ્યું હતું.

ગાંધીધામ ઉત્કર્ષ મંડળ દ્વારા ૨૦ હજાર ઉપરાંત અંજાર, રાયપુર, અમદાવાદ, છત્તીસગઢ અને જામનગર સમાજ વગેરેના અગ્રણીઓ દ્વારા દાન જાહેર કરાયું હતું.

યુવા ઉમેદવારના પરિચયમાં દર્શનાબેન ગુજરાતી, રોહિણીબેન વગેરે સહયોગી બન્યા હતા. કાર્યક્રમમાં શિહોરથી પ્રસિદ્ધ થતા હિતેચ્છુના તંત્રી અરવિંદ પવાર, ભુજ જ્ઞાતિના પ્રમુખ અમૃતલાલ સોલંકી, ઉપપ્રમુખ કિશોરભાઈ ચનાણી, કચ્છ મિત્રના વ્યવસ્થાપક શૈલેષભાઈ કંસારા, સામાજીક સમિતિના અધ્યક્ષ ઇન્દુભાઈ સોલંકી, ભુજ મહિલા મંડળના પ્રમુખ લતાબેન સોલંકી, અંજાર મહિલા મંડળના પ્રમુખ શાંતાબેન બારમેડા, યુવક મંડળના પ્રમુખ અનિલ છત્રાળા, સુનિલ કંસારા, નખત્રાણાના હીરાલાલ સોની, હેમેન્દ્ર કંસારા, જીલ્લા ભાજપના મહામંત્રી ભરતભાઈ સોની, ગાંધીનગરના માહિતી અધિકારી શાંતિલાલ સોની, જે.એમ. સોની, ચુનીભાઈ પોમલ, પી.જી. સોની, ઓરીસ્સા ઈફકોના ડેપ્યુટી જનરલ મેનેજર અરૂણભાઈ કંસારા, અમદાવાદ જ્ઞાતિ પ્રમુખ શ્રી મનુભાઈ કોટડીયા અને મંત્રી શ્રી અતુલભાઈ સોની, માધાપર જ્ઞાતિના પ્રમુખ હસમુખ મૈચા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

*– સંકલિત*

# યુવા પરિચય મેળો

• બિહારીલાલ બુધ્ધભટ્ટી - રાજકોટ •

તા. ૧-૧૨-૦૭ એટલે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિનો ઈતિહાસનો સુવર્ણ દિવસ. સમાજની આજની જે તાતી જરૂરિયાત હતી તે આ દિવસે સાકાર થઈ. આ દિવસ એટલે "યુવા પરિચય મેળો." જ્ઞાતિના અખિલ ભારતીય મહામંડળ રચાયા પછીનો પ્રથમ શ્રેષ્ઠ કાર્યક્રમ થયો. જ્ઞાતિના આગેવાનો અને યુવા કાર્યકરો તેમજ મહિલા મંડળની સંગઠિત શક્તિનો પરિચય થયો. આ કાર્યક્રમ સફળ બનાવવા પાછળ બધા જ નામી અનામી કાર્યકરો નમસ્કારને પાત્ર છે. આ વિચાર અમલમાં આવ્યો તે પહેલા "લગ્ન સેતુ"ના નામથી કાર્ય શરૂ કરવાનું નક્કી કરેલ. પ્રોફોર્મા પણ તૈયાર કરેલ પણ અમલમાં મૂકવામાં થોડી વાર લાગતાં પરિચય મેળાનો પરિપત્ર આવ્યો. પરિચય પુસ્તિકાથી વિચારને સાકાર સ્વરૂપ મળ્યું. એક અત્યંત ઉપયોગી એવી આ પરિચય પુસ્તિકાથી જ્ઞાતિજનોની અનેક વ્યવહારીક મુશ્કેલીઓ દૂર થશે.

આ પરિચય મેળા પછી તા. ૩-૧૨-૦૭ના સમૂહ લગ્ન થયા. જે ૨૨મો સમૂહ લગ્નનો ઉત્સવ હતો. ૨૧ યુગલોએ પોતાના જીવનની એક મહત્ત્વની એવી ગૃહસ્થાશ્રમની કેડીમાં પગરવ માંડ્યા. આજના આ અત્યંત મોંઘવારીના યુગમાં સમૂહ લગ્ન ઉપયોગી છે. ઉપરાંત સમૂહલગ્ન એક જ્ઞાતિજનોના મિલનનો અવસર છે. અને આ મિલનથી નવા સંબંધો રચાય છે.

લગ્ન એટલે ફક્ત ચાર ફેરા ફરવા એટલું જ નથી. જીવના સોળ સંસ્કારમાં એક સંસ્કાર છે. અને મનુષ્ય જીવનની એક આવશ્યક અવસ્થા છે. લગ્ન સંસ્કાર એ આપણા ઋષિઓની દેન છે. સંસારથી ભાગીને નહીં પણ સંસારમાં રહીને ભગવાન સુધી પહોંચાય છે. નરસિંહ મહેતાએ કહ્યું છે, 'સંસારમાં સરસો રહે મન મારી પાસ.' સંસારમાં રહી મન ભગવાનને આપી એના થઈ શકાય છે. ગૃહસ્થાશ્રમ ચાર આશ્રમમાંનો મહત્ત્વનો આશ્રમ છે. જેનાથી કુટુંબ પ્રત્યે, સમાજ પ્રત્યે, રાષ્ટ્ર પ્રત્યેની ફરજ બજાવી શકાય છે. લગ્ન એ આજીવન સાથે રહેવાનું વ્રત છે, દીક્ષા છે અને સપ્તપદી, એ ચિર સહવાસની પ્રતિજ્ઞાનું પ્રતીક છે. આજે જ્યારે વ્યક્તિ સ્વાતંત્ર્યનો પવન ફુંકાવા લાગ્યો છે અને ઠેર ઠેર સ્ત્રીને પુરૂષ સમોવડી બનવાના બણગા ફુંકાય છે ત્યારે તો સપ્તપદીમાંની વધૂની પ્રતિજ્ઞાઓ વિશેષરૂપે સમજવા જેવી છે. સંસારના આ બધા જ મધુર ભાવો જો પ્રભુ તરફ વળે તો એ જ સાચી ભક્તિ બની રહે છે અને સામાન્ય Marriageનું રૂપાંતર Spiritual Marriageમાં થઈ જાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| **M** | - | Merging | - | આત્મ સમર્પણ |
| **A** | - | Ambition | - | મહત્વાકાંક્ષા |
| **R** | - | Respect | - | સન્માન |
| **R** | - | Response | - | આવકાર (સ્વાગત) |
| **I** | - | Intimacy | - | ગાઢ ઐક્ય |
| **A** | - | Accredition | - | વિશ્વાસ |
| **G** | - | Gaiety | - | આનંદ |
| **E** | - | Eternity | - | શાશ્વતતા |

- **MERGING - આત્મ સમર્પણ :**
  *તજી રંગરૂપને રસને સરિતા સાગરે ભળતી*
  *તજી મીઠાશ પોતાની, નદી સાગર બની જાતી*
  *પરણવું એટલે સ્ત્રીનું પતિમાં છે ભળી જવું,*
  *ધરી જીવન પતિ ચરણે સદા એના બની રહેવું.*
  *નહીં સંકલ્પ કે નિર્ણય, અહં રહેતો નહીં નિજનો*
  *પતિ પૂજા મહીં સાચો, દીસે વિકાસ જીવનનો.*
- **AMBITION - મહત્ત્વાકાંક્ષા :**
  *ચહે મોટા થવા બેઉ કરી ધ્યેયનું પૂજન*
  *કરે છે ધ્યેયના વૃક્ષે જીવનવારિ તણું સિંચન*
- **RESPECT - સન્માન :**
  *પતિના તેજની સામે સતી મસ્તક ઝુકાવે છે*
  *કરી સદ્‌ગુણની પૂજા સદા સન્માન આપે છે*
  *નહીં સ્ત્રી ભોગદાસી છે જીવનની ભાવના એ તો*
  *ખરો ભર્તા સદા ભાર્યા તણું ગૌરવ વધારે છે.*
- **RESPONSE - આવકાર (સ્વાગત) :**
  *નિહાળી કાન્તના મુખને સતી ઉરમાં ચડે ભરતી*
  *સતીના સ્નેહની મૂર્તિ પતિ ઉરમાં સદા રમતી.*
- **INTIMACY - ગાઢ ઐક્ય :**
  *દીસે છે પ્રેમની ઉષ્મા અને ભીનાશ ભાવોની*
  *નહીં એ ઐક્યને સ્પર્શે અસર ખોટા વિચારોની*
  *વિચારોમાં દીસે સમતા સદા થઈ એક એ રહેતા*
  *રહે સત્કાર્યોમાં સાથે નહીં મનથી જુદા પડતા.*
- **ACCREDITION - વિશ્વાસ :**
  *જીવન નૌકા વહે વિશ્વાસથી સંસાર સાગરમાં*
  *પરસ્પર પ્રેમનો નાતો નહીં શંકા દિલે ધરતા.*
- **GAIETY - આનંદ (સ્વાગત) :**
  *સદા આનંદમાં રહેતાં થઈને મસ્ત મસ્તીમાં*
  *સહે સઘળું મળે આવી ગણી પ્રભુપ્રેમ ભક્તિમાં*
- **ETERNITY - શાશ્વતતા :**
  *ક્ષણે જોડે ક્ષણે તોડે નહીં એ પ્રેમ છે સાચો*
  *રહે શાશ્વત અને સરખો પ્રવાહ એ પ્રેમ તો સાચો.*
  *બધા સંસારના ભાવો વળે ભગવાન સામે જો*
  *ખરે સંસારની પ્રીતિ થઈ ભક્તિ ખરી સમજો.*

*પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીના પ્રવચન પરથી સંકલિત*

*ગૃહસ્થ જીવન માનવ પ્રાણીની શ્રેષ્ઠતાનું પ્રતીક છે.*

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ-ભુજ આયોજિત - બાવીસમો સમૂહ લગ્ન સમારોહ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા ૨૨મા સમૂહલગ્ન સમારોહનું આયોજન તા. ૩-૧૨-૨૦૦૭ સોમવારના રોજ ભુજ મધ્યે યોજવામાં આવેલ. આ સમૂહલગ્નમાં ૨૧ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા.



સમાજમાં સમૂહલગ્ન બાબતે જાગૃતિ આવે અને ભભકાદાર લગ્નના ખોટા ખર્ચાઓના સકંજાઓમાંથી લોકો બહાર આવે તેવા ઉદ્દેશો સાથે યોજાતા સમૂહલગ્નમાં નાના-મોટા વર્ગના જ્ઞાતિજનોએ ભાગ લઈ એક જ લગ્નમંડપ નીચે સમૂહમાં લગ્નગ્રંથિથી જોડાઈને અન્યને પ્રેરણારૂપ બની ૨૨મા સમૂહલગ્નને યશપૂર્વક સફળતા અપાવેલ છે.



તા. ૩-૧૨-૨૦૦૭ સોમવારના સવારે ૯-૦૦ કલાકે શ્રી બિપીનભાઈ શીવજી બુધ્ધભટ્ટી પરિવાર તરફથી શ્રી ગણેશ પૂજા કરવામાં આવેલ. ત્યારબાદ પૂ. ગોરશ્રી સુમનલાલ ત્રંબકલાલ વ્યાસના આચાર્યપદે વેદોચ્ચાર-મંત્રો સાથે લગ્નવિધિથી જોડાઈ જ્ઞાતિના ૨૧ સુપુત્રો-સુપુત્રીઓએ પ્રભુતામાં પગલા પાડેલ.

સમૂહલગ્ન સમારોહના પ્રમુખસ્થાને શ્રી રસિકભાઈ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી-ભુજ તેમજ અતિથિવિશેષ પદે (૧) શ્રી જમનાદાસ કરસનદાસ કટ્ટા, (૨) શ્રી શશીકાંત માવજી બુધ્ધભટ્ટી, (૩) શ્રી વિનોદચંદ્ર શાંતિલાલ ગુજરાતી-દહિંસરા, (૪) શ્રી નરેન્દ્ર વાલજી બુધ્ધભટ્ટી-અંજાર, (૫) શ્રી સુરેશ પ્રાગજી સોલંકી-માંડવી, (૬) શ્રી શાંતિલાલ મુળજી સાકરિયા-રવાપર (ખાસ આમંત્રિત), (૭) શ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી, (૮) શ્રી નવીનભાઈ ઈંદરજી હેડાઉ-ભુજ તેમજ શ્રી બિપીનભાઈ શીવજી બુધ્ધભટ્ટી-ભુજ, શ્રી ઝવેરીલાલ શીવજી બુધ્ધભટ્ટી-ભુજ તેમની હાજરીએ શોભામાં અભિવૃધ્ધિ કરેલ.



આ પ્રસંગે કચ્છ તેમજ કચ્છ બહારથી વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોએ પધારી શોભામાં અભિવૃધ્ધિ કરેલ.

લગ્નવિધિ તેમજ સમૂહ ભોજન બાદ સાંજે ૪-૦૦ વાગ્યે નવદંપતિઓને સત્કારવા સત્કાર સમારંભ યોજવામાં આવેલ.

સત્કાર સમારંભની શરૂઆત શ્રી ઝવેરીલાલ શિવજી બુધ્ધભટ્ટીના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ. પૂ. ગોરબાપા શ્રી સુમનલાલ ત્રંબકલાલ વ્યાસના આશિર્વચન બાદ આમંત્રણને માન આપીને પધારેલ મોંઘેરા મહેમાનો અંજાર જ્ઞાતિપ્રમુખ શ્રી રાજેશ કે. વીસા પરમાર, ગાંધીધામ ઉત્કર્ષ મંડળના શ્રી ભરતભાઈ તુલસીદાસ બગ્ગા, મુંબઈના હરીલાલ ધનજી બારમેડા, રવાપર જ્ઞાતિ આગેવાન શાંતિભાઈ સોની, રાયપુર જ્ઞાતિના પ્રકાશ વી. બારમેડા, માંડવીના વિનોદભાઈ હેડાઉ જ્ઞાતિ પ્રમુખ તેમજ જ્ઞાતિ અગ્રણી મગનભાઈ ચનાણી-ભુજ, હિતેચ્છુ સામયિકના તંત્રીશ્રી અરવિંદ પવારભાઈ તેમજ પશ્ચિમ કચ્છના જ્ઞાતિ પ્રમુખ હીરાલાલ એમ. બગ્ગા અને નખત્રાણા જ્ઞાતિના પ્રમુખ હિંમતભાઈ બગ્ગા, અમદાવાદના અગ્રણી અતુલભાઈ બગ્ગા, સેતુના સહતંત્રી કુ. એકતા કટ્ટા વગેરે પધારેલ જ્ઞાતિ આગેવાનો અને જ્ઞાતિ પ્રમુખશ્રીઓનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ. તેઓએ સર્વે નવદંપતિઓને આશિષ સાથે શુભેચ્છા પાઠવેલ.

ત્યારબાદ સમારોહના પ્રમુખશ્રી તથા અતિથિ વિશેષશ્રી દ્વારા નવદંપતિઓનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું.

કન્વીનરશ્રી નીતિનભાઈ અમૃતલાલ હેડાઉએ નવદંપતિઓને શુભેચ્છા પાઠવી તેમજ સુંદર આયોજન બદલ નવયુવાન કાર્યકરોને બિરદાવેલ.

ત્યારબાદ જ્ઞાતિ મંત્રીશ્રી દિલીપભાઈ કાનજી બગ્ગા તેમજ

પ્રભુદાસ ખેતશી ગુજરાતીએ નવદંપતિઓને સુખમય જીવનની શુભકામના સાથે શુભેચ્છા પાઠવેલ. ત્યારબાદ સમારંભના પ્રમુખશ્રી રસિકભાઇ ઝવેરીલાલ બુધ્ધભટ્ટીએ કન્યાઓ માટે સમૂહલગ્નમાં જોડાવાનો પ્રવેશફોર્મ તેમજ ફી ન લેવા તેમજ જ્ઞાતિ સંગઠિત બને તે અંગેનું આયોજન કરવા જ્ઞાતિજનોને જણાવ્યું હતું તેમજ નવદંપતિઓને શુભેચ્છા પાઠવી હતી. જ્ઞાતિ પ્રમુખશ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકીની જગ્યાએ કાર્યકારી જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઇ જે. ચનાણીએ ૨૧ નવદંપતિઓને સુખમય જીવન નીવડે એવા આર્શિવાદ પાઠવ્યા હતા અને પાર્ટી પ્લોટ તેમના માતુશ્રી રૂક્ષ્મણીબેન જટુભાઇ ચનાણીના નામે બનાવી આપવાની જાહેરાત કરી હતી. તે સર્વે જ્ઞાતિજનોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધેલ હતી. તેઓએ યુવાન કાર્યકરોને બિરદાવેલ અને સમૂહલગ્નમાં જોડાયેલ નવદંપતિઓને આર્શિવચન આપેલ અને હજુ પણ વધુ જ્ઞાતિજનો આ સમૂહલગ્નમાં જોડાય તેવી અપીલ કરી હતી.



વિવિધ સ્થળોએથી ૨૨મા સમૂહલગ્ન પ્રસંગે આશિર્વચન અને શુભેચ્છા સંદેશ આવ્યા હતા જેમાં જ્ઞાતિના પ્રમુખશ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકીના સંદેશાનું વાંચન કરવામાં આવ્યું હતું.

૨૨મા સમૂહલગ્ન પ્રસંગે સમિતિ તરફથી મળેલ ભેટ ઉપરાંત જ્ઞાતિજનો તરફથી મળેલ કુલ ૩૧ આઇટમો (ગીફ્ટ)નું નવદંપતિઓને વિતરણ કરવામાં આવેલ.

ઉપરાંત આવેલ ગૌદાનમાં સમૂહલગ્ન સમિતિના ઉમેરીને દરેક કન્યાને રૂા. ૧૦૨૫/- ના કવર મહેમાનોના વરદ્ હસ્તે ભેટ આપવામાં આવેલ. આ ૨૧ નવદંપતિઓના લગ્નની સરકારી નોંધણી કાર્યની વ્યવસ્થા સ્થળ ઉપર કરવામાં આવેલ અને મેરેજ સર્ટિફિકેટો, ગીફ્ટની વસ્તુઓ સાથે જ સોંપવામાં આવેલ.

આ વર્ષે સમૂહલગ્નની જાહેરાત-સ્ટેશનરી ખર્ચના સૌજન્ય દાતાશ્રી ઝવેરીલાલ શીવજી બુધ્ધભટ્ટી-ભુજ તરફથી મળેલ તેમજ લગ્નપત્રિકા ખર્ચના સૌજન્ય દાતા સ્વ. ખેતશી ખેંગાર ગુજરાતી પરિવાર-ભુજ તેમજ ધાર્મિક ખર્ચના દાતા શ્રી બિપીનભાઇ શિવજી બુધ્ધભટ્ટી પરિવાર તરફથી મળેલ.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા જ્ઞાતિ પ્રમુખશ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી, યુવક મંડળના પ્રમુખશ્રી અનિલ છત્રાળા, મહિલા મંડળના પ્રમુખ લતાબેન સોલંકી, કન્વીનરશ્રી નીતિનભાઇ અમૃતલાલ હેડાઉ, મંત્રી ચેતન આઇ. બારમેડા, ઉપપ્રમુખશ્રી કિશોરભાઇ જે. ચનાણી, મંત્રી દિલીપભાઇ કાનજી બગ્ગા, ખજાનચી હિતેશ ધીરજલાલ પોમલ તેમજ તમામ જ્ઞાતિ કારોબારી સભ્યો, સમૂહલગ્ન સમિતિના સભ્યો તેમજ નામી-અનામી અસંખ્ય કાર્યકરોના સહકારથી આ ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન સ.સ.ના મંત્રીશ્રી ચેતનભાઇ ઇશ્વરલાલ બારમેડાએ કરેલ.

*– ચેતન બારમેડા, ભુજ*

## કુ. આરતી હર્ષદભાઇ સોની





*એમ.બી.એ.ની આંતરરાષ્ટ્રીય ડિગ્રી મેળવતા કુ. આરતી*

આપણી જ્ઞાતિના ભુજના અગ્રણી દાતા સોની જટુભાઇ વેલજી આણંદજી પરિવારના હર્ષદભાઇનાં સુપુત્રી કુ. આરતીએ ગ્લોબલ એમ.બી.એ.ની પદવી પ્રાપ્ત કરી મારૂ કંસારા સોની જ્ઞાતિને આંતરરાષ્ટ્રીય પ્રતિભા અપાવેલ છે.

કુ. આરતીએ SSC સુધીનો અભ્યાસ ભુજની સેન્ટ ઝેવિયર્સ સ્કુલ માંથી કરેલ. વર્ષ ૨૦૦૧ના ભૂકંપ બાદ આરતીએ આગળનો અભ્યાસ બેંગ્લોરમાં ICSE બોર્ડમાંથી હાયર સેકન્ડરી પરીક્ષામાં ૭૮% પરિણામ મેળવેલ. ત્યારબાદ બેંગ્લોરની ભગવાન મહાવીર જૈન કોલેજમાંથી ૮૧% ડીસ્ટીંક્શન માર્કસ સાથે B.Com પૂર્ણ કરેલ. અભ્યાસ ક્ષેત્રે આગળ વધી આરતીએ બેંગ્લોરની JGI MATS School of Business તથા ફ્રાન્સની ESC Pav યુનિવર્સિટી માંથી M.B.A.ની ગ્લોબલ ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. હાલમાં આરતીએ બેંગ્લોરની પ્રતિષ્ઠિત I Gate કંપનીમાં સિનીયર પ્રોસેસ એસોસિએટની પોસ્ટ પર નિમણુંક મેળવી ચનાણી પરિવાર તથા સમગ્ર જ્ઞાતિ પરિવારનું નામ ઉજાગર કરેલ છે.

આ અંગે આરતીએ જણાવેલ છે કે તેમની અદમ્ય ઇચ્છા આ ક્ષેત્રમાં આગળ વધવાની હતી તે પરિપૂર્ણ થયેલ છે. સાહસિકતા, રમત ગમત તથા પર્વતારોહણનો શોખ ધરાવનાર આરતીએ જ્ઞાતિના અન્ય વિદ્યાર્થીઓને લગન તથા ધગશથી અભ્યાસ કરવાની શીખ આપેલ છે.

કુ. આરતીની ઉજ્જવળ કારર્કીદી માટે સેતુ પરિવારની હાર્દિક શુભેચ્છા.

# નખત્રાણા ખાતે કંસારા સોની સમાજના સમુહલગ્ન ધામધૂમથી યોજાયા

પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની સમાજ તરફથી નખત્રાણા ખાતે ધામધૂમથી સમુહલગ્ન યોજાયા. જેમાં પશ્ચિમ કચ્છના ત્રણ તાલુકા નખત્રાણા, લખપત અને અબડાસાના તેમજ બહારના મોટી સંખ્યામાં કુટુંબ સહિત આબાલ અને વૃધ્ધ લોકો સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિજનો સહકુટુંબ ઉત્સાહથી હાજર રહ્યા. ગયા વર્ષે ૧૫ જેટલા વરઘોડીયાના અહીં લગ્ન થયેલા. આ વખતે ત્રણ જેટલા સમુહલગ્ન યોજાયા. લગ્નો વધુ હતા પરંતુ કેટલાક કારણસર સંખ્યા ઘટવા પામી. પરંતુ સમુહ લગ્ન સમિતિએ નક્કી કરેલ તારીખ અને આયોજન ઉત્સાહભેર યોજવો એવું નક્કી કરતા ગાયત્રી વિધિથી નખત્રાણાના શ્રી દેવેન્દ્ર મારાજના મંત્રોચ્ચારથી સમૂહલગ્નની વિધિ પાર પાડવામાં આવી.

દરેક નવ દંપતીને ત્રીસ ત્રીસ જેટલી વિવિધ પ્રકારની જ્ઞાતિજનોએ ભેટો આપી. સમૂહ લગ્ન સમિતિ તરફથી સ્ટીલના ઘોડા, થાળીના સેટ સહિત ભેટ આપવામાં આવ્યા. બેસવા ફરવાની સરસ વ્યવસ્થા ભોજન માટે મહિલા અને પુરૂષોને અલગ અલગ શમિયાણામાં કરવામાં આવેલ ગોઠવણ, પીવા માટે ફીલ્ટર વોટર, સતત સવારથી સાંજ સુધીના ભરચક કાર્યક્રમ અને લાજવાબ વિદાય સમારંભ પશ્ચિમ કચ્છ શ્રી મારૂ કંસારા સોની સમાજના પ્રમુખ શ્રી હીરાલાલ મોહનલાલ બગાના પ્રમુખ સ્થાને યોજાયો. જેમાં અતિથિ વિશેષ તરીકે, મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસ ખેતશી, ઉપપ્રમુખ શ્રી હરીલાલ લખમસી વીસા પરમાર અંજાર, હિંમતલાલ બેચરલાલ બગા, શિવલાલ શામજી મહીચા અંજાર, રાજેશભાઇ અંજાર, વિનોદભાઇ હેડાઉ માંડવી, જેઠાલાલ રાઘવજી નલીયા, પી.જી. સોની ભુજ, હિંમતલાલ સીવજી વિથોણ, માવજી વેલજી ગઢશીશા, પ્રફુલભાઇ પ્રાગજી નેત્રા, વિનોદભાઇ આર. કટા રવાપર, મોહનલાલ ચાંપસી વિરાણી, રમેશભાઇ રાઘવજીભાઇ લાયચા કોટડા, વિગેરે આગેવાનો હાજર રહ્યા હતા. સમુહલગ્નને સફળ બનાવા કન્વીનર શ્રી લખમસી ઇશ્વરલાલ, હેમેન્દ્રભાઇ મોહનલાલ કંસારા, રમેશભાઇ મોહનલાલ બગા નખત્રાણા, શાંતીલાલ મુળજી રવાપર, ધનજીભાઇ હરીરામ કોઠારા, ગંગારામ કરશનદાસ નખત્રાણા, મોહનલાલ હીરજી દયાપર, બાબુલાલ રવજી નલીયા, જેન્તીલાલ જેઠાલાલ નલીયા શાંતીલાલ ડુંગરસી કટા, દિનેશભાઇ મંત્રી, જયરામભાઇ, હરીલાલ હેમરાજ, રતીલાલ હંસરાજ વિગેરે એ જહેમત ઉઠાવી હતી.

લાજવાબ વિદાય સમારંભ દરમ્યાન પશ્ચિમ કચ્છના ધોરણ ૮ થી ઉપરના અને ૭૦ સીંતેર ટકાથી વધુ માર્કસ હોય તેવા વિદ્યાર્થી ભાઇ બહેનોને ભેટ તેમજ સન્માન પત્ર આપીને નવાજવામાં આવ્યા હતા.

પ્રમુખ સ્થાનેથી બોલતા શ્રી હીરાલાલ બગાએ મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત હતા તેમને શીખ આપતાં જણાવ્યું હતું કે, સમૂહલગ્નની જે તારીખ હોય તે તારીખ ભાગ લેનાર દંપતીઓને ક્યારે પણ નડતરરૂપે ગણી શકાય નહીં ભલે પછી તે સમૂહલગ્નમાં ભાગ લેનાર છોકરા કે છોકરીની જન્મ તારીખ હોય કે જન્મનો મહિનો હોય. તે અડચણ રૂપ માનવો નહીં અને આવી અંધશ્રધ્ધા છોડવા માટે મહિલાઓએ પહેલ કરવી પડશે.

પશ્ચિમ કચ્છ શ્રી મારૂ કંસારા સોની સમાજની વસ્તી પત્રકની પુસ્તિકા બહાર પાડવા ચક્રો ગતિમાન કર્યા છે અને તે અંગેના ફોર્મ્સ ભરાઇને મોટા ભાગના આવી ગયા છે પરંતુ આ વિસ્તારના અન્ય વિસ્તારોમાં કે અન્ય રાજ્યોમાં કે વિદેશમાં રહેતા હોય તેમની પણ માહિતી આ પુસ્તિકામાં છાપવામાં આવશે તો આવી માહિતી પણ મોકલવી આપવાનું જણાવામાં આવેલ હતું. બાળકો કે જે દિવસથી ઉપરના અને લગ્ન ના થયા હોય ત્યાં સુધીના છોકરા છોકરીના ફોટા અને વિગત ફક્ત રૂ. ૫૦માં આ પુસ્તિકામાં છાપવામાં આવશે તથા સમાજના આગેવાનો અન્ય ગામોના આપણા સમાજના પ્રમુખો કે વિવિધ હોદ્દો ધરાવતા આગેવાનો ના ફોટા વિનામૂલ્યે છાપવામાં આવશે. તો મહિના એકમાં પહોંચાડી આપવાના રહે છે. અને પશ્ચિમ કચ્છ વિસ્તારના યુવક મંડળ તથા મહિલા મંડળની રચના કરવાનું પણ પ્રમુખશ્રીએ આહ્વાન કરેલ હતું.

પ્રાસંગિક પ્રવચન આપતા મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસ ખેતશીએ જણાવ્યું હતું કે, આ પ્રકારના સમૂહલગ્ન મહામંડળ મારફત યોજાય અને દરેક વખતે કચ્છ અલગ અલગ મુખ્ય સેન્ટરમાં રાખવામાં આવે તેવું વિચારણા હેઠળ છે અને મહામંડળના ઉપ પ્રમુખ શ્રી હરીલાલ લખમસી વીસા પરમારે તેમજ અંજારના શિવલાલભાઇ રાજેશભાઇ વિગેરેએ નવદંપતિને આશીર્વચન પાઠવ્યા હતા અઢી કલાક ચાલેલા વિદાય સમારંભમાં મોટી સંખ્યામાં હાજર રહેલ દંપતિના ભાઇ બહેનો શાંતિપૂર્વક કાર્યક્રમને માણી રહ્યા હતા અને ઉઠવાનું નામ સુધ્ધા લેતા ન હતા. ખુશનુમય વાતાવરણમાં કાર્યક્રમનું સંચાલન દિનેશભાઇ બગા તથા ઉપ પ્રમુખ શ્રી હેમેન્દ્રભાઇ કંસારાએ સંભાળેલ હતું. આ સમૂહલગ્નને સફળ બનાવા માટે નામી અનામી અનેક દંપતિ જનોએ તન, મન અને ધનથી જહેમત ઉઠાવી હતી.

***હીરાલાલ મોહનલાલ સોની***
***પ્રમુખ - પશ્ચિમ કચ્છ શ્રી મારૂ કંસારા સોની***

*સમૂહ લગ્ન આયોજન, ગરીબ, મધ્યમવર્ગ અને અમીર વચ્ચેની ખાઈ નાબુદ કરે છે.*

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અમદાવાદ

## વાર્ષિક સ્નેહ મિલન

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અમદાવાદ દ્વારા તા. ૩૦-૧૨-૨૦૦૭ના રોજ વાર્ષિક સ્નેહ મિલન યોજવામાં આવેલ. અમદાવાદના જ્ઞાતિ પરિવારો ઉપરાંત મોટી સંખ્યામાં બહારગામથી પધારેલ મહેમાનોએ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. પાલડી સ્થિત શ્રી કચ્છી જૈન ભવન ખાતે યોજાયેલ સ્નેહ મિલનમાં શ્રી મારૂ કંસારા સોની ઉત્કર્ષ મંડળ - ગાંધીધામના પ્રમુખ શ્રી ભરતભાઈ બગ્ગા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટ્ય બાદ જ્ઞાતિ પ્રમુખ શ્રી મનુભાઈ કોટડીયાએ સૌનું સ્વાગત કરેલ. ત્યારબાદ માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ સંસ્થાના વાર્ષિક અહેવાલની રજુઆત કરી ગત વર્ષમાં કરાયેલ કામગીરીની માહિતી આપેલ. અમદાવાદ જ્ઞાતિ દ્વારા પ્રકાશિત મુખપત્ર 'જ્ઞાતિ સેતુ'ને આપણા સમગ્ર સમાજમાં સારો આવકાર મળેલ છે, જે અમદાવાદ જ્ઞાતિ માટે ગૌરવ લેવા જેવી બાબત હોવાનું તેઓએ જણાવેલ. વિશેષમાં બહારગામથી ઈલાજ માટે અમદાવાદ આવતા જ્ઞાતિજનો અને અભ્યાસ અર્થે અમદાવાદમાં સ્થિત બહારગામના વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા યોગ્ય માર્ગદર્શન - સહાય આપવામાં આવે છે તેની વિગતો રજૂ કરવામાં આવેલ. એક નૂતન અભિગમ તરીકે અમદાવાદ સ્થિત સમાજના વિદ્યાર્થીઓને પણ સ્નેહ મિલનમાં વિશેષ આમંત્રિત કરી બહુમાન કરવામાં આવેલ. તેમજ તેમનો પારિવારીક તેમજ અભ્યાસ અંગેનો પરિચય અપાયેલ હતો. અતિથિ વિશેષ પદેથી શ્રી ભરતભાઈ બગ્ગાએ અમદાવાદ જ્ઞાતિના કાર્યોની પ્રશંસા કરી અમદાવાદ ખાતે વધતી જતી શૈક્ષણિક તેમજ પ્રોફેશનલ તાલીમ માટે રહેવા માટે કાયમી વ્યવસ્થા કરવાની જરૂરિયાત હોવાનું જણાવેલ. આગામી સમયમાંઆ અંગે આયોજન થાય ત્યારે પૂર્ણ સહયોગ આપવાની તેઓએ ખાતરી આપેલ. વિશેષમાં તેઓએ અમદાવાદ જ્ઞાતિની મેડિકલ હેલ્પલાઈન બહારથી આવતા દર્દીઓ માટે આશિર્વાદ રૂપ હોવાનું જણાવી બિરદાવેલ. મેડિકલ ક્ષેત્રે તેમણે પોતાના તરફથી રૂા. ૫,૦૦૧/-નું દાન જાહેર કરેલ છે. 'જ્ઞાતિ સેતુ'ના મુખ્ય તંત્રી શ્રી હંસરાજ કંસારાએ સમાજના યુવા વર્ગને તેમની શક્તિનો સમાજ માટે ઉપયોગ કરવા અપીલ કરતાં એમને વ્યવસાયીક શિક્ષણ ક્ષેત્રે થયેલ પ્રગતિની નોંધ લીધી હતી. તેઓએ સમાજના યુવા વર્ગની સિધ્ધિ અને સફળતાને સેતુ દ્વારા હંમેશા બિરદાવવામાં આવે છે તેમ જણાવેલ. અમદાવાદ સિવિલ હોસ્પિટલના કેન્સર વિભાગમાં ફરજ બજાવતા જ્યોતિબેન સોની, આપણા સમાજના દૂર દૂરથી આવતા દર્દીઓને જે હૂંફ અને સહકાર આપે છે તે બદલ તેમનો આભાર માનવામાં આવ્યો હતો. પ્રત્યુત્તરમાં જ્યોતિબેને એમની સેવાઓ આપવા માટે સદા તત્પર હોવાની ખાતરી આપી હતી.

સંસ્થાના પૂર્વ પ્રમુખ શ્રી તુલસીદાસ કંસારાએ સેતુના આગામી અંકથી કોમ્પ્યુટર અંગેની લેખમાળા તથા ક્વીઝ શરૂ કરવામાં આવશે તેમ જણાવેલ.

જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપી જાહેર સન્માન કરવામાં આવેલ. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં પ્રથમ તથા દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને દાતાઓ શ્રી તુલસીદાસ ઓધવજી સોની તથા સ્વ. વિઠ્ઠલદાસ ટી. કોટડીયા પરિવાર તરફથી ચાંદીના મેડલ અર્પણ કરવામાં આવેલ.

વિદ્યાર્થીઓને દાતાશ્રી રાજેન્દ્ર શાંતિલાલ સોની તરફથી આકર્ષક ઈનામો આપવામાં આવેલ. ઈનામ વિતરણ, સમારંભ પ્રમુખ શ્રી રમેશભાઈ સોની તથા અતિથિ વિશેષ શ્રી ભરતભાઈ બગ્ગાના હસ્તે કરવામાં આવેલ. કાર્યક્રમમાં જ્ઞાતિના બાળકોએ ગીત તથા નૃત્ય રજૂ કરી જ્ઞાતિજનોના દિલ જીતી લીધા હતા. સમારોહમાં ડો. હરીશભાઈ દલપતભાઈ બુધ્ધભટ્ટીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ખાસ પ્રોત્સાહન આપેલ. કાર્યક્રમને સફળ બનાવવામાં સર્વશ્રી મનુભાઈ કોટડીયા, ગીરીશભાઈ સોની, અતુલ સોની, રાજેન્દ્ર સોની, જયમીન સોની, પ્રશાંત બીજલાણી, કનુભાઈ બીજલાણી, કિરીટભાઈ કંસારા, જયેશભાઈ ઘડીયાલી સહિત સર્વે કારોબારી સભ્યોએ વિશેષ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે સૌએ ઊંધીયુ જલેબીની લિજ્જત માણી હતી.

*— અતુલ સોની*

## હસતાં જડશે હીરા

એક ટ્રેનના સેકન્ડ ક્લાસના ડબ્બામાં ટિકિટ ચેક કરવા ચડેલા ટિકિટ ચેકરે સીટની નીચે ટુંટિયું વાળીને સંતાયેલા એક ટિકિટ વિનાના ડોસાને પકડી પાડ્યો. ડોસાએ ટિકિટ ચેકરને આજીજીભર્યા સ્વરે વિનંતી કરી.

'સાહેબ મારી પાસે ટિકિટ નથી. પણ હું મારી દિકરીને પરણાવવા વતન જઇ રહ્યો છું, આટલી વાર જવા દો હુજુર!'

ટિકિટ ચેકરે એને દયા લાવીને જવા દીધો. ત્યાં જોડેના બ્લોકમાં બીજી સીટ નીચેથી એજ સીટ નીચે છુપાઇને બેઠેલો ટિકિટ વિનાનો એક યુવાન પકડાયો એટલે ટિકિટ ચેકરે એની મજાક કરતાં કહ્યું,

'કેમ ભાઇ! તારે પણ તારી દિકરીના લગ્ન કરવાના છે કે શું?'

યુવાને ઉત્તર આપ્યો, 'નહીં સાહેબ! હું એ ડોસાનો ભાવિ જમાઇ છું અને અમારા બંનેના વિચારો ખૂબ મળતા હોવાને લીધે એ ડોસાએ ભાવિ જમાઇ તરીકે મારી પંસદગી કરી છે!'

આ આખુંય જગત જુઠના કારોબારથી ભરેલા ચોર બજાર જેવું નથી લાગતું? છતાંય આપણે એના મોહમાંથી મુક્ત કેમ નહીં થઇ શકતાં હોઇએ?


***આર.પી. પોમલ - અંજાર (કચ્છ)***

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - અંજાર


## નવી કારોબારી સમિતિની રચના

તા. ૧૫-૧૧-૨૦૦૭ - લાભ પાંચમના શુભ દિને અંજાર જ્ઞાતિની સામાન્ય સભામાં આગામી ત્રણ વર્ષ માટે નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવેલ છે.

| *ક્રમ* | *નામ* | *હોદ્દો* |
|---|---|---|
| ૧. | રાજેશભાઈ કેશવલાલ વિસા પરમાર | પ્રમુખશ્રી |
| ૨. | ભરતભાઈ ભગવાનદાસ બુધ્ધભટ્ટી | ઉપપ્રમુખશ્રી |
| ૩. | ભરતભાઈ ચત્રભુજભાઈ ગોહીલ | મંત્રીશ્રી |
| ૪. | અનિલ શંકરલાલ બગ્ગા | સહમંત્રીશ્રી |
| ૫. | પ્રકાશભાઈ નરોત્તમભાઈ બારમેડા | ખજાનચીશ્રી |
| ૬. | જગદીશભી હરિલાલ છત્રાળા | સહ ખજાનચીશ્રી |
| ૭. | શિવલાલ શામજીભાઈ મેવચા | સભ્યશ્રી |
| ૮. | શશીકાંતભાઈ મનસુખલાલ બારમેડા | સભ્યશ્રી |
| ૯. | દિનેશભાઈ રાઘવજીભાઈ સક્કરીયા | સભ્યશ્રી |
| ૧૦. | કમલભાઈ વિઠ્ઠલદાસ પરમાર | સભ્યશ્રી |
| ૧૧. | ચમનલાલ રાઘવજીભાઈ સોલંકી | સભ્યશ્રી |
| ૧૨. | કિરણભાઈ કાનજીભાઈ હેડાઉ | સભ્યશ્રી |
| ૧૩. | શૈલેષભાઈ વેલજીભાઈ પોમલ | સભ્યશ્રી |
| ૧૪. | હેમેન્દ્રભાઈ દામજીભાઈ કટ્ટા | સભ્યશ્રી |
| ૧૫. | શાંતિલાલ હંસરાજભાઈ બુધ્ધભટ્ટી | સભ્યશ્રી |
| ૧૬. | હસમુખભાઈ ફુલચંદભાઈ પોમલ | સભ્યશ્રી |
| ૧૭. | જેન્તીલાલ કેશવજીભાઈ સક્કરીયા | સભ્યશ્રી |
| ૧૮. | રમેશભાઈ મોનજીભાઈ બુધ્ધભટ્ટી | સભ્યશ્રી |
| ૧૯. | કિરણભાઈ મગનલાલ પોમલ | સભ્યશ્રી |
| ૨૦. | ઈશ્વરલાલ વેલજીભાઈ બારમેડા | સભ્યશ્રી |
| ૨૧. | નરેન્દ્રભાઈ વાલજીભાઈ બુધ્ધભટ્ટી | સભ્યશ્રી |
| ૨૨. | હરીશભાઈ વેલજીભાઈ મેવચા | સભ્યશ્રી |
| ૨૩. | સંજય અમૃતલાલ બારમેડા | સભ્યશ્રી |
| ૨૪. | સતીષ ચમનલાલ બુધ્ધભટ્ટી | પ્રમુખશ્રી,યુવક મંડળ |
| ૨૫. | શ્રીમતી શાંતાબેન અમૃતલાલ બારમેડા | પ્રમુખશ્રી, મહિલા મંડળ |



**રાજેશભાઈ કેશવલાલ વિસા પરમાર**
**પ્રમુખશ્રી**



**ભરતભાઈ ભગવાનદાસ બુધ્ધભટ્ટી**
**ઉપપ્રમુખશ્રી**



**ભરતભાઈ ચત્રભુજભાઈ ગોહીલ**
**મંત્રીશ્રી**



**અનિલ શંકરલાલ બગ્ગા**
**સહમંત્રીશ્રી**



**પ્રકાશભાઈ નરોત્તમભાઈ બારમેડા**
**ખજાનચીશ્રી**



**જગદીશભાઈ હરીલાલ છત્રાળા**
**સહ ખજાનચીશ્રી**

# શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ - દયાપર

નવા વર્ષની શુભેચ્છા સાથે શ્રી મારૂ કંસારા સોની સમાજના ઉત્કર્ષ અને પરસ્પર એકતાની ભાવના સુદૃઢ કરવાના હેતુથી લાભ પાંચમના દિવસે તા. ૧૫-૧૧-૦૭ દયાપર મુકામે શ્રી ઉમિયાનગર દયાપરમાં સમાજે સમાજવાડી માટે લીધેલ પ્લોટ જગ્યા ઉપર મંડપ સજાવટ કરી અહીં જ્ઞાતિનું સ્નેહમિલન સમૂહ ભોજન યોજવામાં આવેલ. જેનું આયોજન દયાપર સોની જ્ઞાતિ યુવક મંડળે કર્યું હતું.

આયોજનને સફળ બનાવવા યુવક મંડળના અનિલ બારમેડા, નરોત્તમભાઇ બારમેડા, ધનસુખ કટ્ટા, રમેશ બારમેડા તેમજ સમગ્ર યુવક મંડળે જહેમત ઉઠાવી હતી.

દયાપર અને લખપત તાલુકા સોની જ્ઞાતિના પ્રમુખશ્રી મોહનલાલ હીરજી બારમેડાએ આયોજનની પ્રશંસા કરતાં યુવક મંડળની જહેમતને બિરદાવી હતી અને સર્વેને સમાજના કાર્યો માટે હંમેશા તત્પર રહેવા અનુરોધ કર્યો હતો. લાલજીભાઇ કરશનદાસ બારમેડા, મહેન્દ્રભાઇ ડુંગરશી પોમલ અને અન્ય સર્વે જ્ઞાતિજનોએ સહયોગ આપ્યો હતો.

યુવક મંડળના ધનસુખ સોનીએ સમાજના ઉત્થાન માટે સામાજીક કાર્યોને પ્રથમ પાયા સમાજ ગણાવી. અહીં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા દર વર્ષે સરસ્વતી સન્માન સમારોહ યોજવા પર ભાર મૂક્યો હતો.

દયાપર મધ્યે લખપત તાલુકા સોની જ્ઞાતિ માટે સમાજે ખરીદેલ પ્લોટ જેમાં પ્રાથમિક બાંધકામ માટે ફાળાની જરૂરીયાત પ્રમુખશ્રીએ કરતાં અહીં માત્ર ૧૮ થી ૨૦ કુટુંબ પરિવાર વચ્ચે રૂા. ૫૫૦૦૦/- પંચાવન હજાર ઉપરાંત ફાળો ઔપચારિક રીતે નોંધાયો હતો. જે સરાહનીય છે. અહીં મોટેભાગે આર્થિક રીતે મધ્યમ વર્ગ છે.

કાર્યક્રમનું સંચાલન યુવક મંડળના પ્રમુખશ્રી મહેન્દ્ર શામજી કટ્ટાએ કર્યું અને આભારવિધિ યુવક મંડળના સહમંત્રી મનસુખ એલ. બારમેડાએ કરી હતી.

# નિબંધ સ્પર્ધા

**• શ્રીમતી જયશ્રીબેન પરમાર / શ્રી કિશોરભાઈ સોની •**

મહામંડળની શૈક્ષણિક સમિતિ દ્વારા અખિલ ભારતીય કક્ષાએ નિબંધ સ્પર્ધાનું આયોજન થયું જેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. નડિયાદ, શિહોર, ડભોઈ અને મુંબઈથી પણ સ્પર્ધકોએ ભાગ લીધેલ. દસ વર્ષની માંડવીની વિદ્યાર્થિની હેડાઉ વૈશાલીથી માંડીને કોડડા-ચકારના શ્રી વેલજીભાઈ (ઉં.વ.-૫૫)એ પણ મૌલિક વિચારો - સાદી, સરળ, રસપ્રદ, તો વળી ક્યાંક કાવ્યમય શૈલી, પંક્તિઓ, સુરેશભાઈ બીજલાણી જેવાની નાટ્યાત્મક સંવાદોવાળી રજુઆત, તો આર્મિ સ્કુલની વિદ્યાર્થિની કેશવીની ચોટદાર - આકર્ષક ભાષા.

*ઉગતી પેઢીની માનસિકતા, મનોવ્યાપાર અને એમના વિકાસની પ્રક્રિયાની દશા અને દિશા જાણવાનો એક સરળ ઉપાય છે, એમને અભિવ્યક્તિની તક આપવી. મહામંડળના ઉપક્રમે આયોજીત 'નિબંધ સ્પર્ધા' એનું ઉમદા ઉદાહરણ છે અને આપણા સમાજનું સરાહનીય કદમ છે.*

*ઇલેક્ટ્રોનીક માધ્યમો વચ્ચે દોરાયેલી આજની યુવા પેઢી 'લખવા'નું ભૂલવા લાગી છે એવા માહોલ વચ્ચે પણ આપણી જ્ઞાતિના ખૂણે ખૂણેથી વિભિન્ન આયુ વર્ગે મોકલેલા ૩૦ જેટલા નિબંધો ખરેખર આપણા સમાજ માટે પ્રોત્સાહક અનુભવ છે. આશા છે, આપણી યુવા પેઢીને સમજવા, અવારનવાર આવા પ્રયાસો થતા રહેશે.*

*આયોજકોને આ સફળ પ્રયાસ બદલ હાર્દિક અભિનંદન.*

*— મુખ્ય તંત્રી*

નિર્ણાયકો શ્રીમતી મંજરીબેન અંજારીયા, શ્રીમતી નીલાબેન વર્મા અને શ્રી નિખિલભાઈ ઠક્કરે પણ બધા નિબંધોની ખૂબ ચોક્સાઈ અને ધ્યાનથી મૂલવણી કરી. ટાઉનહોલ - ભુજ મધ્યે ૧થી ૧૦ નંબર મેળવનારને મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ, મંત્રી શ્રી પ્રેમજીભાઈ, શૈક્ષણિક સમિતિના કન્વીનર શ્રી રસિકભાઈ મેવચાના હસ્તે ઈનામો આપવામાં આવેલ. કાર્યક્રમની સફળતા માટે શ્રીમતી જયશ્રીબેન પરમાર, શ્રી કિશોરભાઈ સોની અને શ્રીમતી દર્શનાબેન ગુજરાતીએ જહેમત ઉઠાવેલ. શ્રી અમૃતલાલભાઈ, શ્રી સુનીલભાઈ, શ્રી શૈલેષભાઈ સહયોગી રહેલ. મહામંડળના સભ્યોના સાથ સહકારથી સફળ રહેલ આ પ્રોજેક્ટમાં વિજેતાઓને શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી અતુલભાઈ, શ્રી હરિલાલભાઈ વીસા પરમારે અભિનંદન પાઠવેલ. જેમના ઈનામો / પ્રમાણપત્રો બાકી હોય તેમણે આયોજકો પાસેથી સત્વરે મેળવી લેવા.



*શ્રી રસીકભાઈ મેવચા દ્વારા વિજેતાઓનું સન્માન*
*શ્રી પ્રદ્યુમનભાઈ બારમેડા ઈનામ સ્વીકારે છે.*

**• પ્રથમ વિજેતા : રીતુ કે. સોની, ભુજ**

અભ્યાસ : ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહ (આર્ટસ)

ઉંમર વર્ષ : ૧૫, શોખના વિષય : ગુજરાતી સાહિત્ય, મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન. અન્ય શોખ : વાંચન, લેખન, ડ્રોઈંગ, પેઈન્ટીંગ, એમ્બ્રોયડરી, ડાન્સ, મ્યુઝીક.

માતા-પિતા : શ્રીમતી જ્યોત્સનાબેન કિશોરભાઈ સોની

(૧) M.A. (મનો.) B.Ed. - કેરા હાઈ., ઉ.મા. શિક્ષક

(૨) M.A. (અંગ્રેજી) B.Ed. - ઓલ્ફ્રેડ હાઈ., ઉ.મા. શિક્ષક

**• દ્વિતીય વિજેતા : મહેશ ટી. છત્રાળા, અંજાર.**

અભ્યાસ : ધોરણ-૧૦ (૧૯૯૨-૭૬%), હાલે સોની કામ. ઉંમર : ૩૨ વર્ષ. શોખ : લેખન, પેઈન્ટીંગ.

નિબંધ સ્પર્ધામાં દ્વિતીય આવેલ શ્રી મહેશભાઈ, પ્રતિકૂળ પરિસ્થિતિને લીધે ઉચ્ચ અભ્યાસ કરી ન શક્યા પરંતુ ભણવા અને ભણાવવાના જબરા શોખને લીધે ચાર-પાંચ વર્ષ સુધી ટ્યુશન ક્લાસ - સંતોષકારક રીતે ચલાવી શક્યા. વાંચન અને લેખનના શોખને જાળવી રાખનાર તેઓશ્રીએ નિબંધ સ્પર્ધાની જાહેરાત પેપર દ્વારા વાંચી. ત્રણ દિવસમાં લખી મોકલાવી. આયોજકોને પણ 'પ્રોજેક્ટ'ના સંતોષનો અહેસાસ કરાવી દીધો. કાવ્યમય ભાષા કે સૂત્રો, સૂક્તિઓ / પંક્તિઓ ન ઉમેરી શકવાને લીધે નંબર 'બીજો' આવ્યો એમ માનનાર મહેશભાઈ 'જ્ઞાતિએ તરવું અને જ્ઞાતિએ જ ડૂબવું'ના પ્રખર હિમાયતી છે.

વિભૂષિત આ નિબંધો, આપણી ઉગતી પેઢીના વિચારોની સાહિત્યિક અભિવ્યક્તિ છે.

# જ્ઞાતિને સંગઠીત રાખવા અંગે મારા વિચારો

ક. રીતુ કિશોરભાઈ (સોની) બારમેડા - ભુજ

## મહામંડળ આયોજીત નિબંધ સ્પર્ધામાં પ્રથમ વિજેતા કૃતિ



કુ. રીતુ બારમેડા

અખિલ ભારતીય સ્તરે પુનઃ સંગઠિત થઈ રહેલી એક પ્રાચીન, સુસંસ્કૃત એવી મારૂ કંસારા સોની જ્ઞાતિના એક સભ્ય હોવાના ગૌરવ સાથે આ મહાનતમ જ્ઞાતિના સંગઠન બાબતે મારા વિચારો સગર્વ રજૂ કરૂં છું.

જ્ઞાતિને સ્પર્શતા કોઈ પણ વિષય કે મુદ્દાની ચર્ચા કરીએ ત્યારે વર્ણ વ્યવસ્થા, જ્ઞાતિનો ઉદ્ભવ, વિકાસ, તેનો ઇતિહાસ વગેરે પરિબળો ધ્યાનમાં લેવા આવશ્યક છે પરંતુ વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં ઝડપી વિકાસ અને હરીફાઈના યુગમાં સૌથી મહત્ત્વનો વિષય હોય તો તે છે જ્ઞાતિનું સંગઠન. જે જ્ઞાતિ સંગઠિત છે તે જ્ઞાતિનો વિકાસ ખૂબ ઝડપથી થાય છે. જ્ઞાતિજનોના જીવનમાં સુખના સૂર્યનો ઉદય થાય છે.

***"Unity is Strength."***

***"એકતા જ મારી તાકાત છે."***

સમાજમાં દૃષ્ટિ કરતાં જણાશે કે જે જ્ઞાતિના લોકો શૈક્ષણિક, સામાજીક અને આર્થિક રીતે આગળ છે અને જીવનના તમામ ક્ષેત્રોમાં સારો વિકાસ સાધ્યો છે તે જ્ઞાતિમાં સંગઠનનું તત્ત્વ વિશેષ હોય છે.

***"ઝાઝા હાથ રળીયામણાં."***

એ ન્યાયે જે કાર્યો સામૂહિક રીતે થાય છે તેમાં જરૂર સફળતા મળે છે. જ્ઞાતિનું કાર્ય માનીને તેમાં જ્યારે ધાર્મિક કે સેવાની ભાવના ભળે છે ત્યારે તો સોનામાં સુગંધ ભળે છે. ભૂતકાળની સરખામણીએ અત્યારે જીવન ખૂબ જ જટીલ બન્યું છે. સંબંધોની ગરીમા જોખમાઈ રહી છે. દરેક ક્ષેત્રમાં ચારેકોર ગળાકાપ સ્પર્ધા જોવા મળે છે.

જ્ઞાતિના નિયમો બંધનો તૂટી રહ્યા છ અને જ્ઞાતિજનોનું જીવન અસંગઠિત પછાત જાતિઓ જેવું સંઘર્ષમય બની રહ્યું છેત્યારે આ બધામાંથી ઉગારે તેવું તત્ત્વ છે "જ્ઞાતિનું સંગઠન".

મુશ્કેલ અંધકારમય સમયમાં સંગઠનનું તત્ત્વ જ એકમાત્ર પ્રકાશમય આશાનું કિરણ છે.

મારા નમ્ર મંતવ્ય અનુસાર આપણી મારૂ કંસારા સોની જ્ઞાતિ જોઈએ તેટલી સંગઠિત નથી. શહેરી વિસ્તારમાં વસતા અને ગ્રામ્ય વિસ્તારમાં વસતા જ્ઞાતિજનો વચ્ચે સંકલનનો અભાવ છે. ઓછી વસ્તીના કારણે પણ છુટાછવાયા વસવાટ કરતા કુટુંબો સંપર્ક-વિહોણા છે. તે ઉપરાંત ઉડીને આંખે વળગે તેવો તપાવત હોય તો તે શ્રીમંત અને ગરીબ જ્ઞાતિજનો વચ્ચેની ખાઈ છે. આવી પરિસ્થિતિમાં સમાજમાં બ્રાહ્મણ, જૈન, લોહાણા વગેરે જ્ઞાતિના સમાજો ઝડપથી આગળ વધી રહ્યા છે ત્યારે આપણે પણ જમાના સાથે કદમ મિલાવી આગળ વધવાનું છે.

આ માટે સૌથી મહત્વનું પ્રથમ પગથિયું છે જ્ઞાતિનું સંગઠન. જે દરેક જ્ઞાતિજને સમજવાનું છે. (આ નિબંધ સ્પર્ધા પણ તેના એક ભાગરૂપે છે જે ખરેખર એક પ્રસંશનીય કદમ છે.)

આટલી પૂર્વભૂમિકા બાંધ્યા પછી 'જ્ઞાતિનું સંગઠન જેવા અતિ અગત્યના વિષય પરના મારા વિચારો, મનના વલોણામાં વલોણીને, હૃદયની ઊર્મિઓમાં ઝબોળીને, તર્ક કે સમજની એરણ પર ચકાસીને વિગતવાર રજૂ કરૂં છું.

*આપણી જ્ઞાતિના યુવા-યુવતીઓએ એક જ વખત, અખબારને કોઈક ખૂણે છપાયેલી જ્ઞાતિ અંગેની કોઈ વાત, જોઈ, વાંચી, વિચારી, એના પર અમલ કર્યો — આ વાત ખરેખર અત્યંત મહત્ત્વની છે અને એ બદલ આયોજીત નિબંધ સ્પર્ધાના સર્વે સ્પર્ધકોને ધન્યવાદ. સ્પર્ધકોએ એમના વિચારો જણાવવા ઉપરાંત એના સુલેખન અને પ્રસ્તુતિ પણ મન દઈને કલાત્મક ઢંગથી કરી છે એ પણ ખરેખર પ્રસંશનીય છે અને માત્ર શાબ્દિક પ્રસંશા ન કરતાં, બધા જ સ્પર્ધકોને 'Symbolic Sur-prise' રૂપે ટોકન ઈનામ મારા પૂ. પિતાશ્રી સ્વ. ઠાકરશીભાઈ પુરૂષોત્તમ કંસારાના સ્મરણાર્થે જાહેર કરૂં છું.રૂા. ૧૦૧/- પ્રથમ પાંચ કૃતિઓના સ્પર્ધકોને અને રૂા. ૫૧/- બાકીની બધી જ કૃતિઓના સર્જકોને.*

*ઈનામની રકમ ટુંક સમયમાં આયોજકો મારફત મોકલી આપવામાં આવશે.*

***હંસરાજ કંસારા - અમદાવાદ***

**પ્રથમ પાંચ વિજેતા કૃતિઓના સ્પર્ધકોના નામ**

૧. કુ. રીતુ બારમેડા - ભુજ
૨. છત્રાળા મહેશકુમાર તુલસીદાસ - અંજાર
૩. કોટડીયા માનસી દીપકભાઈ - માંડવી
૪. કુ. પ્રીતિ ધનસુખભાઈ - ભુજ
૫. કુ. કૃપાલી ગોરધનદાસ મહીચા - માધાપર

- **વ્યાખ્યા :**

***જ્ઞાતિના સંગઠન માટે નીચે જેવી વ્યાખ્યાઓ રજૂ કરી શકાય.***

★ "સમગ્ર ભારત દેશમાં નિવાસ કરતાં મારૂ કંસારા સોની જ્ઞાતિના જ્ઞાતિજનો વચ્ચે વિચારોની, લાગણીની અને કાર્યની સામૂહિક એકતા."

★ 'જ્ઞાતિનુ સંગઠન એટલે સમગ્ર જ્ઞાતિજનો વચ્ચે વિકાસના હેતુસર નિર્વિવાદ સંપની ભાવના.'

★ 'જ્ઞાતિનું સંગઠન એટલે જ્ઞાતિજનોના ઉત્કર્ષ માટે એકસૂત્રતા સાધી થતો સામૂહિક સેવાનો યજ્ઞ.'

★ 'જ્ઞાતિનું સંગઠન એટલે જ્ઞાતિના ઉચ્ચ વર્ગથી નિમ્ન વર્ગ સુધીનો, વિકસિતથી પછાત વર્ગ સુધીનો, શિક્ષિતથી અશિક્ષિત વર્ગ સુધીનો સૌને ફળદાયી એવો સંપર્ક-સેતુ.'

★ 'જ્ઞાતિનું સંગઠન એટલે એક એવો સંકલિત સમુદાય કે જેમાં જ્ઞાતિની દરેક વ્યક્તિ એક મોટા કુટુંબની સભ્ય છે અને બધા સભ્યો વચ્ચે પારસ્પરિક લાગણીસભર માનભર્યો સંબંધ છે.'

- **જ્ઞાતિ સંગઠનની સંકલ્પના :**

ઉપર્યુક્ત વ્યાખ્યાઓના આધારે જ્ઞાતિ સંગઠનની પરિભાષા નીચેના મુદ્દાઓ દ્વારા સ્પષ્ટ કરી શકાય :

★ જ્ઞાતિનું સંગઠન એ તમામ જ્ઞાતિજનોની એકતા પ્રદર્શિત કરે છે.

★ જ્ઞાતિજનો વચ્ચે પારસ્પરિક, વૈચારીક અને બૌધ્ધિક ઐક્ય સાધી તેમને એકસુત્રમાં બાંધે છે.

★ જ્ઞાતિના સંગઠન દ્વારા થતા જ્ઞાતિના સામૂહિક કાર્યોમાં સેવાની ઉદાત્ત ભાવના રહેલી છે.

★ તેના દ્વારા જ્ઞાતિજનોમાં પરસ્પર સહકાર અને સમર્પણની ભાવના વિકસે છે.

★ સંગઠિત કાર્યો દ્વારા જ્ઞાતિનો વિકાસ થાય છે.

★ જ્ઞાતિજનોના જીવન ધોરણને ઊંચું લાવે છે.

★ સામાજીક, આર્થિક અને શૈક્ષણિક પ્રગતિ સાધી શકાય છે.

★ જ્ઞાતિના નબળા, ગરીબ અને પછાત જ્ઞાતિજનોને મદદ દ્વારા આગળ લાવી શકાય છે, જે આગળ જતાં જ્ઞાતિના સેવાના કાર્યોમાં ખૂબ ઉપયોગી નીવડે છે.

★ જ્ઞાતિના સંગઠન વડે પારસ્પરિક વિશ્વાસ અને સન્માનનો સ્વીકાર કરવામાં આવે છે.

★ જ્ઞાતિના સંગઠનમા ઊંચ-નીચ, શ્રીમંત-ગરીબ વગેરે જેવા ભેદભાવો હોતા નથી. સૌ સમાન છે.

★ સમગ્ર જ્ઞાતિનો સમુદાય એક વિશાળ કુટુંબની ગરજ સારે છે. જેમાં દરેક જ્ઞાતિજન તે કુટુંબનો સભ્ય છે.

★ જ્ઞાતિના કાર્યો એકસંપ બની કોઈપણ વિવાદ વિના કરવામાં આવે છે. જે જ્ઞાતિના ઉમદા સંગઠનની નિશાની છે.

★ જ્ઞાતિના સંગઠનમાં વ્યક્તિગત હિતોનું મૂલ્ય નથી, સામૂહિક હિત 'સર્વ જ્ઞાતિજન સુખાય'ની ભાવના રહેલી છે.

★ જ્ઞાતિજનોનું વલણ હંમેશા હકારાત્મક, ધ્યેયલક્ષી, વિકાસાભિમુખ અને પૂર્વગ્રહરહિત હોય છે.

★ જ્ઞાતિ સંગઠન એ જ્ઞાતિ વિકાસનું મુખ્ય ચાલકબળ છે.

★ જ્ઞાતિનાં પ્રતિનિધિઓ વચ્ચે વૈચારિક અનુકૂલન દ્વારા તંદુરસ્ત વલણ અપનાવી એકમેકના વિચારો - ભાવનાઓનો સ્વીકાર કરવામાં આવે છે.

★ તુંડે તુંડે મતિ ભિન્નાં - આ ઉક્તિ અનુસાર જ્ઞાતિ સંગઠનનું મુખ્ય ધ્યેય 'જ્ઞાતિનો વિકાસ' છે. તેમ છતાં આ એક વિશાળ સંકલ્પનાને નીચે જેવા આનુસંગીક હેતુઓમાં વર્ગીકૃત કરી શકાય :

***જ્ઞાતિના સંગઠન દ્વારા :***

★ સમગ્ર જ્ઞાતિજનોનો સર્વાંગી વિકાસ સાધવો.

★ સંગઠિત - સામૂહિક કાર્યો દ્વારા જ્ઞાતિજનો માટે સવલતો ઊભી કરવી.

★ જ્ઞાતિજનોની સામાજીક, આર્થિક અને ભાવાત્મક ઉન્નતિ કરવી.

★ જરૂરતમંદ જ્ઞાતિજનોને મદદ કરવી.

★ જ્ઞાતિમાં પ્રવર્તતી જૂની પરંપરાઓ, કુરીવાજો અને અંધશ્રધ્ધા દૂર કરી જાગૃતિ લાવવી.

★ જ્ઞાતિજનોને યોગ્ય માર્ગદર્શન અને સહાય દ્વારા શૈક્ષણિક વિકાસ સાધવો.

★ જ્ઞાતિજનોમાં પરસ્પર એકતા અને સહકારની ભાવના વિકસે તેવા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ કરવી.

★ જ્ઞાતિનું એક સક્ષમ નાણાંકીય ભંડોળ ઊભું કરી જ્ઞાતિ વિકાસના કાર્યો કરવા.

- **જ્ઞાતિ સંગઠનનું કાર્યક્ષેત્ર :**

અખિલ ભારતીય સ્તરે જ્ઞાતિ સંગઠનનું કાર્યફલક ખૂબ જ વિશાળ છે. તેથી એક વિસ્તરીત સમુદાયને સંગઠિત કરવાના કાર્યમાં એક મોટું આયોજન, દીર્ઘદષ્ટિ એન વિશિષ્ટ કુશળતા અનિવાર્ય છે. આ માટે જ્ઞાતિ સંગઠનના વ્યાપ - વિશ્વને સમજવું જરૂરી છે.

આ કાર્યક્ષેત્ર ઘણું વિશાળ હોવાથી હેતુઓ, ફરજો અને

કાર્યોની વિશિષ્ટતાની દૃષ્ટિએ તેના નાના ક્ષેત્રોમાં વિભાજીત કરવું પડશે અને તેની શરૂઆત જ્યાં વિશેષ પ્રમાણમાં જ્ઞાતિજનો વસે છે તેવા ભુજ, અંજાર, માંડવી, જામનગર, રાજકોટ, અમદાવાદ વગેરે જેવા શહેરોથી કરીને દુર્ગમ વિસ્તારોમાં વસતા છૂટાછવાયા, એકલદોકલ કુટુંબો સુધી વિસ્તરેલા કાર્યક્ષેત્ર સુધી પહોંચવાનું છે.

અગાઉ જણાવ્યા મુજબ જ્ઞાતિના કાર્યો કે પ્રવૃત્તિઓમાં આયોજન વખતે જ્ઞાતિના જુદા જુદા વર્ગો અને સમુદાયોનું વર્ગીકરણ કરવું ઉપયોગી થશે.

તે જ રીતે સંગઠિત કાર્યોના હેતુસર દેશનું ઝોન-વાઈઝ કે રાજ્યો અનુસાર વિભાજન, ઝોનનું જીલ્લાઓમાં અને જીલ્લાઓનું તાલુકાવાર વિભાજન કરી વિવિધ સમિતિઓની રચના દ્વારા સમગ્ર દેશમાં એક સુગ્રથિત અને વ્યવસ્થિત નેટવર્ક ઊભું કરી શકાય. આ નેટવર્કના દરેક ભાગો અને સોપાનો વચ્ચે પરસ્પર સતત સંપર્ક રહે તો જ્ઞાતિનાં એક ગતિશીલ અને પરિણામલક્ષી સંગઠનની કલ્પના સાકાર થાય. નીચેની ઉક્તિ સાર્થક બની રહેશે :

**"UNITE YOU WIN,**
**DIVIDE YOU LOSE!"**

જ્ઞાતિ સંગઠનના વિશાળ વ્યાપ- વિશ્વમાં દરેક જ્ઞાતિજન તેના એક જવાબદાર પ્રતિનિધિ છે. જ્ઞાતિ સંગઠનના લાભો મેળવવા તે હક્કદાર છે. તેમ જ્ઞાતિ પ્રત્યેની ફરજો અદા કરવા તે બંધાયેલો છે. તેથી આ બહોળા સમુદાયના દરેક ક્ષેત્રોને આવરી લઈ એક સાંકળની કડીઓની જેમ સંકલિત કરવાનું મુશ્કેલ કાર્ય કરવાનું છે.

- **જ્ઞાતિ સંગઠનના કાર્યો :**

***"Thought without action is abortion of a good idea."***

જ્ઞાતિ સંગઠનના ઉમદા હેતુઓ નિર્ધારીત કર્યા, તેની પરીભાષાને સ્પષ્ટ કરી, એક પવિત્ર યજ્ઞ જેવા જ્ઞાતિ-ઉત્કર્ષના વિશાળ કાર્યની રૂપરેખા તૈયાર કરી, તે માટે જરૂરી આયોજન કરી કાર્યક્ષેત્ર અનુસાર વિભાગવાર કામગીરી સુનિશ્ચિત કરી. આટલું કર્યા પછી જો અસરકારક અમલીકરણ ન થાય તો આ બધી જ મહેનત પર પાણી ફરી વળે છે. તેથી સચોટ અને પરિણામલક્ષી અમલીકરણને ધ્યાનમાં લઈ વ્યવસ્થિત આયોજન કરવું જરૂરી છે. જ્ઞાતિજનોના વિકાસ માટે સંગઠિત રીતે નીચે જેવા કાર્યો થઈ શકે.

★ જ્ઞાતિના ગરીબ અને પછાત કુટુંબોને આર્થિક સહાય કરી તેઓ પગભર બની શકે તેવા ધંધા રોજગારની વ્યવસ્થા કરવી.

★ અસંગઠિત રીતે મજૂરીકામ કરતા જ્ઞાતિના શ્રમિકોને સંગઠીત કરી સામૂહિક રીતે કામ કરવા પ્રેરી, તેઓનું થતું શોષણ અટકાવવું. જ્ઞાતિના ઉચ્ચવર્ગે કે જેઓ અન્ય લોકોને પોતાને ત્યાં કામ પર નોકરીએ રાખે છે ત્યાં જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી જ્ઞાતિજનોને પસંદ કરી જ્ઞાતિના વિકાસમાં મદદરૂપ બનવું. જ્ઞાતિ સંગઠન દ્વારા આ દિશામાં જાગૃતિ લાવી શકાય.

★ *"શિક્ષણ એ સર્વાંગી વિકાસનો પાયો છે."*
તેથી જ્ઞાતિજનોના શિક્ષણનું પ્રમાણ વધે તેવા પ્રયત્નો કરવા. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે આર્થિક મદદ કરવી. સારા પરિણામો લઈ આવતા વિદ્યાર્થીઓને ઈનામો, એવોર્ડ, પ્રમાણપત્રો દ્વારા પ્રોત્સાહિત કરવા, આગળ અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને વ્યવસાયલક્ષી માર્ગદર્શન મળી રહે તે હેતુસર જાહેર પરીક્ષાઓના પરિણામો બાદ અને શૈક્ષણિક સત્રની શરૂઆતમાં માર્ગદર્શન શિબિરોનું આયોજન કરવું. કાયમી માર્ગદર્શન કેન્દ્ર સ્થાપવું. જીલ્લાના મુખ્ય મથકે હોસ્ટેલની વ્યવસ્થા કરવી.

★ જ્ઞાતિના યુવા વર્ગોને યોગ્ય દિશાસૂચન કરવું. આંતરજ્ઞાતિય લગ્નોનો પવન ફુંકાયો છે ત્યારે જ્ઞાતિના યુવાવર્ગને જ્ઞાતિમાંથી જ યોગ્ય પાત્ર મળી રહે તે માટે પરીચય પુસ્તિકાનું પ્રકાશન, પરિચય મેળો વગેરે યોજવા.

★ સમૂહ લગ્નો, જ્ઞાતિભોજન, મિલન સમારંભ, જ્ઞાતિના ઉત્સવોની ઉજવણી અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું - જેથી જ્ઞાતિજનોમાં જ્ઞાતિ પ્રત્યેનો પ્રેમ વધે. સમયાંતરે એકબીજાને મળવાથી અને સંપર્કમાં રહેવાથી દરેક વ્યક્તિ જ્ઞાતિનાં એક અભિન્ન અંગ સમાન બની રહે છે.

★ મહિલા મંડળ, યુવક મંડળ, બાળ મંડળ વગેરેની વિવિધ સ્તરે રચના કરી જ્ઞાતિમાં જાગૃતિ આવે તેવી બોધસભર અને મનોરંજક પ્રવૃત્તિઓ કરવી. જેમાં સાહિત્ય, કળા, રમતજગત જેવી વિવિધ પ્રવૃત્તિઓના આયોજન વડે જ્ઞાતિની પ્રતિભાસંપન્ન વ્યક્તિઓની શક્તિઓને બહાર લાવવી. જ્ઞાતિનાં બાળકો શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત બને, શૈક્ષણિક રીતે આગળ વધે, તેમનામાં સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય અને ભવિષ્યમાં આર્થિક રીતે પગભર બની પોતાના કુટુંબનું અને જ્ઞાતિ - સમાજનું ગૌરવ વધારે તે માટે દરેક તબક્કે જરૂરી પ્રવૃત્તિઓનું આયોજન કરી માર્ગદર્શન, સહાય પૂરા પાડવા.

આમ જ્ઞાતિ સંગઠન દ્વારા જ્ઞાતિજનોમાં સહકાર, પ્રેમ અને એકબીજાને મદદરૂપ થવાની ભાવના વિકસાવી જ્ઞાતિનો ઉત્કર્ષ સાધવો એ મહત્ત્વનું કાર્ય છે.

● **જ્ઞાતિ સંગઠનના ફાયદા :**

એક સંગઠિત જ્ઞાતિ સમુદાયને જ્ઞાતિજનોના પરસ્પર સહકારથી અનેક લાભો પ્રાપ્ત થાય છે.

'એકથી બે ભલા અને બે થી ભલા ત્રણ' - એ ન્યાયે આખો સમુદાય એક બની જાય તો તન, મન, ધનના સહકારથી સંપત્તિ, બુધ્ધિ અને શક્તિના આદાન પ્રદાન દ્વારા જ્ઞાતિની ઝડપી પ્રગતિ સાધી શકાય છે. આવા ફાયદાઓને મુદ્દાઓમાં નીચે પ્રમાણે વર્ણવી શકાય.

★ જ્ઞાતિમાં શિક્ષણનું પ્રમાણ ઊંચું લઈ જઈ શકાય. નિરક્ષરોને શિક્ષિત અને શિક્ષિતને ઉચ્ચ શિક્ષણ કે ટેકનીકલ શિક્ષણ તરફ વાળી શકાય. પરિણામે અજ્ઞાનતા, કુરીવાજો અને અંધશ્રધ્ધાને દૂર કરી શકાય.

★ ધનિક અને ઉચ્ચ વર્ગને જ્ઞાતિ-સંગઠનના કાર્યો માટે પ્રેરી શકાય. ઉમદા ધ્યેયલક્ષી અને ચોક્કસ પરિણામલક્ષી કાર્યો માટે આર્થિક જોગવાઈના મુખ્ય સ્રોત એવા આ વર્ગનું દાન પ્રાપ્ત કરી શકાય. જેને પરિણામે એક સક્ષમ નાણાંકીય ભંડોળ ઊભું કરી જ્ઞાતિની ——— માં વધારો કરી શકાય.

★ જ્ઞાતિજનોને પ્રભુએ દરેક પ્રકારની કુશળતા બક્ષી છે. જેને આપણે વરદાનરૂપ કહી શકીએ. જેમ કે વેપાર-વાણિજ્ય, કળા, સંગીત, ફોટોગ્રાફી, કોમ્પ્યુટર, શિક્ષણ, મેડિકલ વગેરે જેવા તમામ ક્ષેત્રોમાં આપણા જ્ઞાતિજનો આગળ પડતા જોવા મળશે. આવા નિષ્ણાતોની સેવાઓનો લાભ સંગઠિત જ્ઞાતિ તરીકે પ્રાપ્ત કરી શકાય.

સમૂહ લગ્ન, સ્નેહ મિલન, પ્રવાસ પર્યટનો જેવા વિવિધ કાર્યક્રમોને સામૂહિક ધોરણે કરી જ્ઞાતિજનોના વ્યક્તિગત ખર્ચને ઘટાડી શકાય અને નાણાંની બચત કરી શકાય.

★ આંતરજ્ઞાતિય લગ્નોનું આકર્ષણ ઘટાડીને જ્ઞાતિમાંથી જ યોગ્ય યુવક-યુવતીની પાત્ર પસંદગી કરી જ્ઞાતિના પ્રગતિશીલ યુવાવર્ગનો લાભ જ્ઞાતિજનો માટે જ લઈ શકાય.

★ જ્ઞાતિ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓના આયોજન દ્વારા જ્ઞાતિજનોનાં જીવનને સુઆયોજીત અને સુગ્રથિત કરવા માહિતીપ્રધાન, મનોરંજક અને જ્ઞાનવર્ધક કાર્યક્રમો દ્વારા જ્ઞાતિનો વિકાસ સાધી શકાય.

● **જ્ઞાતિને સંગઠિત કરવાના ઉપાયો :**

અંતમાં ઉપર દર્શાવ્યા મુજબના ધ્યેયો સિધ્ધ કરવા, જ્ઞાતિ ઉત્કર્ષના કાર્યો કરવા અને લાભો મેળવવા માટે જ્ઞાતિ સંગઠિત હોય તે અનિવાર્ય શરત છે. આ માટે નીચે જેવા ઉપાયો યોજી શકાય :

★ સૌપ્રથમ દરેક જ્ઞાતિજન આપણી જ્ઞાતિ પ્રત્યે ગૌરવની લાગણી અનુભવે તેવા ઉપાયો થવા જોઈએ. આ માટે સમૂહ કાર્યક્રમોમાં જ્ઞાતિજનોની સિધ્ધિઓને અને જ્ઞાતિ માટે કરેલા કાર્યોને બિરદાવવા જોઈએ.

★ એક સક્ષમ નાણાંકીય ભંડોળ ઊભું કરી જ્ઞાતિના નબળા વર્ગને આર્થિક રીતે સહાય કરવી જોઈએ.

★ જ્ઞાતિનાં વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓને અભ્યાસ માટે સ્કોલરશીપ આપી શિક્ષણનો વ્યાપ વધારવો જોઈએ. તેઓ ઉચ્ચ શિક્ષણ અને ખાસ કરીને વ્યવસાયીક શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે શૈક્ષણિક માર્ગદર્શનની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

★ સમૂહ લગ્નો, સ્નેહ મિલનો, સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા સામુદાયિક સમૂહ કાર્યોનું આયોજન જ્ઞાતિના દરેક સભ્યોને આવરી લઈને કરવું જોઈએ.

★ સત્તાના વિકેન્દ્રીકરણ દ્વારા જ્ઞાતિના નિષ્ણાત સભ્યોની સેવાઓ મેળવી વિવિધ સમિતિઓ, પેટા સમિતિઓ, મહિલા-મંડળ, યુવક-મંડળ, સાહિત્ય - કળા - સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંડળ વગેરે જેવા કાર્યવાહક મંડળોની રચના કરવી જોઈએ.

★ ઝડપથી દોડી રહેલા યુગ સાતે કદમ મિલાવીને પરસ્પર સહકારની ભાવના વડે વિકાસના લક્ષ્યને સિધ્ધ કરવાની સાથે સાથે એક ભાવનાપ્રધાન અને બૌધ્ધિક એમ બંને રીતે સંતુલિત એવા જ્ઞાતિ સમાજનું નિર્માણ કરવું.

સમાપનમાં હું એટલું જ કહીશ કે જ્ઞાતિજનો પાસે સંપત્તિ છે, બુધ્ધિ છે, કળા અને કુશળતા પણ છે અને તમામ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિધ્ધિ મેળવી શકે તેવી શક્તિ છે. આ બધું જ છે પરંતુ તે અસંગઠિત છે. એક ખેડૂતના ઝઘડાખોર અને અસંગઠિત દીકરાઓ અને લાકડાની ભારાની પ્રખ્યાત કહાનીથી સૌ પરીચિત છે. તે રીતે જરૂર છે તો ફક્ત જ્ઞાતિજનોની શક્તિઓને સંગઠિત કરવાની. મને વિશ્વાસ છે કે આ દિશામાં આગળ વધેલું આ એક કદમ પ્રભુ કૃપાથી ભવિષ્યમાં જરૂર મંઝીલ સુધી લઈ જશે અને આપણી જ્ઞાતિ પ્રગતિ અને સિધ્ધિઓના ઉચ્ચત્તમ શિખરો સર કરશે. અને આવું થશે ત્યારે....

*"સોનામાં જ નહીં... સોનીમાં પણ સુગંધ ભળશે!!"*

***સી-૧૧/૪૩, સરકારી ક્વાર્ટર્સ, વ્યાયામશાળા પાસે,***
***જૂની રાવલવાડી, ભુજ, કચ્છ.***

*કોઈ પણ નાનો કે મોટો સમુદાય એના સભ્યોની એ સમૂહ પ્રત્યેની પોતીકી ભાવના (belonging )ને આધારે જ પ્રગતિ કરી શકે છે.*

# આપણી અવિચ્છિન્ન પરંપરા

## બગ્ગા (ઢોરીવાળા) પરિવારનાં નૈવેદ્ય

• કુ. એકતા કટ્ટા - અંજાર •

*આપણી જ્ઞાતિના વિવિધ પરિવારોની નૈવેદ્ય પરંપરા અંગેની આ લેખમાળાને વાંચકો દ્વારા ખૂબ સારો પ્રતિભાવ પ્રાપ્ત થઈ રહેલ છે. સેતુનો હેતુ આપણી પરંપરાઓથી આગામી પેઢીને માહિતગાર કરવાનો છે. આપણી આગવી સંસ્કૃતિનો હંમેશા ગર્વ હોય છે. વર્ષો પૂર્વે કચ્છ અને અન્ય વિસ્તારમાં સ્થાયી થયેલ આપણી મારૂ સોની જ્ઞાતિ પરિવારોમાં કુળદેવતાની પૂજા અંગે આગવી નૈવેદ્ય પરંપરા વિકસેલ છે. સમયાંતરે પરિવારોના વિસ્તરણ અને સ્થળાંતરણ થતા આ નૈવેદ્ય પરંપરામાં પણ બદલાવ આવેલ છે. એક જ નુખ (અટક)ના પરિવારોમાં એકથી વધારે વિભાગો જોવા મળે છે જે સ્વાભાવિક છે. નૈવેદ્ય તથા અન્ય પરંપરાગત પધ્ધતિઓ અંગે જે તે પરિવાર તરફથી મળેલ માહિતી અત્રે પ્રસિધ્ધ કરવામાં આવે છે. અહીં પ્રસિધ્ધ થયેલ માહિતી ઉપરાંત તે જ પરિવારના અલગ વિભાગ તરફથી પણ જે પરંપરા અંગે વિશેષ માહિતી પ્રાપ્ત થશે તો તે પણ સેતુ દ્વારા સમયાવકાશે જરૂર પ્રસિધ્ધ કરવામાં આવશે. લેખમાળામાં હજુ બાકી રહેલ અટકના પરિવારોના જાણકાર અગ્રણીઓને માહિતી મોકલવા વિનંતી છે. આ અંગે કુ. એકતા કટ્ટા (અંજાર)નો સંપર્ક કરવા વિનંતી છે.*

*– અતુલ સોની*

'પરિવર્તન સંસારનો નિયમ છે' આ લોકોક્તિનું પરિવર્તન શબ્દ આધુનિક કાળમાં વિશેષ પ્રભાવશાળી સિધ્ધ થઈ રહ્યો છે. આજની આધુનિક જીવનશ્રેણી, આવતીકાલે "Out of Fashion or Trend" બની જતી દેખાય છે ત્યારે પરંપરાઓ કે રીતિરીવાજોને પાળવા કે વિકસાવવા મહદ્અંશે અશક્ય જ લાગે તે સ્વાભાવિક છે, કારણકે પરંપરાનું મૂળભૂત લક્ષણ છે - 'સાતત્ય.' વરસો-વરસ સુધી સતત વ્યવહારમાં મૂકાતી પધ્ધતિઓ જ કાળક્રમે પરંપરામાં પરિણમે છે. જે કદાચ આજે આધુનિક કાળના વિકાસને માનતી જીવનશ્રેણી માટે અવરોધરૂપ પણ સિધ્ધ થઈ શકે છે. વાત પણ સ્વાભાવિક છે. ઉદાહરણરૂપે આપણી અવિચ્છિન્ન પરંપરા નૈવેદ્યને જ જોઈએ. સામાન્ય રીતે પોતપોતાના નિયત દૈનિક કાર્યક્રમમાં પરોવાયેલા, દૂર-સુદૂર વસેલા ગૌત્ર પરિવારો કુળદેવ-દેવીના સ્થાનકે પહોંચી નૈવેદ્ય પરંપરા જાળવવા કેટલા ઉત્સુક હોઈ શકે? આ પરંપરાનો આધુનિક જીવનને શું પ્રદાન? પ્રત્યક્ષપણે કદાચ કંઈ જ નહીં! પરંતુ આજના આ આધુનિક યુગમાં પણ આપણે 'જ્ઞાતિ', 'ગૌત્ર' જેવા શબ્દોને માત્ર શબ્દકોષમાં જ ન મૂકતાં, વ્યવહારમાં પણ મૂકી તેની મહત્તા જાળવીએ છીએ તે આપણી જ્ઞાતિ માટે શ્રેયસ્કર છે. પૂર્વે કોઈપણ પારંપરિક પધ્ધતિના નિર્માણ પાછળ પૂર્વજોની દીર્ઘદૃષ્ટિ કાર્યરત રહી છે. દૂર-સુદૂર વસતા ગૌત્રજ કમસે કમ વર્ષમાં એકથી બે વાર સાથે મળી શકે તે નૈવેદ્ય પરંપરાનો હેતુ હશે. આ એકાદ મિલન દ્વારા પણ ગૌત્રજની જીવન શ્રેણી (Life Standard)નો પરિચય મેળવી એકબીજાનાં પૂરક બનવું તે તેનો બીજો હેતુ. પૂર્વે આવાગમન દુર્ગમ હતું તેથી આ પરંપરા આવશ્યક હતી અને વર્તમાનમાં આવાગમન સુલભ છે. પરંતુ, ગૌત્રજ વચ્ચેનો સમન્વય દુર્ગમ છે. માટે આ પરંપરા જાળવવી આવશ્યક છે.



ઉપરોક્ત બાબતોનો વિસ્તારથી ઉલ્લેખનો હેતુ માત્ર એટલો જ કે, આપણી જ્ઞાતિ અંતર્ગત આ પરંપરા માત્ર ભૌતિક ન રહેતા જીવંતતાથી વિકસે. 'આપણી અવિચ્છિન્ન પરંપરા - નૈવેદ્ય' કોલમનાં સંકલન સમયે મહદ્અંશે (કદાચ 'હેડાઉ' પરિવાર સિવાય) વિવિધ ગૌત્રોમાં જ જુદા જુદા ભાગો જોવા મળ્યા. આવા જુદા જુદા ભાગો (ઉદાહરણરૂપે 'બગ્ગા' ગૌત્રના જ ખોંભડીવાળા, મોરબીવાળા વગેરે ભાગો (પરિવારો)) વચ્ચે પણ જો આ પરંપરાના માધ્યમથી સમન્વય સધાય તો તે આ પરંપરાનો વિકાસ હશે. 'બગ્ગા' ગૌત્રનાં નૈવેદ્ય વિષે માહિતીના સંકલન હેતુ ભુજના ગં.સ્વ. તારાબેન કાનજીભાઈ બગ્ગા તથા તેમની ત્રણેય પુત્રવધૂઓ સાથે ચર્ચા દરમ્યાન ઉપરોક્ત વિચાર વધુ દ્રઢ થયો. ગત અંકોમાં આ કોલમ અંતર્ગત વિવિધ ગૌત્રોના ઈતિહાસનો ઉલ્લેખ થયો પરંતુ અહીં વર્તમાન અને ભવિષ્યના ઈચ્છીત સુધારાઓની કલ્પનાનો ઉલ્લેખ કરી રહી છું. આશા છે, માત્ર 'બગ્ગા' ગૌત્ર જ નહીં, જ્ઞાતિનાં અન્ય ગૌત્રબંધુઓ પણ આ વિષે દૃષ્ટિપાત કરશે.

અત્રે 'બગ્ગા' ગૌત્રના ઢોરીવાળા પરિવારના વાર્ષિક અને પ્રસંગોપાત થતાં નૈવેદ્યની માહિતીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પરિવારના કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી છે. ઢોરીવાળા પરિવાર ઉપરાંત નખત્રાણા, ખોંભડી,

નારાયણ સરોવર અને મોરબી ગામોનાં નામે પણ 'બગ્ગા' ગૌત્રનાં પરિવારો ઓળખાય છે.

મહા સુદ સાતમના દિવસે ઢોરી ગામ મધ્યે કુળદેવી તથા ખેતરપાળ દાદાના વાર્ષિક સામૂહિક નૈવેદ્ય કરવામાં આવે છે. અંદાજે બસ્સોથી અઢીસો જેટલાં પરિવારજનો સામૂહિક મહા પ્રસાદનો લાભ લઈ આ પરંપરામાં જોડાય છે. ગં.સ્વ. તારાબેન કાનજીભાઈ બગ્ગાએ માહિતી આપતા કહ્યું હતું કે, હજુ મોટી સંખ્યામાં પરિવારજનો ઉપસ્થિત રહી, એકબીજાના વધુ નજીક આવે અને નૈવેદ્ય વિષે માહિતી મેળવે તેવી ભાવના સેવું છું.

## વાર્ષિક નૈવેદ્ય

- **મહા સુદ સાતમ :**

આ દિવસે બપોરના સમયે, કોઈપણ સવાઈ માત્રામાં લાપસી, તલવટ, જુવાર કે જેમાં થોડી માત્રામાં ઘી તથા ગોળ ભેળવેલ હોય, ઢોસાના લાડુ, ૧૨ પૂરીઓ અને બે શ્રીફળ લેવા. પ્રથમ એક લાડુ શ્રી ગણપતિજી સમક્ષ ધરવું. ત્યારબાદ માતાજી સમક્ષ સાત પૂરીઓ એક હરોળ (લાઈન)માં મૂકી, તેના પર એક એક કોર લાડુના મૂકી, એક શ્રીફળ વધેરી નૈવેદ્ય કરવા. નૈવેદ્ય બાદ આ સાત પૂરીઓ ગાયને આપી દેવી અને અન્ય બનાવેલ પાંચ પૂરીઓ પ્રસાદમાં ભેળવી દેવી.

ત્યારબાદ સાત કોર લાપસી, સાત કોર જુવાર અને સાત કોર તલવટ ખેતરપાળ દાદા સમક્ષ મૂકી, શ્રીફળ વધેરી નૈવેદ્ય કરવા. શ્રીફળ વધેરવા પૂર્વે શ્રીફળ ધૂપ અથવા અગરબત્તીને અડાડી, ધૂપ અથવા અગરબત્તી ઉપરથી ફેરવી લેવું.

માતાજીનાં નૈવેદ્યની પ્રસાદને ખેતરપાળ દાદાનાં નૈવેદ્યના પ્રસાદ સાથે ભેળવી, પહેલો કોર સાંખિયાને, બીજો કોર કુમારીકાને આપ્યા બાદ સમસ્ત પરિવારજનોએ પ્રસાદ લેવો.

- **ચૈત્ર સુદ આઠમ, અષાઢ સુદ આઠમ, આસો સુદ આઠમ:**

આ ત્રણેય દિવસોએ બપોરનાં સમયે, મહા સુદ સાતમનાં દિવસે થતાં માતાજી તથા ખેતરપાળ દાદાનાં નૈવેદ્ય મુજબ જ નૈવેદ્ય સામગ્રી દ્વારા નૈવેદ્ય વિધિ કરવી.

- **ફાગણ સુદ પૂનમ (હોળી) :**

આ દિવસે સાંજના સમયે કોઈપણ સવાઈ માત્રામાં લાપસી તથા તલવટ અને એક શ્રીફળ વધેરી ખેતરપાળ દાદા સમક્ષ નૈવેદ્ય કરવા.

- **આસો વદ ચૌદસ (કાળી ચૌદસ) :**

આ દિવસે સાંજના સમયે કોઈ પણ સવાઈ માત્રામાં તલવટ અને એક શ્રીફળ વધેરી ખેતરપાળ દાદા સમક્ષ નૈવેદ્ય કરવા.

- **આસો વદ અમાસ (દિવાળી) :**

આ દિવસે સાંજના સમયે હોળીના દિવસે થતાં ખેતરપાળ દાદાના નૈવેદ્ય મુજબ નૈવેદ્ય સામગ્રી દ્વારા નૈવેદ્ય વિધિ કરવી.

## પ્રસંગોપાત થતા નૈવેદ્ય

- **શ્રીમંત સમયે થતાં નૈવેદ્ય :**

શ્રીમંતના નૈવેદ્ય સમયે, મહા સુદ સાતમનાં દિવસે થતાં માતાજી તથા ખેતરપાળ દાદાનાં નૈવેદ્ય મુજબ જ નૈવેદ્ય સામગ્રી દ્વારા નૈવેદ્ય વિધિ કરવા ઉપરાંત નૈવેદ્ય સમયે બે પાંચ-પાંચ રૂપિયાના સિક્કા મૂકવા, જે નૈવેદ્ય બાદ નિયાણીને આપી દેવા. (અત્રે એ ઉલ્લેખનીય છે કે, પૂર્વકાળમાં આ નૈવેદ્ય સમયે લાલ રંગનું કાપડ મૂકવામાં આવતું હતું, જે નિયાણીને આપ્યા બાદ તેનો પવિત્રતાથી જ ઉપયોગ થશે તેવું નિશ્ચિત ન રહેતાં, સમયાંતરે પાંચ રૂપિયાનાં સિક્કા મૂકી નિયાણીને અપાતા. નૈવેદ્ય પરંપરા અંતર્ગત નિયાણીને અપાતા ભાગની વિધિ પણ પૂર્ણ થાય છે અને પવિત્રતા પણ જળવાઈ રહે છે.

- **પરંપરાગત હારનાં નૈવેદ્ય :**

આ પરિવારમાં બાળકનો જો પુત્રીરૂપે જન્મ થયો હોય તો જન્મનાં દોઢ મહિના બાદ, બપોરના સમયે કોઈપણ સવાઈ માત્રામાં લાપસી, તલવટ અને એક શ્રીફળ વધેરી ખેતરપાળ દાદા સમક્ષ નૈવેદ્ય કરવા.

અને બાળકનો પુત્રરૂપે જન્મ થયો હોય તો જન્મના દોઢ મહિના બાદ, બપોરનાં સમયે કોઈપણ સવાઈ માત્રામાં લાપસી, તલવટ, જુવાર અને એક શ્રીફળ વધેરી ખેતરપાળ દાદા સમક્ષ નૈવેદ્ય કરવા. આ નૈવેદ્ય પૂર્વે અઢી ગદીયાણા ચાંદીનો ગોળ સિક્કો બનાવી તેના પર સવા વાલ સોનું લગાવી ગોઠીનો સિક્કો તૈયાર કરાવવો. જેને નૈવેદ્ય સમયે ગંગાજળ વડે પવિત્ર કરી 'બગ્ગા' પરિવારનાં વંશવેલાનાં પરંપરાગત હાથળા (હાર)માં પરોવ્યા બાદ ખેતરપાળ દાદા સમક્ષ નૈવેદ્ય કરવા.

સામાન્યતઃ પ્રત્યેક પરિવારોમાં પળાતી અડીઓ જેવી કે શ્રીમંત પૂર્વે કોરૂં કાપડ ન પહેરવું, ખેતરપાળ દાદા, માતાજી, યક્ષ કે પીરની પ્રસાદી ન લેવી, ખેતરપાળ દાદાનાં દર્શને ન જવું, બાલ મુંવારા (ઝંડા)નાં નૈવેદ્ય પૂર્વે બાળકને લાલ કે સફેદ કપડા ન પહેરાવવા, ટોપી કે બૂટ ન પહેરાવવા, ઉપરાંત બાળકના માથે 'બાંધણી' વર્કવાળું કોઈ પણ પ્રકારનું વસ્ત્ર (સાડીનો પાલવ, ચુન્નીનો પાલવ વિગેરે) ન ઓઢાડવું. કુટુંબ - પરિવાર સિવાયના કોઈ વ્યક્તિ દ્વારા બુટ કે ટોપી આપી શકાય પરંતુ તેનું પણ રંગ લાલ કે સફેદ ન હોવો જોઈએ - જેવી અડીઓ આ પરિવાર દ્વારા પાળવામાં આવે છે.

- **ઝંડાના નૈવેદ્ય :**

શ્રીમંત સમયે થતા માતાજી તથા ખેતરપાળ દાદાનાં નૈવેદ્ય મુજબ જ નૈવેદ્ય સામગ્રી દ્વારા નૈવેદ્ય વિધિ કરવી.

- **લગ્ન સમયે થતાં નૈવેદ્ય :**

સામાન્યતઃ લગ્ન સમયે થતી માઈ બેસાડવાની વિધિ સમયે માતાજીનાં નૈવેદ્ય અને માંડવા સમયનાં નૈવેદ્ય મહા સુત સાતમનાં દિવસે થતાં માતાજી તથા ખેતરપાળ દાદાનાં નૈવેદ્ય મુજબ જ નૈવેદ્ય સામગ્રી દ્વારા નૈવેદ્ય વિધિ કરવી.

*સાભાર સંદર્ભ માહિતી :*

*ગં.સ્વ. તારાબેન કાનજીભાઈ બગ્ગા - ભુજ (કચ્છ)*

# વેબસાઈટનું વૈવિધ્ય

રસીકભાઈ આર. મહીચા - આદિપુર, કચ્છ

આપણા જીવનમાં કોમ્પ્યુટર હવે મહત્વનો ભાગ બની રહ્યો છે. રોજબરોજના લગભગ બધા જ વ્યવહારોમાં કોમ્પ્યુટરની જરૂર પડે છે. માહિતી મેળવવા માટે ઇન્ટરનેટ જરૂરી છે. માઉસની ક્લીક અને કી બોર્ડના થોડાક માત્ર સ્ટ્રોકથી વિશ્વની કોઇપણ પ્રકારની માહિતી ઘરબેઠા કોમ્પ્યુટરના સ્ક્રીન પર આવી જાય છે.

હવે ઘણા લોકો વેબસાઇટ સર્ફીંગ કરતા થઇ ગયા છે અને ઘરબેઠા જરૂરી માહિતી, મનોરંજન અને સંદેશા વ્યવહાર કરે છે. ઇન્ટરનેટ એ જ્ઞાન પ્રાપ્તિ માટે ખૂબ જ અસરકારક માધ્યમ છે. આપણે સારી, માહિતીપૂર્ણ અને જ્ઞાનવર્ધક વેબસાઇટનો પરિચય મેળવીએ. આમ તો હજારોની સંખ્યામાં સારી અને ખરાબ વેબસાઇટો લીન્ક થયેલી હોય છે પરંતુ આપણે સારી વેબસાઇટો કઇ છે તેની માહિતી મેળવીએ.

### 1. http://www.dailyom.com

મન, બુદ્ધિ અને આત્માનું પોષણ કરતી આ વેબસાઇટ આધ્યાત્મિક પ્રેરણા મેળવવા માટે ખૂબજ સારી છે. વિવિધ વિષયો પર ખૂબજ સાદી, પ્રવાહી અને સુંદર ભાષામાં એક પાનાના લેખો નિયમિત રૂપે આપવામાં આવે છે. આપણા નામ અને ઇ-મેઇલ આઇ.ડી. આપવાથી રજીસ્ટર કરાવી શકાય અને દરરોજ ઇ-મેઇલ મેળવી શકાય છે. આધ્યાત્મિક, જ્યોતિષ અને સંગીત જેવા વિષયોમાં અનેક પ્રકારના આર્ટીકલ્સ આપવામાં આવે છે. બ્લોગ અને કોમ્યુનિટી દ્વારા ઉચ્ચ વિચારધારાવાળા લોકો સાથે વિચાર-વિનિમય કરી શકાય છે.

### 2. www.wikipedia

કળા, વિજ્ઞાન, સંસ્કૃતિ, રાજકારણ, ટેકનોલોજી, ભાષા સાહિત્ય, સંગીત, પર્યટન આરોગ્ય વિજ્ઞાન, મેડિકલ સાયન્સ, જીવન ચરિત્રો અને આત્મકથા જેવા વિષયો પર લાખોની સંખ્યામાં આર્ટીકલ્સ આ વેબસાઇટ પર ઉપલબ્ધ છે. વાચક દ્વારા લેખો અને માહિતી પણ મૂકી શકાય છે. વિશ્વનો સૌથી વધુ વિસ્તૃત એન્સાયક્લોપીડિયા છે. દરરોજ બનતા મહત્વના બનાવો અને તે વિષેની ચર્ચા પણ આપવામાં આવે છે. દુનિયાના કોઇ પણ સ્થળ, વિષય કે ઇતિહાસની માહિતી વિકિપિડિયા પરથી મળી શકે છે.

તેની સંલગ્ન વેબસાઇટ www.wikipedia.com કોઇપણ દેશ અને તેના સ્થળ અંગેના ઇન્ટરએક્ટીવ મેપની વેબસાઇટ છે તેમાં ઝૂમ-ઇન આઉટની સગવડ પણ છે.

### 3. http://www.orkut.com

ઈન્ટરનેટ દ્વારા વિશાળ મિત્રવર્તુળ બનાવવા માટે આ સોશિયલ નેટવર્કીંગની આ વેબસાઈટ ગુગલ સાથે સંકળાયેલી છે. વિશ્વની સૌથી વધુ શક્તિશાળી સર્ચ એન્જીન ધરાવતી www.google.com દ્વારા આ વેબસાઈટ લોન્ચ કરવામાં આવેલ છે. અમેરિકા, ભારત, બ્રાઝીલ અને ઈરાનમાં પ્રચલિત થયેલ આ કોમ્યુનિટી વેબસાઈટે ઘણા બધા વિરોધાભાસો ઊભા કર્યા હોવા છતાં તે દર્શકો અને ખાસ કરીને યુવાનોમાં ખૂબ જ પ્રચલિત થઈ છે. તેમાં આપણા ફોટા સાથે આપણો પ્રોફાઈલ અપલોડ કરી શકીએ છીએ. તે સાથે સ્ક્રેપ બુક, ફોટા, વિડીયો વગેરે મૂકી શકીએ છીએ. જેઓ મિત્ર વર્તુળમાં દરેક વ્યક્તિ જોઈ શકે છે અને સામે ટીપ્પણી પણ કરી શકે છે. વિચારો વ્યક્ત કરવાનું અમર્યાદિત સાધન હોવાને કારણે ઘણા દેશોની સરકારે આ વેબસાઈટ પર પ્રતિબંધો પણ મૂકેલા છે.

### 4. http://www.webmd.com

સામાન્ય માણસને પણ મેડિકલ સાયન્સ અને આરોગ્ય વિષે જ્ઞાન મળી શકે એ હેતુથી શરૂ કરાયેલી આ વેબસાઈટ ખૂબ જ સુંદર અને વિશ્વાસપાત્ર છે. તેમાં બેટર હેલ્થ એ ટુ ઝેડ, દવાઓ, ટ્રીટમેન્ટ, સ્ત્રી-પુરૂષનું આરોગ્ય, બાળકોનું આરોગ્ય વિગેરે સેક્શન આપેલા છે. દવા દ્વારા થતી આડઅસરો અને વિવિધ રોગો, તેના લક્ષણો અને ઉપચારો પણ મળી શકે છે. પ્રેગ્નન્સી અને શિશુવિકાસ અને તેની વિવિધ અવસ્થાઓ પણ આપેલી છે. ઘણી બધી માહિતીના ફોટા તથા વિડીયો આપેલા હોવાથી દર્શકોને અસરકારક માહિતી મળી શકે છે.

### 5. http://www.mayoclini.com

મેડિકલ સાયન્સ અને આરોગ્ય વિજ્ઞાન વિષે આ વેબસાઈટ પણ ખૂબ જ પ્રચલિત અને વિશ્વાસપાત્ર છે. વિવિધ પ્રકારના રોગો, તેના લક્ષણો, ઉપાયો અને સામાન્ય રીતે પ્રિસ્ક્રાઈબ કરવામાં આવતી દવાઓ અંગેની માહિતી આપેલી હોય છે. આરોગ્યમય જીવન, સ્પેશિયાલીસ્ટને પૂછો, પ્રશ્નોત્તરી, વિડીયો, બ્લોગ અને કોમ્યુનીટી જેવા વિભાગો છે. હેલ્થ ઈન્ડેક્સ કેલ્ક્યુલેટર્સ દ્વારા આપણે બોડી માસ ઈન્ડેક્સ, કોલેસ્ટેરોલ, હૃદયરોગની શક્યતાઓ, ડાયાબિટીસ, પ્રેગ્નન્સી, ડ્યુ ડેટ વગેરેની ગણતરી કરવાની એપ્લીકેશન આપેલી છે. તેના દ્વારા આપણે આપણા વિષે આ બાબતોની ગણતરી કરી શકીએ છીએ.

**6. http://www.valueresearchonline.com**

શેર માર્કેટ, મ્યુચ્યુઅલ ફંડ અને ઈન્વેસ્ટમેન્ટમાં રસ ધરાવતા હોય તેવા લોકો માટે આ સરસ વેબસાઈટ છે. તેમાં ફ્રી અને સબસ્ક્રીપ્શન મેમ્બરશીપના અલગ વિભાગ છે. ફ્રી વેબસાઈટમાં મ્યુચ્યુઅલ ફંડની જાણકારી, તેની દરરોજની NAV, એનાલીસીસ, પરફોર્મન્સ જેવા સેક્શન છે. પોર્ટફોલીયો ટેક્ટમાં આપણે આપણા રોકાણનું મ્યુચ્યુઅલ ફંડ અને શેરના રોકાણના પોર્ટફોલીયો બનાવીને તેનું રોજેરોજનું કેટલું વેલ્યુએશન વધઘટ થાય છે તે જાણી શકીએ છીએ. તેને લીધે કેટલો નફો - નુકસાન થાય છે તેની ઓટોમેટીક બદલાતી NAVથી ગણતરી થાય છે.

**7. http://www.amazing-space.stsci.edu**

આકાશ દર્શન અને ખગોળશાસ્ત્રની આ વેબસાઈટ શૈક્ષણિક પ્રકારની છે. આકાશ દર્શન, અવકાશીય પદાર્થો, દૂધગંગા, નિહારીકા, ધૂમકેતુ, ગ્રહો અને નક્ષત્રોની સુંદર માહિતી આપવામાં આવેલી છે. દરરોજનું આકાશ દર્શન આપવામાં આવે છે. આકાશ દર્શનના શોખીનો માટે આ વેબસાઈટ સારી છે.

**8. http://www.indianmelody.com**

ફિલ્મ સંગીત સાંભળવાની મજા માણવા માટે આ વેબસાઈટ બનાવેલી છે. જૂના - નવા ફિલ્મી ગીતો, પુરૂષ ગાયક, સ્ત્રી ગાયક, ગઝલ સંગીત, પ્રાદેશિક ગીતો, શાસ્ત્રીય ગીતો, હિંદુસ્તાની અને કર્ણાટકી સંગીત જેવા મુખ્ય વિભાગો છે.

યુવાનો માટે ઈન્ડીપોપ, ભાંગડા પોપ, એમ.પી.-૩ ઝોન અને રી-મિક્સ ગીતોની અનેક લીન્ક પ્રાપ્ત થાય છે. સ્મેશ હિટ્સ, જુગલબંધી, લોકસંગીત, દેશભક્તિના ગીતો, વાદ્યસંગીત, વોકલ અને ઈન્સ્ટ્રુમેન્ટલ સંગીતની મજા માણી શકાય છે પરંતુ કંઈ પણ ડાઈનલોડ થઈ શકતું નથી.

**9. http://www.flicker.com**

યાહુ સાથે જોડાયેલી આ વેબસાઈટ ઈન્ટરનેટ પર ડિજીટલ ફોટોગ્રાફ્સની આપ-લે તેમજ સંગ્રહ કરવા માટેની છે. આપણે સંગ્રહ કરેલા ફોટોગ્રાફ્સ વિવિધ ફોલ્ડર્સમાં ગોઠવી શકાય છે. યાહુના ઈ-મેઈલથી ટ્રાન્સફર થતા ઈ-મેઈલ એટેચમેન્ટના ફોટા ઓટોમેટીક સ્ટોર થઈ જાય છે. મિત્રોને આપણે ફોટો આલ્બમ મોકલી શકીએ છીએ.

**10. http://www.gujaratsrtc.com**

આ ગુજરાત એસ.ટી.ની વેબસાઈટ છે. ગુજરાત રાજ્યની એસ.ટી. બસોનું ટાઈમટેબલ જાણી શકીએ છીએ. તેમાં સામાન્ય, લક્ઝરી બસ, ગુર્જર નગરી અને ઈન્ટરસીટી સર્વિસની માહિતી મળી શકે છે. સ્ટેજવાઈઝ વિવિધ પ્રકારની બસોનું શું ભાડું લાગે છે તે પણ જાણી શકીએ છીએ.

**11. http://irctc.co.in**

આ ઈન્ડિયન રેલ્વેની કેટરીંગ અને ટુરીઝમ લીમીટેડની વેબસાઈટ છે. તેમાં રેલ્વે ટાઈમ ટેબલ, રેલ્વે મુસાફરીનું પ્લાનીંગ, આપેલા બે સ્ટેશન વચ્ચે કેટલી ટ્રેનો મળશે, તેમાં રીઝર્વેશનની પોઝીશન, ભાડું વિગેરે જાણી શકીએ છીએ. આપણે આઈ-ટિકીટ અને ઈ-ટિકીટનું રીઝર્વેશન કરી શકીએ છીએ. ઈ-ટિકીટ દ્વારા કરેલા રીઝર્વેશનની ટિકીટનું પ્રિન્ટ આઉટ કાઢી શકીએ છીએ.

આ સિવાય ઈન્ડિયન રેલ્વેની તેમજ તેના દરેક ડિવીઝનની અલગ અલગ વેબસાઈટો બનાવવામાં આવી છે અને તેના દ્વારા રેલ્વે અંગેની તમામ જાણકારી પ્રાપ્ત કરી શકીએ છીએ.

ઈન્ટરનેટ પર સંખ્યાબંધ વેબસાઈટો પ્રાપ્ય છે પણ આપણે બિનજરૂરી, અશ્લીલ અને વ્યાપારી વેબસાઈટો પર જવું હિતાવહ નથી.

*રસીકભાઈ આર. મહીયા - આદિપુર, કચ્છ*

## ખુશ ખબર..... 'જ્ઞાતિ સેતુ' હવે વેબસાઈટ પર....

**www.gnyatisetu.com**

દુનિયાભરમાં વસતા જ્ઞાતિસેતુના વાંચકો માટે ખુશ ખબર છે. શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ દ્વારા જ્ઞાતિસેતુ દ્વારા પ્રસારિત શૈક્ષણિક, સાંસ્કૃતિક તેમજ સામાજીક પ્રવૃત્તિઓની માહિતી - પ્રાસરનો વ્યાપ વિસ્તૃત કરવા અને તેને વિશ્વના ખૂણે ખૂણે પહોંચાડવા માટે વેબસાઈટ www.gnyatisetu.com શરૂ કરવામાં આવેલ છે.

આ વેબસાઈટ પર સેતુના અગાઉ પ્રસિધ્ધ થયેલ અંકો, સેતુ-પરિવારના સભ્યોની માહિતી, લવાજમ તથા જાહેરાત અંગેની માહિતી સર્વે વિગતો ઉપલબ્ધ થશે. સેટુ માટે મોકલવાની માહિતી, લેખો, સમાચારો, પ્રતિભાવો વિગેરે હવે વેબસાઈટ દ્વારા મોકલાવી શકાશે. આ અંગે editor@gnyatisetu.com પર ઈ-મેઈલ કરવાનો રહેશે. અમદાવાદ જ્ઞાતિ મંડળનો સંપર્ક president@gnyatisetu.com અને secretary@gnyatisetu.com પર થઈ શકશે.

જ્ઞાતિસેતુની વેબસાઈટ અમદાવાદ જ્ઞાતિના યુવા કાર્યકર અને સોફ્ટવેર નિષ્ણાત શ્રી ચિરાગ શશીકાંત બુધ્ધભટ્ટી દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. તેમજ આ વેબસાઈટ માટેની સ્પેસ તેમના સૌજન્યથી પ્રાપ્ત થયેલ છે. વેબસાઈટનું સંચાલન કરવાની માનદ્ સેવા પણ તેઓશ્રી આપશે. તે બદલ અમદાવાદ જ્ઞાતિ મંડળ, સેતુ પરિવાર તેમનો આભાર માને છે.

આશા છે કે સેતુના વાંચકો વેબસાઈટનો ભરપૂર ઉપયોગ કરશે.

*– અતુલ સોની*

# ભાવતાં ભોજન

• સુધા એ. બુધ્ધભટ્ટી - ભુજ •

## 'બેકીંગ ડિશીઝ'

બહેનો, અત્યાર સુધી આપણે સ્વીટ, પંજાબી, ચાઇનીઝ, મેક્સીકન, ફાસ્ટ ફુડ, ડેઝર્ટ, એપેટાઇઝર્સ જેવી અનેક આઇટમોનો સ્વાદ માણ્યો ખરૂંને? ચાલો, આજે આપણે બાળકોને પ્યારી એવી કેક તેમજ કુકીઝ (બિસ્કીટ)નો સ્વાદ માણીશું.

સામાન્યતઃ કેક તેમજ કુકીઝ ઑવનમાં બેક કરવામાં આવે છે. પરંતુ જો થોડો ખ્યાલ રાખવામાં આવે તો તે જ વસ્તુ આપણે ઑવન વિના પણ બનાવી શકીએ છીએ. બીજુ કેક અથવા બિસ્કીટમાં જો મહત્વની વસ્તુ હોય તો તે છે તેમનું આઇશીંગ. જેના દ્વારા આપણે કેક અથવા બિસ્કીટને અનેરો ઓપ આપી શકીએ. તો ચાલો આપણે વિવિધ કેક તેમજ બિસ્કીટની વિવિધ રીતો જાણીએ.

## 'કોકો કેક'

***સામગ્રી :-*** ૨૫૦ ગ્રામ સેલ્ફ રેઇઝીંગ ફ્લોર (મેંદો), ૧૫૦ ગ્રામ દળેલી ખાંડ, ૨૫ ગ્રામ કોકો પાવડર, ૧ ટે. સ્પુન ડ્રિંકીંગ ચોકલેટ, ૧ ટે. સ્પુન મિલ્ક પાવડર, ૧ ટી. સ્પુન બેકીંગ પાવડર, પ્રમાણસર (ચપટી) સોડા, ૧ ગ્લાસ દુધ, ૧ કટોરી માખણ, ઘી અથવા મલાઇ.

***બનાવવાની રીત :-*** સૌપ્રથમ મેંદો, બેકીંગ પાવડર તેમજ સોડાને મીક્ષ કરી ચાળવું. ઊંડા વાસણમાં ઘી તેમજ પીસેલી સાકર નાખી ખૂબ ફીણવું. પેસ્ટ ફીણાઇ જાય ત્યારે તેમાં થોડો થોડો મેંદો નાખી ખૂબ હલાવી ઘટ્ટ પેસ્ટ બનાવવી. (પેસ્ટ ઘટ્ટ બનાવવી નહીંતર તે વ્યવસ્થિત થશે નહીં)

ત્યારબાદ ટીનના ડબામાં સૌપ્રથમ ઘી લગાવી તેના પર મેંદો ભભરાવવો. વધારાનો મેંદો કાઢી નાખવો અને ઘટ્ટ પેસ્ટ તેમાં નાખી કૂકરમાં ૧૦ મિનિટ ફૂલ તાપ તેમજ ૭૫ મિનિટ ધીમા તાપે કેક શેકવી. (કૂકરમાં રીંગ સીટી તેમજ પાણી નાખવું નહી) કેક બેક થઇ જાય ત્યારે ડબો ઉલટાવીને કેક કાઢી લેવી. આ કેકને ઠંડી કરી તેના પર આઇશીંગ કરવું.

***આઇસીંગ :-*** ૫૦ ગ્રામ માખણમાં ૧૦૦ ગ્રામ આઇસીંગ સુગર નાખી તેમને ખૂબ જ ફીણવું. ત્યારબાદ આ પેસ્ટને કેક પર વ્યવસ્થિત લગાવી ચેરી તેમજ અન્ય ડેકોરેટ આઇટમોથી આઇસીંગ કરવું. પેસ્ટમાં વિવિધ કલર એસેન્સ નાખી અનેરી આઇસીંગ કરી શકાય છે.

## 'પાઇનેપલ કેક'

પીંછી જેવી હલકી અને પાઇનેપલના રસપૂર્ણ માધુર્યવાળી ખુબ જ સસ્તી કેક. આ કેકને ડેઝર્ટ તરીકે પણ પીરસી શકાય છે.

***સામગ્રી :-*** ૨૫૦ ગ્રામ મેંદો, ૪ ટે. સ્પુન માખણ (ગરમ કરેલુ) ૧૦૦ ગ્રામ પીસેલી ખાંડ, ૨૦૦ ગ્રામ તાજુ ક્રીમ, ૩ થી ૪ ટે. સ્પુન દળેલી ખાંડ (આઇસીંગ સુગર), ૧ નાનુ ટીન પાઇનેપલની સ્લાઇસો ડેકોરેશન માટે ચેરી, યલો કલર, પાઇનેપલ એસેન્સ બેકીંગ પાવડર, દુધ-સોડા.

***બનાવવાની રીત :-*** સૌપ્રથમ મેંદામાં ૧ ટી. સ્પૂન બેકીંગ પાવડર તેમજ સોડા નાખી ચાળવું. ઊંડા વાસણમાં માખણ, દળેલી સાકર નાખી ખૂબ હલાવવું. ત્યારબાદ તેમાં દૂધ નાખી ખૂબ ફીણી થોડો થોડો મેંદો પેસ્ટમાં નાખી ખૂબ હલાવવું. આ પેસ્ટને ઘી લગાવેલ ટીનના ડબામાં નાખી ૧૦ મિનિટ ફાસ્ટ તાપે તેમજ ૭૫ મિનિટ ધીમા તાપે કેક બેક કરવી.

કેક ઠંડી પડે એટલે વચ્ચેથી આડી કાપી બાજુ પર રાખવી. ક્રીમમાં પાઇનેપલ સીરપ, દળેલી સાકર નાખી આ પેસ્ટને કેકના એક ભાગ પર સ્પ્રેડ કરવી. ત્યારબાદ તેના પર પાઇનેપલના ટુકડા ગોઠવવા. ફરી કેકનો એક ભાગ તેના પર ગોઠવી વ્યવસ્થિત કેક ગોઠવવી. અંતમાં આઇસીંગ માટે માખણમાં આઇસીંગ સુગર યલો કલર પાઇનેપલ એસેન્સ નાખી આ પેસ્ટ કેક પર લગાવી તેના પર ઇચ્છાનુસાર ડેકોરેટ કરવી.

આ કેક દેખાવમાં તેમજ સ્વાદમાં ખુબ જ સારી લાગે છે.

## 'ઓરેન્જ કેક'

***સામગ્રી :-*** ૨૫૦ ગ્રામ મેંદો, ૧ ટી. સ્પુન બેકીંગ પાવડર, ૧/૨ ટી. સ્પુન સોડા, ૪૦૦ ગ્રામ કન્ડેસ્ડ મિલ્ક, ૧ કટોરી માખણ, ૨૫૦ મિલિ. ઓરેન્જ ફ્લેવરનું ડ્રિન્ક (ફેન્ટા), ૨ થી ૩ ડ્રોપ ઓરેન્જ એસેન્સ.

***બનાવવાની રીત :-*** મેંદો, બેકીંગ પાવડર સોડાને ચાળી ઊંડા વાસણમાં કન્ડેન્સ્ડ મિલ્ક માખણ અને ઓરેન્જ એસેન્સ નાખી ખૂબ ફીણવું. ત્યારબાદ તેમાં મેંદો અને ફેન્ટા નાખી ખૂબ ફીણવું. આ પેસ્ટને માખણ તેમજ મેંદો ભભરાવેલ ટીનના ડબમાં ભરી ૨૦૦ સેન્ટીગ્રેડ અથવા ૩૫૦ ફેરનહીટ પર બેક કરો.

***નોંધ :-*** ઓરેન્જ કેકની રીત પ્રમાણે કોઇપણ ફ્લેવરના

અલગ-અલગ એસેન્સ નાખી અલગ ફ્લેવરની કેક બનાવી શકાય છે. દા.ત. વેનીલા, પાઈપનેપલ, ચોકલેટ.....

## 'કાજુ બિસ્કીટ'

*સામગ્રી :-* ૫૦ ગ્રામ મેંદો, ૫૦ ગ્રામ માખણ, ૫૦ ગ્રામ પીસેલી ખાંડ, ૧૦૦ ગ્રામ કાજુનો કરકરો ભુકો. ૧ ટે. સ્પુન મિલ્ક પાવડર ૨ ટે. સ્પુન ડ્રિકીંગ ચોકલેટ ૩ થી ૪ ડોટસ બદામ એસેન્સ, ચપટી સોડા.

*બનાવવાની રીત :-* માખણ અને ખાંડને ખૂબ ફીણી તેમાં એસેન્સ મિક્સ કરવું. ત્યારબાદ તેમાં મેંદો, સોડા, કાજુનો કરકરો પાવડર, ડ્રિકીંગ ચોકલેટ, મિલ્ક પાવડર નાખી નરમ લોટ જેવું બાંધવું. ૧૫ મિનીટ ફ્રીજમાં મૂકી તેના લુઆ પાડી રોટલો વણવું અને ત્યારબાદ બિસ્કીટ કટરથી બિસ્કીટ કાપી બેકીંગ ટ્રેમાં ગોઠવી ૧૫૦ સેન્ટીગ્રેડ પર ૧૫ થી ૨૦ મિનિટ બેક કરી લો. ઠંડી થાય ત્યારે એરટાઈટ ડબામાં ભરી લો. આ બિસ્કીટ સ્વાદમાં તેમજ દેખાવમાં ખૂબજ સારા લાગે છે.

## 'કેસર બિસ્કીટ'

*સામગ્રી :-* ૫૦ ગ્રામ મેંદો, ૫૦ ગ્રામ સોજી, (રવો), ૫૦ ગ્રામ દળેલી ખાંડ, ૫૦ ગ્રામ ઘી, ૧/૨ ટી. સ્પુન કેસર ૧/૪ ટી. સ્પુન એલચી પાવડર ૧/૪ ટી. સ્પુન સોડા, ૧ ૧/૨ ટે. સ્પુન દુધ.

*બનાવવાની રીત :-* મેંદો રવો, ચાળી બાજુ પર મુકવું. ઘી તેમજ ખાંડને ખુબ ફીણવું. એલચી પાવડર તથા કેસરને દૂધમાં ઓગાળી તે પણ નાખવું. ત્યારબાદ તેના નાના બોલ બનાવી બેકીંગ ટ્રેમાં છુટા છુટા ગોઠવી ૧૫૦ સેન્ટીગ્રેડ પર ૩૦ મિનિટ બેક કરવું. ઠંડા થાય એટલે ડબામાં ભરી લેવા. આજ રીતે અલગ-અલગ ફલેવરના એસેન્સ નાખી અનેરા બિસ્કીટ બનાવી શકાય.

## 'અનેરી ટીપ્સ'

૧. કેક પર આઈસીંગ સુગર લગાવતી વખતે આઈસીંગ સુગરમાં થોડો લીંબુનો રસ નાખવાથી કેક સ્વાદિષ્ટ બનશે.
૨. ડ્રાયફ્રુટને મેંદામાં રગદોળી તેને કેક મિક્સરમાં નાખવાથી કેક બેક કરતી વખતે તળીયે બેસી જશે નહીં.
૩. મેંદામાં ઘીને બદલે તલના તેલનું મોણ નાખી બિસ્કીટ બનાવવાથી બિસ્કીટ ક્રિસ્પી બનશે.
૪. વિટામીન 'સી' ની ગોળી ૧ કિલો અથાણામાં નાખવાથી અથાણા લાંબા સમય સુધી બગડશે નહીં.

*- સુધા એ. બુધ્ધભટ્ટી*

## શિયાળાની વિશિષ્ટ વાનગી

### (૧) સ્નોવ બૉલ (Snow Ball)

*સામગ્રી :-* ખજૂર-૨૫૦ ગ્રામ, ઘી-૫૦ ગ્રામ, માવો-૫૦ ગ્રામ, ટોપરાનું ખમણ-૨૫ ગ્રામ, ખાંડ-૧૦૦ ગ્રામ, એલચી-૧૦-૧૨ નંગ, દૂધ-૨૫૦ મિલિ., ચેરી-૧૦-૧૨ નંગ

*રીત :-* સૌપ્રથમ ખજૂરમાંથી ઠળીયા કાઢી ધીમા તાપે ઘીમાં સાંતળો. ત્યારબાદ તેમાં દુધ ઉમેરી અને ખજૂરને ઉકાળવી. ત્યારબાદ તેને ઘટ્ટ કરવા માવો ઊમેરવો. ખજૂર બરાબર એકરસ થાય ત્યારે તેમાં એલચી પાવડર નાખવો. મિશ્રણને ઠંડુ પડવા દો. તેને ગોળ આકાર આપો અને સજાવટ માટે ટોપરાના ખમણ અને ચેરીનો ઉપયોગ કરો.

### (૨) ડીલાઈટેડ ખજૂર ખમણ સ્વીટ

*સામગ્રી :-* ખજૂર-૨૫૦ ગ્રામ, ઘી-૧૦ ગ્રામ, ખાંડ-૧૫ ગ્રામ, ટોપરાનું ખમણ-૫૦ ગ્રામ, મલાઈ-૫-૧૦ ગ્રામ, ચેરી-સજાવટ માટે, દુધ-૫૦૦ મિલિ, એલચી-૫-૬ નંગ

*રીત :-* સૌપ્રથમ ખજૂરને ધોઇ તેને કૂકરમાં દૂધ સાથે બાફી નાખવી. ઠંડી થયા બાદ ખજૂરનો છુંદો કરવો અને થોડા ઘીમાં ખજૂરને બરાબર સાંતળવી. ૫ થી ૭ મિનિટ સુધી શેક્યા બાદ ગેસ બંધ કરી એલચી ઉમેરવી. ટોપરાના ખમણમાં થોડી મલાઇ પીસેલી ખાંડ નાખી તેની કણક બાંધવી. ખજૂર ઠંડી થયા બાદ મનગમતો આકાર આપી એક થર ખજૂર ત્યારબાદ કણક અને ત્રીજો થર ફરી ખજૂરનો પાથરવો. ત્યારબાદ તેના પર ચેરી તથા ટોપરાના ખમણ દ્વારા ડેકોરેશન કરવું અને ફ્રીજમાં ઠંડી કરવા મુકવી.

*દિપ્તીબેન પરેશભાઇ ગુજરાતી*
*ઈ-૧, અરિહંતનગર, મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ મો. : ૯૪૨૮૨૯૪૭૧૧*

## અજમાવી જુઓ

(૧) કપૂરનો પાવડર બનાવી, કાજળ સાથે ભેળવી આંખોમાં આંજવાથી આંખો સ્વસ્થ અને નિરોગી રહેશે.
(૨) રસોડામાં માખીનો ઉપદ્રવ વધી ગયો હોય તો કપૂરની મોટી ટીકડીને લોખંડના તપાવેલા વાસણમાં રાખવાથી તેના ધુમાડાથી માખીઓ ત્વરિત ભાગી જશે.
(૩) શરદી ઉધરસમાં આદુનો રસ મધની સાથે રોજ ત્રણ વાર પીવાથી રાહત વર્તાય છે.
(૪) અરણીનાં પાનનો રસ પીવાથી સ્થૂળતા ઓછી થાય છે.
(૫) પ્રેશર કૂકરની રીંગને પંદર દિવસે એકવાર થોડો સમય ફ્રીજમાં રાખવાથી તે વધુ સમય ટકશે.
(૬) હરસ-અર્શના રોગમાં કાચા મૂળા તથા તેની ભાજી હિતકર છે.
(૭) સૂકું કોપરૂં રોજ સારી રીતે ચાવી ચાવીને ખાવાથી મોંની દુર્ગંધ દૂર થાય છે અને દાંત મજબૂત બને છે.

*- વીણાબેન ડી. કોટડીયા*

# સ્વાસ્થ્ય સેતુ

• સં. શ્રીમતી પૂર્ણિમા કાંતિભાઈ કંસારા - રાજકોટ •

## બ્લડ પ્રેશરને કાબૂમાં રાખવાની ચાવી

હાઈ બ્લડપ્રેશર એ કોઈ સ્વતંત્ર રોગ નથી પરંતુ શરીરતંત્રની એક સ્થિતિ છે. 'હાઈ બી.પી.' તરીકે પ્રચલિત આ સ્થિતિ શરીરનાં મહત્વનાં અંગો ઉપર જીવલેણ અસરો કરી શકે છે. દવાઓથી તે કાબૂમાં રહે છે પણ તેની સામે આવી દવાઓ 'આડ અસરો' પણ ઊભી કરે છે, જેને કારણે નવી શારીરિક સમસ્યાઓ સર્જાય છે.

જીવનશૈલીમાં ફેરફારથી આ સ્થિતિને દવા વગર અથવા તો અત્યંત ઓછી દવાથી કાબૂમાં રાખી શકાય. જીવનશૈલીમાં ફેરફાર માટે નીચેનાં મુદ્દાઓ ફાયદાકારક રહેશે.

- **નિયમિત ચેકઅપ :**

સામાન્ય રીતે High BP હોવાની જાણ નથી હોતી અથવા ખબર પડે ત્યારે મોડું થઇ ગયું હોય છે. એટલે આ સ્થિતિનાં લક્ષણો જણાતા ન હોઇ, પોતાનું બ્લડ પ્રેશર ડોક્ટર પાસે નિયમિત ચેકઅપ કરાવતા રહેવું.

ડોક્ટરનાં મેન્યુઅલ સ્ટેથો. વાળા સાધનથી BP ચેકઅપ કરવું સામાન્ય લોકો માટે થોડું મુશ્કેલ છે એટલે આવું સાધન વસાવવું હિતાવહ નથી પણ હમણા હમણા બજારમાં 'ડિજીટલ' સાધન મળતા થયા છે જેની કિંમત રૂા. ૧૬૦૦/- થી ૬૦૦૦/- સુધીની રેન્જમાં હોય છે જેનાથી ઘેર બેઠા BP ચેકઅપ થઇ શકે. (ઘણા સ્થળોએ મંડળો અને સામાજીક સંસ્થાઓ પણ વાપરવા આપે છે)

- **માનસિક તાણ :**

સતત માનસિક દબાણ/તાણ 'HIgh BP'ને નિમંત્રણ આપે છે. Stress Relief માટે ધ્યાન 'Meditation' 'ઉંડા-ધીમા-લયબધ્ધ' શ્વાસ લેવાથી અને આનંદ આપતી પ્રવૃત્તિઓ કરવાથી BP નીચું આવે છે.

- **પૂરતી ઊંઘ :**

દરરોજ રાત્રીની છ કલાકથી આઠ કલાકની ઊંઘ જરૂરી છે. કાયમી ઉજાગરા બંધ કરી નિયમિત ઊંઘ લેવાનો નિત્યક્રમ ગોઠવવો જરૂરી.

- **ખોરાકમાં મીઠું (Salt) :**

ખોરાકમાં મીઠાનું પ્રમાણ ઓછું કરવું જોઇએ. જરૂરિયાતથી વધુ મીઠું અને ઓછું પોટેશિયમ લેવાથી BP ઊંચું જાય. સામાન્ય રીતે દરરોજ ૧॥ ગ્રામથી ઓછું સોડિયમ અને કમ સે કમ ૪.૭૦ ગ્રામ પોટેશિયમ ખોરાકમાં લેવામાં આવે એ રીતનું નિયમન કરવું જોઇએ.

- **વજનનું નિયમન :-**

ઊંચાઇનાં પ્રમાણમાં આપણું વજન વધુ ન હોવું જોઇએ. વજનમાં ઘટાડો કરવાથી BPમાં ઘટાડો થશે.

- **નિયમિત ચાલવું (WALKING) :**

ઝડપથી ચાલવાની ટેવ પાડવાથી હૃદયનાં સ્નાયુઓની સ્થિતિ સ્થાપકતા વધે છે. સાદી કસરતો બીપીને ૧૦ પોઇન્ટ નીચું લાવી શકે છે.

- **યોગ્ય ખોરાક :**

ખોરાકમાં ફળો-શાકભાજી-લૉ ફેટ ડેરી પ્રોડક્ટસ - કરકરો અનાજ વગેરેનું પ્રમાણ વધારી, મીઠાઇઓ, વધુ પડતા ફેટવાળી વસ્તુઓ બંધ કરવી જોઇએ.

- **ધૂમ્રપાન બંધ :**

ધૂમ્રપાન/તમાકુથી BPમાં ૨૦ પોઇન્ટ જેટલો વધારો થાય છે.

- **દવાઓની નિયમિતતા :**

ડોક્ટરે BPની લખી આપેલ દવાઓ - નિયમિત અને ચોક્કસ સમયે, ચૂક્યા વગર લેવી જરૂરી છે.

ટુંકમાં ઉપરોક્ત 'Tips'ને પ્રથમ વખત વાંચ્યા પછી - દરરોજ એક અઠવાડિયા સુધી યાદ કરવી તેમજ મક્કમપણે તેનું પાલન કરીશું તેવી સ્વયં શિસ્ત કેળવવાથી, સુંદર જીવન ભેટમાં મળશે....

## આરોગ્ય વિશે સ્વાદિષ્ટ સમાચાર....

*'હર્બલ રસગુલ્લા'*

કલકત્તાની જાદવપુર યુનિવર્સિટીનાં ફુડ-ટેકનોલોજીનાં ડિપાર્ટમેન્ટ દ્વારા 'હર્બલ રસગુલ્લા' તૈયાર કરવામાં આવ્યા છે જે ગાજરની પેસ્ટ અને પનીરને મીક્ષ કરી બનાવવામાં આવે છે. આ મીઠાઇ વીટામીન-એ થી ભરપૂર અને એન્ટી-ઓક્સિડન્ટ્સ છે. આ યુનિ.નાં વડાનો દાવો છે કે ગાજરમાં કેરોટીન કમ્પાઉન્ડ નામનું તત્વ પુષ્કળ પ્રમાણમાં છે જે એક પ્રકારનું એક્ટીવ એન્ટી-ઓક્સિડન્ટ છે જેનાથી અપોષણ, ફેફસાની બીમારી તથા હાઇ કોલેસ્ટેરોલ સામે લડવામાં શરીરને સહાયતા મળે છે અને વૃધ્ધત્વની પ્રક્રિયા ધીમી બને છે.

આ હર્બલ રસગુલ્લાથી આંખોનું તેજ વધે ઉપરાંત યુવાની પણ ટકાવી રાખે છે.

ગાજરનાં ટુકડાને પહેલા ઉકળતા પાણીમાં પલાળી રાખવામાં આવે છે જેથી નરમ પડી જાય છે અને તેના ઉપરની છાલ નીકળી જાય છે. ત્યારબાદ હાઇ સ્પીડ મિક્સરમાં પનીર સાથે મિક્સ કરી બનાવવામાં આવે છે.

*શ્રીમતિ પૂર્ણિમા કાંતિભાઇ કંસારા - રાજકોટ*

# કોમ્પ્યુટરનો કક્કો

• ટી. એલ. કંસારા - અમદાવાદ •

## કૌન બનેગા કોમ્પ્યુટર વિઝાર્ડ?

*૧. આપણી જ્ઞાતિના આ મુખપત્ર 'જ્ઞાતિસેતુ'માં આ અંકથી શરૂ થઇ ગઇ છે 'કોમ્પ્યુટરનો કક્કો' નામે લેખમાળા.*

*૨. આ પહેલા હપ્તામાં છપાયેલ લેખમાંથી ચૂંટેલી હકીકતોનો આધાર લઇ બનાવેલ પાંચથી સાત સવાલો બીજા હપ્તાના લેખને અંતે પૂછવામાં આવશે.*

*૩. પૂછાયેલ પ્રશ્નોના વધારેમાં વધારે ઝડપથી, અંક મળ્યેથી દસ દિવસની અંદર, વધારેમાં વધારે સવાલોના સાચા જવાબો આપનાર પ્રથમ ત્રણ સ્પર્ધકોના નામ એ પછીના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.*

*૪. આવી રીતે આ વર્તુળ એક વરસનું રહેશે. દર વરસે જ્ઞાતિ મેળાવડામાં વરસ દરમિયાનમાં સૌથી પ્રથમ રહેલ ત્રણ વિજેતાઓને "કોમ્પ્યુટર વિઝાર્ડ કંસારા" તરીકે નવાજી, યોગ્ય ઇનામો સાથે આ લેખમાળા શરૂ કરનાર તરફથી સન્માનવામાં આવશે.*

*૫. આ સ્પર્ધામાં ભાગ લેનાર હરીફો કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિમાંથી હોવા જોઇએ અને તેમની વય મર્યાદા ૧૪ વરસની રાખવામાં આવેલ છે. જે ૧ જાન્યુઆરી, ૨૦૦૮ના રોજથી ગણવામાં આવશે. અર્થાત્ સ્પર્ધામાં ઉતરનાર વ્યક્તિ ૧લી જાન્યુઆરી, ૧૯૯૪ કે તે પછી જન્મેલ હોવી જોઇએ અને ગુજરાતી લખી - વાંચી શકતી ઓછામાં ઓછી ૭ વરસની હોવી જોઇએ.*

*૬. આ લેખમાળાનો હેતુ વધારેને વધારે યુવકો વંશપરંપરાગત ચાલ્યા આવતા રોજગારના સાધનોમાં બદલાતા જમાના સાથે કદમ મિલાવી ટેક્નોલોજીની રીતે સુધારા વધારા કરીને મહત્તમ રોજગારી મેળવે તેમજ નોકરી વાંચ્છુઓ નાનપણથી જ એ દિશામાં તૈયાર કરીને સારી લાયકાતો મેળવી દેશ તેમજ વિદેશમાં ઊભરતી તકોનો મહત્તમ ફાયદો ઉઠાવે એ જ છે.*

*– મુખ્ય તંત્રી*

---

- **કોમ્પ્યુટરનો કક્કો :**

કહેવાય છે કે જેણે કક્કો બરાબર ઘુંટ્યો હોય એનું ભવિષ્ય ઉજ્જવળ હોય છે. આવતી પેઢી તો કદાચ ક, ખ, ગ, ઘ અથવા A, B, C, D, પણ કમ્પ્યુટર ઉપર જ શીખશે પછી ઘુંટવાની તો વાત જ ક્યાં રહી?

પરંતુ મારે તમારે અને સાથે મળીને આપણે આજે તો માત્ર આપણા પછીની પેઢીનો જ વિચાર કરી, કક્કો ઘુંટી ચૂકેલા બાળકો આજના માહિતી વિસ્ફોટના જમાનામાં આડેઅવળે ફંટાઈ ન જતાં, આ કોમ્પ્યુટરનો કક્કો બરાબર, વ્યવસ્થિત રીતે અને સમયસર શીખીને જમાના સાથે કદમ મિલાવવા માટે તૈયાર થાય એ જ વિચારવાનું છે. એટલા માટે જ આ લેખમાળાની શરૂઆત આપણા મુખપત્ર "જ્ઞાતિ સેતુ"માં કરીને ૪ થી ૧૪ વરસ સુધીની ઉગતી યુવા પેઢીને યોગ્ય સમયે જ તૈયાર કરવાનો છે. તો સાથે સાથે વડીલ અને અન્ય વાંચક વર્ગ પણ આ વિષયમાં રસ લઈ થોડું ઘણું જાણીને બાળકો સાથે તેમને ગમતા વિષયોમાં સંવાદ સાધી શકે.

- **ઈન્ટરનેટ સાથે કોમ્પ્યુટરનો વપરાશ :**

આજની તારીખમાં (માર્ચ ૨૦૦૭) આખી દુનિયાની ૬ અબજ ૫૭ કરોડ અને ૪૭ લાખ ઉપરની વસ્તીમાંથી જયારે લગભગ ૧૭ ટકા લોકો એટલે કે ૧ અબજ, ૧૧ કરોડ, ૪૩ લાખ એટલે સમજો કે લગભગ આખા ભારત દેશના લોકો ઈન્ટરનેટ વાપરતા થઈ ગયેલ છે. ત્યારે જે મશીન દ્વારા ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકાય છે અને દુનિયાભરની માહિતીનો ખજાનો આંગળીના ટેરવેથી મેળવી શકાય છે તે કોમ્પ્યુટર વિશે વિશેષ જાણકારી મેળવવી રસપ્રદ અને ઉપયોગી પણ થઈ પડશે.

આપણા દેશ માટે એ એક ગૌરવપ્રદ બીના છે કે, દુનિયાના સૌથી વધારે ઈન્ટરનેટ વાપરનાર પ્રથમ ૨૦ દેશોમાં સંખ્યાની દૃષ્ટિએ અમેરિકા, ચીન, જાપાન અને જર્મની પછી ભારતનો નંબર પાંચમો આવે છે. આમ છતાં આ બાબતમાં બહુ હરખાઈ જવા જેવું નથી કારણકે વસ્તીની સામે ટકાવારી જોતાં માત્ર ૩.૫ ટકા જ એટલે કે એક અબજ ૧૩ કરોડની વસ્તી સામે માત્ર ૪ કરોડ લોકો જ ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. જયારે અમેરિકા અને જાપાનમાં આ પ્રમાણ અનુક્રમે ૬૯.૯% અને ૬૭.૧% જેટલું છે. મતલબ આપણા દેશમાં કમ્પ્યુટર્સના વપરાશ માટેની ભરપૂર શક્યતાઓ રહેલી છે. આ શક્યતાઓ નજર સમક્ષ રાખી ભાવિ પેઢી કમ્પ્યુટરને લગતા દરેક સવાલના જવાબો મેળવી શકે એવો આ લખનારનો આશય છે. તો હવે આપણે કમ્પ્યુટર એટલે શું? એ પ્રશ્નનો જવાબ મેળવીએ.


## ● કમ્પ્યુટર એટલે શું?

કમ્પ્યુટર એટલે એક એવું મશીન કે જેમાં અગાઉથી સૂચિ પ્રોગ્રામ કે કાર્યસૂચિ એની જ ભાષા (Computer Language or Machine Language)માં નાખેલ હોય તો તેના પરીઘમાં રહીને આપેલ સુચનાઓ મુજ, માહિતી કે ડેટાને જરૂર પ્રમાણેના ફોર્મેટમાં ગોઠવી આપે છે. સાથે સાથે તેનો સંગ્રહ પણ કરે છે અને જયારે જોઈએ ત્યારે એના કી બોર્ડની કળો દબાવતાં આપણને એ જ માહિતી જોઈએ એવા ફોરમેટમાં ટી.વી. જેવા દેખાતા સ્કીન કે જેને મોનીટર કહેવામાં આવે છે તેમાં દેખાડે છે અથવા જોઈએ તો પ્રિન્ટર મારફત પ્રિન્ટ પણ કરી આપે છે.

મારો એક "અંગત મિત્ર" છે. એ ફરતાં ફરતાં મારી ઓફિસે આવી ચઢ્યો અને કહે : 'બાજુ વાળો, મકાનની દલાલી કરતો મહેશ પૂછતો હતો કે સાહેબ મને કમ્પ્યુટર શીખડાવે?' પછી પાછું તુરત જ બોલ્યો કે, પણ મને અંગ્રેજી નથી આવડતું ને. તો એ મને અંગ્રેજી પણ શીખવાડશે?

મે કહ્યું : "અંગત" તું એ મહેશને કહેજે કે કમ્પ્યુટર શીખવા માટે અંગ્રેજી જાણવું ફરજીયાત નથી. આમ છતાંય એ શીખતો હોય તો કહેજે કે આપણે કમ્પ્યુટર શીખે તેમને અંગ્રેજી મફત શીખવાડીએ છીએ. "બાય વન ગેટ વન મફત"ની જેમ. ઘણા લોકોને મનમાં એક ભય હોય છે કે મને અંગ્રેજી નથી આવડતું એટલે કંઈ જ શીખી ના શકું. પરંતુ કમ્પ્યુટરની તો ભાષા જ અલગ છે. તમને માત્ર ૦ અને ૧ માં ખબર પડતી હોય તો અંગ્રેજીના શબ્દો શીખો કે કમ્પ્યુટરના, બધું એક જ છે. બંને એકબીજાના પૂરક ચે. તો ચાલો, આજે સૌપ્રથમ આપણે, કમ્પ્યુટરના કક્કામાંથી થોડા શબ્દોનો પરિચય મેળવીએ.

***કમ્પ્યુટર મશીનના મુખ્ય ભાગો નીચે મુજબ હોય છે :***



૧. ***મોનીટર :*** જે ટી.વી. જેવું દેખાય છે તે, જેને સ્ક્રીન અને નીચે ગોળ બેઠક હોય છે. જેના ઉપર તેને ડાબે, જમણે, ઉપર, નીચે ફેરવી શકાય છે. સી.પી.યુ.માં આપેલ પાવર કનેક્શન માટેના સ્લોટમાં વાયર દ્વારા તેનું જોડાણ કરવામાં આવે છે.

૨. ***મધર બોર્ડ :*** એટલે એક સર્કીટ બોર્ડ જેને કોમ્પ્યુટરના ઊભા ડબ્બા જેવા દેખાતા ભાગની અંદર ફીટ કરવામાં આવેલ હોય છે. જેમાં માઈક્રો પ્રોસેસર યુનીટ તેમજ નાનકડો પંખો અને ઈન્ટીગ્રેટેડ સર્કીટ (ICs) જે વિવિધ સ્લોટ આપેલ હોય છે એમાં રાખવામાં આવેલ RAM રેન્ડમ એક્સેસ મેમરી[a] તેમજ ROM રીડ ઓન્લી મેમરી અને ઈનપુટ[b] અને આઉટપુટ[c] ડિવાઈસીસના કનેક્ટર્સ આપેલ હોય છે. ઈનપુટ સાથે કી બોર્ડ અને માઉસ તેમજ આઉટપુટ સાથે મોનીટરને વાયર દ્વારા જોડવામાં આવે છે.

૩. ***સી.પી.યુ. :*** એટલે કે સેન્ટ્રલ પ્રોસેસીંગ યુનીટ જેને માઈક્રો પ્રોસેસર યુનીટ પણ કહેવામાં આવે છે અને સામાન્ય ભાષામાં ઊભા ડબ્બા ભાગને પણ સી.પી.યુ. કહેવામાં આવે છે.

૪. ***પ્રાઈમરી સ્ટોરેજ અથવા* RAM :** એટલે કે રેન્ડમ એક્સેસ મેમરી.

૫. ***એક્સ્પાન્શન કાર્ડ :*** વધારાની મેમરી માટેના કાર્ડ

૬. ***પાવર સપ્લાય :*** જે કમ્પ્યુટરને જરૂરી પાવર આપે છે અને અન્ય ઘર વપરાશના સાધનો જેવા કે ટી.વી., ફ્રીજ, વિ.માં વપરાતા સ્ટેબીલાઈઝર્સ જેવું કામ આપે છે.

૭. ***ડિસ્ક ડ્રાઈવ :*** જેમાં પહેલા ફલોપી વપરાતી હતી પરંતુ નવા કમ્પ્યુટર્સમાં સી.ડી. કે ડી.વી.ડી.નો ઉપયોગ થાય છે.

૮. ***હાર્ડ ડિસ્ક અથવા સેકન્ડરી સ્ટોરેજ :*** જેમાં કમ્પ્યુટરના પ્રોગ્રામ અને માહિતીઓ સંગ્રહી શકાય છે.

૯. ***કી બોર્ડ :*** એક ઈનપુટ ડીવાઈસ છે જેના મારફતે માહિતી કમ્પ્યુટરમાં દાખલ કરી શકાય છે તેમજ ફરીથી જોવા માટે, પ્રિન્ટ લેવા માટે કે કમ્પ્યુટરમાં દાખલ

---

**(a)** *મેમરી : સ્મૃતિ અથવા યાદ રાખવાની શક્તિ કે ક્ષમતા. આ અંગ્રેજી શબ્દ છે (Memory) જેનો ઉપયોગ કમ્પ્યુટરના વિદ્યાર્થીઓ માટે હવે ગુજરાતી શબ્દ જેવો જ બની ગયેલ છે. તેથી આપણે પણ તેને મેમરી તરીકે યાદ રાખીશું.*

**(b)** *ઈન-પુટ (Input) અંગ્રેજી શબ્દ. મશીનની અંદર દાખલ કરવામાં આવતી માહિતી અને એ માહિતીને કમ્પ્યુટરમાં દાખલ કરવા માટે વપરાતા સાધન કે પૂર્જાને Input device – ઈનપુટ ડીવાઈસ કહેવામાં આવે છે. આ શબ્દ પણ આ લેખમાળા દરમિયાન ઈન-પુટ તરીકે જ વાપરવામાં આવશે.*

**(c)** *આઉટ-પુટ (Output) આ શબ્દ પણ અંગ્રેજી છે અને કમ્પ્યુટરમાંથી જે માહિતી જે ફોર્મેટમાં મેળવવામાં આવે છે તેને Output કહેવામાં આવે છે અને જે સાધન દ્વારા જોવામાં કે મેળવવામાં આવે છે તેને આઉટપુટ ડીવાઈસ કહેવાય છે.*

કરવામાં આવેલ માહિતીને જોઈતા ફોર્મેટમાં કે ગ્રાફિકના સ્વરૂપમાં મેળવવા માટે કી બોર્ડનો ઉપયોગ કરવામાં આવે છે. આ માટે તમોને ટાઈપ આવડવું જરૂરી નથી. પરંતુ પ્રેકટીસથી વધારે ઝડપ મેળવી શકાય છે. જો તમારે ટાઈપ શીખવું હોય તો તેનો પ્રોગ્રામ પણ કમ્પ્યુટરમાં હોય છે અને તે પણ આ જ કીબોર્ડ ઉપર પધ્ધતિસર શીખી શકાય છે.

૧૦. ***માઉસ :*** એ પણ એક ઈનપુટ ડીવાઈસ છે જેનો ઉપયોગ પણ માહિતી મેળવવા માટે માઉસની ક્લિક દબાવીને કરી શકાય છે. ઈનપુટ ડીવાઈસ તરીકે કીબોર્ડ અથવા માઉસનો વૈકલ્પિક ઉપયોગ થાય છે.

૧૧. ***પ્રિન્ટર :*** આ એક આઉટપુટ ડીવાઈસ છે. જે માહિતી તમને મોનીટર ઉપર દેખાતી હોય તે કાગળ ઉપર છાપવાની હોય તો પ્રિન્ટરનો ઉપયોગ કરવામાં આવે છે.

- **બીટ, બાઈટ, કેબી, જીબી વિશે થોડી સમજણ**

બીટ એટલે બાઈનરી ડિજીટ એટલે કે દ્વિજ આધારીત ગણના પધ્ધતિમાં વપરાતા આંકડા જેમકે "૦" અથવા "૧". તો પછી બાઈટ એટલે શું? બાઈટ એટલે આઠ બીટ જેને આપણે સાદી ભાષામાં આઠ અક્ષર ધરાવતો શબ્દ કહી શકીએ અથવા આઠ બાઈનરી ડિજીટ દ્વારા રચાતો સમૂહ કહીએ. દા.ત. "૦૧૦૧૦૧૦૧" કે "૦૦૧૧૦૧૧૦" કે આવું કોઈપણ આઠ બીટનું કોમ્બિનેશન જેને કમ્પ્યુટરની ભાષામાં બાઈનરી વર્ડ કહેવામાં આવે છે. આ ઉપરથી અગાઉ જણાવેલ ૨૦ જીબીના બસો ચૌદ કરોડ ચુમ્મોતેર લાખ ત્યાંસી હજાર છસ્સો અડતાલીસ બાઈનરી વર્ડની ક્ષમતાનો અંદાજ આવશે.

પધ્ધતિસર કમ્પ્યુટર કેવી રીતે શીખાય? આવા સવાલના જવાબ સાથે આવતા અંકમાં બીટ, બાઈટ, કેબી, જીબી બાબતમાં ડેસીમલ પધ્ધતિ અને બાઈનરી પધ્ધતિ વચ્ચેનો તફાવત અને તેના માટે વપરાતા શબ્દો જોઈશું.

- **ઈ-મેઈલ વિશે પ્રાથમિક અભ્યાસ :**

***ઈ-મેઈલ :*** ઈલેક્ટ્રોનિક મેઈલ કે ટપાલ. electronic mail.

***ઉપયોગ :*** પત્રો લખવા, સંગ્રહ કરવા કે મોકલવા માટે ઈ-મેઈલનો કમ્પ્યુટર દ્વારા ઉપયોગ થાય છે. આ પદ્ધતિના ઉપયોગથી પત્ર મોકલવામાં સમયનો વ્યય બિલકુલ થતો નથી. ઉપરાંત ટપાલ ટિકીટનો ખર્ચ અને પોસ્ટના ડબ્બા શોધવાની જફામાંથી બચી જવાય છે. જરૂરી છે માત્ર કમ્પ્યુટર અને ઈન્ટરનેટનું કનેક્શન.

***ઈ-મેઈલનો ઈતિહાસ :*** તમોને એ જાણીને નવાઈ લાગશે કે ઈન્ટરનેટ મારફત મોકલવામાં આવતા ઈમેઈલનો જન્મ કે વપરાશ ઈન્ટરનેટની શોધ પહેલાં ૧૯૬૧માં થયેલ. એમ.આઈ.ટી. નામની સંસ્થાએ Massachusetts Institute of Technology એક જ સમયમાં અનેક વ્યક્તિઓ દ્વારા પરસ્પર ઉપયોગમાં લઈ શકાય એવી સિસ્ટમ જેને Compatible Time-Sharing System (CTSS) કહેવાય છે પ્રયોગ આઈ.બી.એમ. નામની અમેરિકન કંપનીના કમ્પ્યુટર ઉપર કરેલો.

એક રીતે તો પહેલાં મરઘી કે પહેલું ઈંડું? જેવા સવાલની રીતે વાત કરીએ તો કહી શકાય કે ઈમેઈલની જરૂરિયાત ઉપસ્થિત થઈ એટલે ઈન્ટરનેટની શોધ અને વિકાસ થયો. આમ પ્રથમ ઈંડું અને પછી મરઘી જેવો તાલ થયો. આમ અંગ્રેજીમાં તો કહેવાય જ ચે કે નીડ ઈઝ ધ મધર ઓફ ઈન્વેન્શન. અર્થાત જરૂરિયાત એ શોધખોળની માતા છે. આ ઈમેઈલની પદ્ધતિને ૧૯૬૯માં વિકસાવવામાં અર્પાનેટ કમ્પ્યુટર નેટવર્ક નામની કંપનીનો મોટો ફાળો છે.

***ઈ-મેઈલમાં આવતી @ સંજ્ઞા :*** આ @ સંજ્ઞાને એટ કહે છે. જ્યારે વ્યાપારીક ગણિત કે હિસાબોની દુનિયામાં કોઈપણ એક આઈટમના એક એકમના ભાવ દર્શાવવા માટે આ સંજ્ઞા @ 'એટ ધ રેઈટ' તરીકે બોલાય છે.

***ઈ-મેઈલમાં @ સંજ્ઞાનો ઉપયોગ :*** આ સંજ્ઞાનો ઉપયોગ તમારા નામ (યુઝર્સ નેઈમ) એટલે કે વાપરનારના નામ અને કોમ્પ્યુટર મશીનને અલગ પાડે છે કે જોડે છે. મતલબ કે આ નિશાની વગર તમે ઈ-મેઈલનો ઉપયોગ ના કરી શકો. ૧૯૭૧ની સાલમાં @ સંજ્ઞાનો સૌપ્રથમ ઉપયોગ રે ટોમલીનસન નામની વ્યક્તિએ કરેલ હતો.

***યુઝર આઈ.ડી. :*** તમે જે નામે ઈ-મેઈલ માટે ખાતું ખોલાવો છો તે નામ. આ નામ લખ્યા બાદ વચ્ચે જગ્યા (સ્પેસ) છોડવામાં આવતી નથી. બલ્કે @ ટાઈપ કરીને તુરત જ જે કંપનીના ઈમેઈલનો ઉપયોગ કરતાં હોઈએ તેનું નામ આવે છે. દા.ત. તુલસીકંસારા@યાહૂ.કોમ. અલબત્ત અત્યારે તો તમારે આવા આઈ.ડી. અંગ્રેજીમાં જ લખવા પડે કારણ ગુજરાતી હજુ આંતરરાષ્ટ્રીય ભાષા બનેલ નથી.

***ટી. એલ. કંસારા***
*ઈન્ફાઈનાઈટ ઈન્ડિયા*
*યુ/૧૦, સાર્થક ટાવર, રામદેવ નગર, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.*
ઈ-મેઈલ : **tkansara@infiniteindia.com**

---

*કુદરતે મસ્ત મજાની કવિતા રચી છે*
*પ્રત્યેક કડીમા લાગણી લચી છે*
*પ્રત્યેક કડી પ્રેમના પ્રાસમા પચી છે*
*કૃષ્ણની કડીમાં રાધા રાણી સજી છે*
*મીરાએ કૃષ્ણના પ્રેમમાં લાગણી ભજી છે*
*પણ, મીરાની કડીમાં એક લીટી બચી છે,*
*તે કૃષ્ણના પ્રાસમાં ભળવા જીનલ બાકી હજી છે*
*કારણ કે,*
*મીરા બેઠી છે એ આશમાં*
*કે, પોતે ભળી જશે કોક'દિ કૃષ્ણના પ્રાસમાં*

***કુ. જીનલ પી. સોની - નાગલપુર (માંડવી) - કચ્છ***

# પ્રતિભાવ

★ આપ સૌને નૂતન વર્ષની હાર્દિક શુભ કામના. આપ સૌને જણાવવામાં આવે છે કે દિવાળીની જેમ જ્ઞાતિસેતુ પરિવારમાં રોશની અને પ્રગતિ વધતી રહે. તમારા જીવનમાં સદા સુખ અને શાંતિ રહે. દિવાળીની શુભકામના સર્વ જ્ઞાતિજનોને વ્યક્ત કરૂં છું. આપ સૌ પણ સદા ખુશ રહો.

***વિદુલા કે. કટ્ટા, મનોજ એન. બારમેડા***

★ હું સેતુ અંક માટે થોકબંધ કવિતાઓ આપને મોકલું છું. એક જ પાનામાં કૃતિ મોકલવા આપે અનુરોધ કર્યો છે જેની નોંધ મે લીધી છે. આપે મારા ફોટાની નીચે જણાવ્યું છે કે મારા કાવ્યો દ્વારા સેતુની શોભા વધી છે તે બદલ આભાર. હજુ તો ફક્ત શોભા જ વધી છે ને, 'સેતુ'ને દુલ્હન જેવી બનાવી દેવાના પ્રયત્નો કરવાની આપને ખાતરી આપું છું. સેતુ વિકસતું જ રહે તેવી શુભકામના સહ. ભૂલચૂક માફ કરજો.

***- જીનલ પી. સોની***

★ ગત અંકમાં શ્રી હરિલાલ ભાઇના વિકાસ અંગેના વિચારો વાંચ્યા

હરિલાલ ભાઇએ કહ્યું કે

***'દિલ દિવ્ય પ્રણયની મજા મળશે તને***
***કોઈની શોધમાં તું ખોવાઈ જા.'***

હું એથી આગળ કહું છું :

***'જ્ઞાતિના વિકાસની ધજા ફરકશે***
***સતત કાર્ય કરવામાં તું મોહવાઈ જા'***

મહામંડળ રૂપી વિકાસના દીવામાં કોઇક વાટ, કોઇક દિવાસળી તો કોઇક ખુદ દીવો બને. પણ કમ સે કમ આપણે એ દીવાનું ઘી તો બની જ શકીએ. આજે મહામંડળ ખરેખર જ્ઞાતિ વિકાસ માટે અવિરત પ્રયત્ન કરે છે, તો આપણે પણ ફુલ નહિ તો ફુલની પાંખડી, ઝાઝુ નહિ તો થોડું તો પ્રદાન આપીએ?

જ્ઞાતિનો સતત વિકાસ થતો રહે તે માટે મોટેરાઓ તો પ્રયત્ન કરે જ છે, પણ આજનું બાળક આવતી કાલની આશા છે, વિકાસનું કિરણ છે. જો અત્યારથી તેને Train કરવામાં આવે તો ચોક્કસપણે આવતી કાલ ઉજળી બને એમાં કોઇ શંકા નથી. વિકાસની વાતમાં હું પણ મારો એક મુક્તક રજૂ કરવાની લાલચ રોકી શકતી નથી.

***'ચાલો, સૌ કામ કરીએ***
***એકબીજાના સાથમાં***
***મુશ્કેલીને ભેટી લઈએ***
***આમ કરીને બાથમાં***
***જ્ઞાતિનો વિકાસ લઈ લઈએ***
***આપણા સૌના હાથમાં'***

આપણે સૌ આખી જ્ઞાતિને એક ઘર માનીશું. એમાં આપણી જવાબદારી સ્વીકારીશું તો હરીલાલભાઇએ કહ્યું તેમ મિટીંગમાં ઊંચા સાદે બોલવું નહિ પડે.

બીજું ફક્ત જ્ઞાતિના વિકાસ અંગેના કાર્યો ફક્ત વિચારવાથી કંઇ જ નહિ વળે, Because there is difference between doing and saying. મોટા કાર્ય વિચારવા કરતા નાનું કાર્ય કરી દેખાડવું એ ઘણું મહાન છે આ જ્ઞાતિના વિકાસમાં કોઇ તલવાર જેવું કામ કરી શકે તો કોઇ સોય જેવું કામ પણ કરી શકે.

અંતે હું એટલું જ કહીશ કે મહામંડળ વધુને વધુ એવા સંજોગો ઊભા કરે કે જેથી અનાયાસે પણ વ્યક્તિ તે કાર્યમાં પોતાનો હિસ્સો નોંધાવી શકે.

***કુ. જીનલ પી. સોની - નાગલપુર-માંડવી (કચ્છ)***

★ સમસ્ત સેતુ પરિવારને મારા નૂતન વર્ષનાં અભિનંદન હું પરમાર પ્રિયા આજે સેતુને કંઇક સમર્પણ કરવા માટે કશુંક લખી રહી છું જે તમને યોગ્ય લાગે તો સેતુમાં સમાવશો. સૌપ્રથમ તો હું કહું છું કે સેતુ એક અનન્ય પુસ્તિકા છે તેથી સેતુ માટે ઘણું બધું કહી શકાય પણ સેતુને તો માત્ર સેતુ જ કહેવાય એ પછી રામસેતુની વાત હોય કે આપણા જ્ઞાતિ સામયિક સેતુની વાત હોય તો હું તેને ઉદ્દેશીને જ કહું છું, તેમાંથી જ મેળવેલું છે, તેને જ અર્પું છું.

*શું કહું ?*
*કલમ ઉપાડી સેતુ માટે શું કહું?*
*રામની યાદ આપતો સેતુ કહું કે જ્ઞાતિજનો વચ્ચેનો પૂલ કહું?*
*જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર કહું કે પછી*
*દરેક મુખની વાત કહું?*
*ખામોશ છતાં બોલતાં શબ્દોને જ સેતુ કહું?*
*ભાવતાં ભોજનોનો રસથાળ કહું કે પછી*
*સ્વાસ્થ્યનો સેતુ કહું ?*
*સેતુને જ્ઞાતિનું ગૌરવ કહું કે તેને હું અભિનંદન આપું?*
*શું તેને જ્ઞાતિનું માહિતીપત્ર કહું કે પછી,*
*વ્યાવસાયિક વિચારોની શ્રૃંખલા કહું?*
*શું તેને ચિંતનનું ચરણામૃત કહું કે પછી,*
*વિચારોનું વાવેતર કહું?*
*શું તેને કાવ્યોનું વનરાવન કહું કે પછી,*
*માનવમનની કસોટી કહું?*
*શું સેતુને ધ્યેયસિધ્ધ કરતું પુસ્તક કહું કે પછી,*
*સર્વ જ્ઞાતિજનનું શ્રેય કહું?*
*અરે, સેતુ તો અસંખ્ય બાબતે યોગ્યતા ધરાવતો હોવા છતાં*
*શું હું આ પુસ્તકને માત્ર સંબધોનો જ સેતુ કહું?*
*મિત્રો, એજ છે મારી પરિભાષા કે,*
*અનેકને એક સાથે જોડતો સેતુ*
*એટલે જ તો હું તેને સેતુ કહું?*

***પરમાર દિપ્તી - અંજાર***

★ સહર્ષ જણાવવું કે માનસી બાળ શબ્દ કસોટીમાં મને ભાગ્યશાળી વિજેતા જાહેર કરવામાં આવ્યો છે તે જાણી આનંદ થાય છે. અન્યમાં જણાવવું કે તમને મારા નૂતન વર્ષાભિનંદન તેમજ તમે સફળતાના સોપાનો સર કરો તેવી શુભેચ્છા.

***સોની જીગર હિંમતલાલ - વિથોણ***

★ 'જ્ઞાતિસેતુ' માટે અમદાવાદ જ્ઞાતિના વડીલો અને અત્યારના કાર્યકર્તાઓ - સહ કાર્યકર્તાઓ સૌને અભિનંદન. સાથે સાથે સેતુની શોભા વધારવા જે લેખ મોકલે છે તે ભાઈ-બહેનો સર્વેને પણ અભિનંદન.

વિદ્યા વાપરવાથી વધે તે રીતે વિચારો વાંચવાથી, સાંભળવાથી અને અમલમાં મૂકવાથી વધે છે. હજુ પણ વધુને વધુ લેખો આવે, પાનાની સંખ્યા વધતી જાય અને વધુને વધુ જાણકારી મળે તે આપણા સૌનો પ્રયાસ છે.

***જયાબેન કે. બુધ્ધભટ્ટી***
***ઉપપ્રમુખ, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ સ્વ-ઉત્કર્ષ મહિલા મંડળ - અંજાર***

★ શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર 'જ્ઞાતિસેતુ' જે આપણું પોતીકું - આપણા સમાજની વિગતે માંડીને વાત કહેતું અને આપણા સુજ્ઞ જ્ઞાતિજનો દેશ-વિદેશનાં કોઈ પણ ખૂણામાં વસવાટ કરતા હોય, એમના માટે હકીકતમાં સેતુરૂપ કામગીરી કરે છે. એ જ્ઞાતિસેતુ હજુ તો ત્રીજા વર્ષમાં જ મક્કમ રીતે ડગ માંડે છે ત્યારે હજુ એને વધારેને વધારે જ્ઞાતિજનોના ટેકા અને હૂંફની જરૂર છે. જો કે તમામ જ્ઞાતિજનો પૂરેપૂરો સહકાર મળે જ છે છતાં પણ ક્યાંક-ક્યારેક જ જ્ઞાતિના એકમાત્ર સેતુની ઉપેક્ષા જોવા મળે છે. જે ખરેખર આપણા સમાજની કમનસીબી કહો કે, જે કંઈ કહો તે, પણ હવે સંકુચિત માનસિકતા છોડી સેતુને દૂરનું ન ગણી (પારકું કોઈ ગણતું નથી) સેતુને અંતરના ઉમળકાથી આવકારી એને આપણા ઘરનું એક અનિવાર્ય - આજીવન સભ્ય બનાવવું અતિ આવશ્યક છે, સમયનો તકાજો છે.

સમાજના ગણમાન્ય રૂડા નામધારી મોભીઓનાં પ્રેરક બળ અને આશિર્વાદથી નજીકના ભવિષ્યમાં સેતુની લંબાઈ - પહોળાઈ અને ઊંચાઈ વધારવા સંચાલકોની અભિલાષા છે. સેતુનો હેતુ માત્ર ને માત્ર આપણી સુવર્ણ જ્ઞાતિ, સેતુનાં માધ્યમથી સર્વ રીતે સક્ષમ અને મજબૂત બને, એવા ઉચ્ચ આદર્શની ભાવના સેતુનાં પાયામાં રહેલી છે. સેતુ અન્ય મિડીયાની માફક કમાણી કે ધંધાનું સાધન નથી. સેતુ સમાજની સાધના છે.

આપણા ગ્રામ્ય કે શહેરનાં નાના મોટા સંગઠનો, મહિલા કે યુવા પાંખના કોઈપણ સમાજ ઉપયોગી કાર્યકર્તા આપણા અગ્રણીઓ, હોદ્દેદારો અને કાર્યકરોએ આવતા વર્ષની શરૂઆતથી જ (જાન્યુઆરી-૨૦૦૮) જ ગ્રાહક ઝુંબેશ શરૂ કરી, આપણે સેતુનો વ્યાપ વધારવા કટીબધ્ધ થવું પડશે.

માટે સેતુને આજીવન અપનાવી આપણે જ આપણા અરસપરસ સેતુ બનવું પડશે અને જમાના સાથે તાલમેલ સાધી વધુ સંગઠીત થઈ, આપણે ઉન્નતિનાં શિખરો સર કરીએ એ જ અભ્યર્થના. જય જ્ઞાતિગંગા.

***પી. જી. સોની 'દાસ', માનદ્ સંયોજક - કચ્છ, મો. ૯૯૭૯૬ ૭૨૪૦૭***

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

ગત અંકમાં પૂછાયેલ પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે : **(૧) તામિલનાડુ, (૨) ઝારખંડ, (૩) ચિકનગુનીયા**

સાચા જવાબો આપનાર મિત્રો છે : (૧) સોની કૃપાલી ગોરધનદાસ-માધાપર, (૨) જીગીશા ડી. સોની-અંજાર, (૩) છત્રાળા દામિની નરોત્તમભાઇ-અંજાર, (૪) જલ્પા આઇ. સોની-માંડવી, (૫) છત્રાળા રોહન મહેન્દ્રભાઇ-અંજાર, (૬) બુધ્ધભટ્ટી હેરત મનેશભાઇ-ભુજ, (૭) મહિમા મનીષકુમાર બારમેડા-મોડાસા, (૮) શીતલ કમલેશભાઇ પોમલ-ભુજ, (૯) વિદુલા મનોજ બારમેડા - ભુજ, (૧૦) પોમલ ફોરમ સુરેશભાઈ - અંજાર.

જે પૈકી ભાગ્યશાળી વિજેતા છે : **રોહન મહેન્દ્રભાઈ છત્રાળા - અંજાર** તેમને રૂા. ૧૦૧/-નું ઈનામ **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી આપવામાં આવે છે. અભિનંદન.

***હવે આ અંકના પ્રશ્નો નીચે મુજબ છે :***

૧. પૃથ્વી પરનું કયું કાલ્પનિક વૃત્ત કચ્છમાંથી પસાર થાય છે?
(૧) કર્કવૃત્ત, (૨) મકરવૃત્ત, (૩) વિષુવવૃત્ત

૨. કોર્ણાકનું સૂર્યમંદિર કયા રાજ્યમાં આવેલું છે ?
(૧) ગુજરાત (૨) મધ્ય પ્રદેશ (૩) ઓરીસ્સા

૩. આગામી ઓલિમ્પિક સ્પર્ધા કયા દેશમાં યોજાશે?
(૧) દ. કોરીયા, (૨) ચીન, (૩) જાપાન.

## હસતા રહેજો....

***લિ. : મનોજ એન. બારમેડા-ભુજ***

મમ્મી (મીનુને) :- મીનુ બેટા, તને કઇ સ્કૂલ સૌથી વધારે ગમે?

મીનુ : મમ્મી જે સ્કૂલ હમેશા બંધ રહે એવી સ્કૂલ મને વધારે ગમે.

☺ ☺ ☺ ☺ ☺

જજ (ચોરને) : તારા ઉપર બાઇક ચોરવાનો જે આરોપ હતો તે સાબિત નથી થયો એટલે તને છોડી દેવામાં આવે છે.

ચોર (ખુશ થઇને) : જજ સાહેબ, એનો મતલબ એને કે હવે એ બાઇક મારૂં થઇ ગયું?

☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટર (રામુને) : બે વરસ પહેલા તુ બે સિક્કા ગળી ગયો હતો અને તે કાઢવા છેક હવે તું આવે છે?

રામુ :- ડૉક્ટર સાહેબ, એ સમયે મને પૈસાની જરૂર નહોતી.

☺ ☺ ☺ ☺ ☺

ગઇરાત્રે મેં મચ્છરોને ઉલ્લુ બનાવ્યા. કેવી રીતે?

પલંગમાં મચ્છરદાની લગાવીને હું બહાર સૂતો!

## માનસી બાળ 'શબ્દ કસોટી'

ગત અંકના સાચા જવાબો આ મુજબ છે : ***આડી ચાવીઓ :*** (૧) આપઘાત, (૫) પાક, (૯) તટસ્થ, (૪) હેમ, (૬) ભાત (૧૧) જમાઇ ● ***ઊભી ચાવીઓ :*** (૧) આસપાસ, (૩) ભીમ, (૯) રમા, (૨) ધાણી, (૬) ભારત, (૧૦) ટન

***સાચા જવાબ આપનારા મિત્રો છે :*** (૧) પોમલ શીતલ કમલેશભાઇ-ભુજ, (૨) માનસી ડી. કોટડીયા-માંડવી, (૩) જીગીશા ડી. સોની-અંજાર, (૪) રોહિણી ભરત બુધ્ધભટ્ટી-ભુજ, (૫) જાગૃતિ નીતેશ બુધ્ધભટ્ટી-ભુજ, (૬) તોરલ ડી. કોટડીયા-ભુજ, (૭) મૈયા યોગેશ ગોરધનદાસ-માધાપર, (૮) છત્રાળા શિવાંગી મહેન્દ્રભાઇ-અંજાર, (૯) બુધ્ધભટ્ટી હેરત મનેશભાઇ-ભુજ, (૧૦) મહીમા મનીષકુમાર બારમેડા-મોડાસા

જે પૈકી **મૈયા યોગેશ ગોરધનદાસ (માધાપર)** ભાગ્યશાળી વિજેતા જાહેર થયા છે. તેમને રૂા. ૧૦૧/-નું ઈનામ મની ઓર્ડરથી મોકલવામાં આવશે. હવે આ અંકની કસોટી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | ■ | ૩ | ૩ |
| ૫ | | | ૬ | ■ | |
| | ■ | ■ | ૭ | | |
| ૮ | | ૯ | | ■ | ■ |
| | ■ | | ■ | ૧૦ | ૧૧ |
| | ■ | ૧૨ | | | |

ઉપરોક્ત શબ્દ ચોકઠા અને આડી-ઊભી ચાવીઓના આધારે યોગ્ય શબ્દો શોધી આપનો જવાબ ***<u>તા. ૩૧-૧-૨૦૦૮</u>*** સુધીમાં 'જ્ઞાતિસેતુ' કાર્યાલયમાં મોકલાવી આપશો. આગામી અંકમાં પ્રકાશિત ઉકેલ સાથે જેમના જવાબ મળતા હશે તેમના નામ 'સેતુ'માં પ્રકાશિત થશે. ભાગ્યશાળી વિજેતાને સ્વ. માનસીની સ્મૃતિમાં રૂા. ૧૦૧/-નું ઈનામ પણ આપવામાં આવશે. તો થાવ તૈયાર....

### આડી ચાવીઓ

૧. રાજ કરે તે (૨) ૩. દયા, ઉપકાર (૨)
૫. પીળા રંગનું રત્ન (૪) ૭. સરોવર (૩)
૮. કેદી (૪)
૧૦. જેનાથી વ્યક્તિ ઓળખાય છે (૨)
૧૨. ધૂળ માટીનો નાનો અંશ (૪)

### ઊભી ચાવીઓ

૧. ભસ્મ (૨) ૨. થોડું, અલ્પ (૨)
૪. સાડીનો છેડો (૩) ૫. ગાંધીજીનું જન્મસ્થળ (૫)
૬. સાચવણી, જાળવણી (૩) ૯. કપિ, મર્કટ (૩)
૧૦. શરીરનું એક અંક (૨) ૧૧. વજનનું એક માપ (૨)

# કાવ્યો

## 'શ્યામળા ગોપાલની યાદ'

અષાઢે અંબર ગાજે,
સખી, અષાઢે અંબર ગાજે,
આજ રાધાને શ્યામ યાદ આવે,

સુનુ ગોકળિયું ને સુનું વૃંદાવન
સૂના યમુનાના કિનારા,
તારા વિના રાસ ગમે નહિ,
ક્યાં છો ઓ નંદના દુલારા
વા'લા વ્રજની વાટું સૂની લાગે.

મહીની મટુકડી માથે મૂકીને
મથુરાને મારગડે ચાલી
કદમ્બથી કોકરી એકે ના લાગી
વેણે મધુરી ના લાગી!
હવે મહીડાનાં દાણ કોણ માગે?

ગરજે છે મેઘને ચમકે છે દામિની,
મલ્હાર મોરલાં પુકારે,
ઘેરી ઘેરી વાદળી વરસે અષાઢી
રાધાની ચુંદડી ભીંજવે
કોઇ શ્યામલા ગોપાલનો સંદેશો લાવે.

*- વિદુલા કે કટ્ટા (આદીપુર)*

## નસીબનો પ્રેમ

કોણ જાણે છે આ દુનિયામાં
કોણ છે કોના નસીબનો પ્રેમ?
કોઇના નસીબ છે ઊંચા તો
કોઇના નસીબ છે નીચા
કોઇ છે હિન્દુ તો કોઇ છે મુસ્લિમ
છતાંય કુદરતે રચેલ આ સૃષ્ટિ પર
કોણ જાણે છે કોના નસીબનો પ્રેમ ?
જે કોને કોને મલાવે અને
કોને કોને કરે છે જુદાં છતાંય
એમાંય પણ રહેલું હોય છે સારું
કોઇ જોય છે રૂપવાનને
કોઇ જોય છે ગુણવાનને
પણ જાણનારો તો એક જ છે,
સૌના મનને આ દુનિયામાં જે
બનાવે છે હર એક વ્યક્તિના,
આખી જીંદગીના નસીબનો પ્રેમ

*- જાનકી ઘનશ્યામભાઇ બારમેડા - ભુજ*

## 'ખામી'

જીવનમાં તારી ખામી વર્તાય છે
જીવું છું તારી ખુશી માટે
ખુશ છું તારી ખુશી માટે
ક્ષણે ક્ષણે તારી ખામી વર્તાય છે મને
મારા રક્તની દરેક બુંદમાં તારું નામ છે
તું ક્યાં છે ? શોધું છું, પણ મળતા નથી
આંખ બંધ કરૂં છું, તો દેખાવ છો તમે
ખોલું છું તો સપનું થઇ જાવ છો,
ક્ષણે ક્ષણે તારી ખામી વર્તાય છે મને,
હું બેવફા છું તેની મને ખબર છે.
બેવફા થઇ ને તારી ખુશી માટે
કદાચ વફા કરી છે મેં.
પણ....! તારા ગયા બાદ,
જીવનમાં તારી ખામી વર્તાય છે મને,
તું ખુશ છે કે નથી એની ખબર નથી મને,
પણ હું ખુશ છું તારી અને ખુશ રહીશ
તારી યાદ સાથે
ક્ષણે ક્ષણે તારી ખામી, વર્તાય છે મને,
ખબર નથી મને
હવે તું મને મળીશ કે નહીં,
પણ એટલી ખાતરી જરૂર છે મને
કદાચ.....! આવતા જનમમાં જરૂર મળીશ મને,
ક્ષણે ક્ષણે તારી ખામી વર્તાય છે મને,
જીવનમાં તારી ખામી વર્તાય છે મને

*દમયંતી વ્રજલાલ મટાયા (દેવી), માધાપર, ભુજ, કચ્છ.*


## ખબર નથી...?

*ફૂલ સમા હસતા રહેજો,*
*જીંદગી કેટલી ટૂંકી છે,*
*તે ખબર નથી...?*
*દુઃખ પડે તો રડતા નહીં,*
*જીંદગી કેટલી લાંબી છે,*
*તે ખબર નથી...?*
*આવે છે સુખ એક પલનું જીવનમાં,*
*ક્યારે જતું રહેશે તે ખબર નથી...?*
*દુઃખ હોય છે બે પલનું જીવનમાં*
*ક્યારે જતું રહેશે તે ખબર નથી...?*
*પ્રેમ તો એક પલ છે સુખ દુઃખનો,*
*ક્યારે આવી જાય છે,.*
*તે ખબર નથી...!*
*માટે જ કહે છે 'હની'*
*હસતા રહેજો જીવનમાં,*
*એક જ પલનું છે મોત,*
*ક્યારે આવી જશે તે ખબર નથી...!*

*હની કમલેશકુમાર કટ્ટા - નખત્રાણા*

# અભિનંદન

## કોટડા (જડોદર) કચ્છની યુવા પ્રતિભા



★ કોટડા (જ.) કચ્છમાં રહેતા **કોટડીયા કલ્પેશકુમાર મોહનલાલ સોની.** જેઓ હાલે જે.પી. ગ્રુપ ઓફ કંપનીઝની અંજન સિમેન્ટ કંપનીમાં જુ. સિવિલ ઈજનેર તરીકે સર્વિસ કરે છે. તેઓએ DCEની પદવી ડીસ્ટીંક્શન ગુણ સાથે પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ કરી મેરીટ સ્કોલરશીપ મેળવેલ છે. અભ્યાસકાળ દરમ્યાન હમેશાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા પછી સિવિલ વિભાગમાં ઉજ્જવળ કારકીર્દી માટે લાયન્સ ક્લબ તેમજ એ.ડી. મહેતા કન્સ્ટ્રક્શન કંપનીમાં પ્રશંસનીય કામગીરી કરી. કોટડા (જ) પંચ કલ્યાણ મંડળ તરફથી તેમું જાહેર અભિવાદન કરવામાં આવેલ. ક્રિકેટ અને વાંચનના શોખીન એવા કલ્પેશભાઇ કોટડીઆ ના પિતાશ્રી કોટડા (જ)ની માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે સેવા આપે છે. કલ્પેશભાઇ પોતાના મિતભાષી સ્વભાવથી અધિકારી વર્ગમાં ખૂબજ આદર ધરાવે છે તેઓને સેતુ પરિવારના હાર્દિક અભિનંદન.

★ **શ્રી હની શૈલેષકુમાર કંસારા,** જેઓ મિકેનીકલ એન્જીનીયર થયા છે અને વિકાસ એન્જીનીયર્સ - અમદાવાદમાં વર્કશોપ સુપરવાઈઝર તરીકે જોડાયા હતા, એમને વિશ્વવિખ્યાત 'સુઝલોન' કંપનીએ ટ્રેઈની એન્જીનીયર તરીકે નિમણુંક કરેલ છે.


શ્રી હનીભાઈ ખૂબ ખૂબ પ્રગતિ કરે તેવી સેતુ પરિવારની શુભેચ્છાઓ.

## મોરના ઇંડા ચીતરવાં ન પડે




કોટડા (જ) કચ્છના કલ્પેશકુમાર મોહનભાઇ કોટડીયાના સુપુત્ર **ચિ. હેતકુમાર** હાલે અંગ્રેજી મીડિયમની સેંટ ઝેવિયર્સ સ્કુલ નખત્રાણામાં LKG માં અભ્યાસ કરે છે. ફક્ત ત્રણ વર્ષની ઉંમરે તેઓએ આ પરીક્ષા ૯૫% ગુણ સાથે પ્રથમ ક્રમાંકે પાસ કરેલ છે. તેઓ આટલી નાની ઉંમરે પણ ઘરના સંસ્કારોના સહારે ગીતાના શ્લોકો, ગાયત્રી મંત્ર દ્વાદશ જ્યોતિર્લિંગ સાથે દસ જેટલી અંગ્રેજી કવિતાઓ અને વાર્તાઓ કડકડાટ બોલે છે. કોમ્પ્યુટર માઈન્ડ ધરાવતા આ બાળકની પ્રતિભા દાદ માંગી લે તેવી છે. સ્વચ્છતાના આગ્રહી, વસ્તુને યોગ્ય જગ્યાએ મુકવી તેમજ નિયમિતતાના ગુણો લોહીમાં વણાયા હોય તેવું લાગે છે.

## બગ્ગા કુટુંબનું ગૌરવ



★ **સોની વિનયકુમાર ભરતભાઇ (બગ્ગા)** કે જેઓએ ચાલુ વર્ષે અમદાવાદની SLIM કોલેજમાંથી MBAની ડિગ્રી ઉચ્ચ ગુણવત્તા સાથે પસાર કરી. કોલેજ કેમ્પસમાંથી સિલેક્ટ થઇ હાલમાં અમદાવાદ ખાતે ICICI Prudential Mutual Fund વિભાગમાં નોકરી મેળવેલ છે. તેઓ આપણી જ્ઞાતિના અખિલ કચ્છ મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ, ગાંધીધામના પ્રમુખશ્રી ભરતભાઈ તુલસીદાસ બગ્ગાના પુત્ર છે. જેઓ ખુદ પણ ગાંધીધામ ખાતે ઈન્કમટેક્ષ કચેરીમાં પોતાની સેવા આપે છે. વિનય બગ્ગાને સેતુ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.



★ **શાલીન જે. સોની - અમદાવાદ,** Aloha Maths Class Level-2ની પરીક્ષામાં ૮૫% ગુણ મેળવી ઉત્તીર્ણ થયા છે.

## 'હસો નહીં તો મારા સમ'

ગ્રાહક કનુ (સોનીને) : તમે તમારી દુકાનમાં આટલી બધી ઠંડક કેમ રાખી છે?

સોની : ઘરેણાની કિંમત સાંભળીને ગ્રાહકોને પરસેવો ન આવે એટલા માટે અમે એ.સી. ફૂલ રાખીએ છીએ.

***જીગર હિંમતલાલ સોની - વિથોણ, કચ્છ***

## બાળ ગીત

*બટેટું ટ્રેનમાં બેઠું,*
*બટેટું ટ્રેનમાં બેઠું.*
*સામેથી ટી.ટી. આવ્યા*
*ટી.ટી. એ ટિકીટ માગી*
*બટેટુ રડવા લાગ્યું, બટેટું રડવા લાગ્યું*
*સામેથી પોલીસ આવ્યા*
*પોલીસે ડંડા માર્યા*
*પોલીસે ડંડા માર્યા*
*બટેટું નાચવા લાગ્યું*
*બટેટું નાચવા લાગ્યું.*

***પોમલ હીનલ પ્રકાશભાઇ - અંજાર (કચ્છ)***

# "જ્ઞાતિ-સેતુ" પરિવારમાં નવા જોડાયેલા સભ્યોની યાદી

*દેશના વિવિધ વિસ્તારોમાંથી તથા વિદેશમાંથી સેતુ પરિવારમાં જોડાઈ રહેલ સર્વે જ્ઞાતિજનોને અમો સહર્ષ આવકારીએ છીએ.*

| | | |
|---|---|---|
| ૧. | લાયચા કરશનદાસ તુલસીદાસ | આદિપુર |
| ૨. | સોની કાંતિલાલ ભાઈલાલ | અંધેરી-ઈસ્ટ |
| ૩. | હેડાઉ ચંદુલાલ કાનજીભાઈ | અંજાર |
| ૪. | કિશોર મોહનલાલ બુધ્ધભટ્ટી | અંજાર |
| ૫. | સોની જગદીશચંદ્ર રમણિકલાલ | અંજાર |
| ૬. | સોની વસંતકુમાર લાલજી | બળદીયા |
| ૭. | અનિલ કાંતિલાલ બારમેડા | ભુજ |
| ૮. | અનિલકુમાર મોતીલાલ બીજલાણી | ભુજ |
| ૯. | ભરત નરોત્તમ બારમેડા | ભુજ |
| ૧૦. | બિપીનચંદ્ર શિવજી બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧૧. | નવીનચંદ્ર જેઠાલાલ બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧૨. | ચંદ્રકાંત ઓધવજી બારમેડા | ભુજ |
| ૧૩. | દિનેશભાઈ આર. છત્રાળા | ભુજ |
| ૧૪. | ગુજરાતી પરેશ ચમનલાલ | ભુજ |
| ૧૫. | હીરાલાલ જી. સોની | ભુજ |
| ૧૬. | ઈશ્વરલાલ વાલજી હેડાઉ | ભુજ |
| ૧૭. | જયંતીલાલ મોતીલાલ બારમેડા | ભુજ |
| ૧૮. | મુળજી નાનાલાલ કટ્ટા | ભુજ |
| ૧૯. | પોમલ દયારામ મગનલાલ | ભુજ |
| ૨૦. | આર. વી. પોમલ | ભુજ |
| ૨૧. | શિવલાલ હંસરાજ બીજલાણી | ભુજ |
| ૨૨. | સોની છગનભાઈ પ્રેમજી | ભુજ |
| ૨૩. | સોની હીરાલાલ દેવશી | ભુજ |
| ૨૪. | સોની કિશોરભાઈ જટુભાઈ ચનાણી | ભુજ |
| ૨૫. | સોની શિશિર અમૃતલાલ હેડાઉ | ભુજ |
| ૨૬. | સોની વિક્રમ એસ. | ભુજ |
| ૨૭. | વિશનજી ઓધવજી બુધ્ધભટ્ટી | ભુજ |
| ૨૮. | સોની વિનોદકુમાર શાંતિલાલ | દહીંસરા |
| ૨૯. | સોની રસીકભાઈ ડુંગરશી | દેશલપર |
| ૩૦. | રવજીભાઈ કરમશી સોની | ઘડાણી |
| ૩૧. | સોની ધરમશી શિવજી | ઘડાણી |
| ૩૨. | સોની શાંતિલાલ વિશ્રામ | ઘડાણી |
| ૩૩. | સોની ભગવાનજી કાનજી | ગઢશીશા |
| ૩૪. | સોની નીલેશકુમાર અમૃતલાલ | ગઢશીશા |
| ૩૫. | કંસારા અશ્વિનભાઈ હરેશભાઈ સોલંકી | ગોંડલ |
| ૩૬. | કંસારા ચેતનભાઈ અનંતરાય | ગોંડલ |
| ૩૭. | રમેશ એચ. પરમાર | હૈદ્રાબાદ |
| ૩૮. | અન્નપૂર્ણા ટીમ્બર માર્ટ | ઈંદોર (મ.પ્ર.) |
| ૩૯. | શ્રીજી વાસણ ભંડાર | જામજોધપુર |
| ૪૦. | દલસુખભાઈ કરશનદાસ ખાસી | જામનગર |
| ૪૧. | જયરામ સોની | જેતપુર |
| ૪૨. | સોની નરભેરામ દેવજી | ઝઘડીયા |
| ૪૩. | ચંદ્રબાળાબેન જગદીશ બુધ્ધભટ્ટી | કલોલ |
| ૪૪. | સોની ગોવિંદજી લાલજી | ખોંભડી મોટી |
| ૪૫. | સોની ધનજીભાઈ હરીદાસ | કોઠારા |
| ૪૬. | સોની મોહનલાલ મનજીભાઈ | કોઠારા |
| ૪૭. | સોની નાનાલાલ દામજી પોમલ | કોઠારા |
| ૪૮. | બુધ્ધભટ્ટી જગદીશ કેશવલાલ | માધાપર |
| ૪૯. | સાકરીયા પ્રાણલાલ ધનજી | માધાપર |
| ૫૦. | સોની મનસુખલાલ શિવજીભાઈ | માધાપર |
| ૫૧. | કોટડીયા અશોકકુમાર ટી. | મહેસાણા |
| ૫૨. | બુધ્ધભટ્ટી મુકુંદ નાનજી | માંડવી |
| ૫૩. | સોની જેઠાલાલ પ્રાગજી | મંગવાણા |
| ૫૪. | સોની ભાઈ નારાણજી | મથલ |
| ૫૫. | સોની ખીમજી વલ્લભજી | મથલ |
| ૫૬. | સોની જગદીશ કાનજી કટ્ટા | નાગપુર |
| ૫૭. | સોની દિનેશકુમાર જેઠાલાલ | નખત્રાણા |
| ૫૮. | સોની લક્ષ્મીદાસ કેશવજી કટ્ટા | નખત્રાણા |
| ૫૯. | સોની ઝવેરલાલ ખેંગાર | નલીયા |
| ૬૦. | સોની રસીકભાઈ વાલજીભાઈ | નાના અંગીયા |
| ૬૧. | સોની દિલીપકુમાર રમેશચંદ્ર | નેત્રા |
| ૬૨. | સોની મુળજી રતનશી બારમેડા | નેત્રા |
| ૬૩. | શ્રી રામ સૉ મિલ | પરતવારા (મ.પ્ર.) |
| ૬૪. | વિજયકુમાર સોની | રાયગઢ (મ.પ્ર.) |
| ૬૫. | અશોકભાઈ સોની | રાયપુર |
| ૬૬. | સુરેશભાઈ દેવરામ બુધ્ધભટ્ટી | રાજકોટ |
| ૬૭. | સોની રમણિકલાલ ખીમજીભાઈ | રામપર વેકરા |
| ૬૮. | સોની દામોદર હીરાલાલ | રસાલીયા |
| ૬૯. | શાંતિલાલ મુલજી સોની | રવાપર |
| ૭૦. | સોની ડુંગરશી હરીરામ | રવાપર |
| ૭૧. | કૃષ્ણભાઈ કંસારા | શિહોર |
| ૭૨. | સોની ખેંગારભાઈ વિશનજી | વિથોણ |
| ૭૩. | સોની શાંતિલાલ દેવજી | વિથોણ |

Printed & published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at Kankeshwari Offset, Raipur Darwaja, Bhutni Ambli, Ahmedabad-380 001. Published at Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor :Shri Hansraj Kansara. Price : Rs. 20.00